પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૬ ॥

ॐ
नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्व साहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ


શ્રી તાલધ્વજ ગિરિ
શ્રી સુમતિજિન
પૂર્વ
વિમલાચલ
શ્રી ઋષભદેવ
ઉત્તર
કદંબગિરિ
શ્રી મહાવીર પ્રભુ
દક્ષિણ
મધુપુરી
પશ્ચિમ
શ્રી નેમીશ્વર
રૈવતાચલ
ooo
ગુપ્ત શિખર મસ્તક
હસ્તિસેન બાહુ
સિદ્ધગિરિ શરીર
તાલધ્વજ બાહુ
શમ-દમ-શત્રુંજયા નદી
ધ્યાનયોગ કદમ્બગિરિ
'જ્યોતિધામ - અંતરાત્મા'

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૬ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## ☐ VOLUME - 16

February 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER


© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust

Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# બુંદ-બુંદમાં નવકાર... જાણે આખું પૃથ્વીતલ નવકારમય!



પૂજ્યશ્રીની ડાયરીઓમાં રહેલ નવકારની અનુપ્રેક્ષાઓનાં એકધારા ચિંતનથી એકદા અદ્રશ્ય પ્રેરણા થઈ, તે અનુસાર ગત સંવત્સરીના દિવસે ૭ સંકલ્પો સાથે બારસાસૂત્રનાં પઠન દરમ્યાન જ શુભમુર્હૂર્તે ચતુર્વિધ સંઘમાં સૌએ એક માળા ગણતાં કુલ ૧ કરોડ ૬૪ લાખ નવકાર એક જ સમયે ગણાયા. ઉપરાંત બીજા ૫૦ લાખ જેવા ગણાયા હોઈ શકે તેવો અંદાજ છે.

દેશ-પરદેશમાં એક જબ્બર જુવાળ ઉપડેલો. અનેક આત્માઓને એ ઘડીએ વિવિધ અનુભવો થયા, તેમાં એક ભાવુકની અનુભૂતિ તો રોમાંચ ખડા કરી દે તેવી છે, તે તેમના જ શબ્દોમાંઃ ‘‘શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધ નમસ્કાર મહામંત્રની સંવત્સરીના દિને આરાધના થઈ. એના પ્રભાવે પ્રભાતે એક વિઝન આવ્યું. આકાશમાંના બહુ મોટા કાળા-કાળા વાદળોમાંથી જલના સોનેરી બિંદુ વરસી રહ્યા હતા. અંદર જોયું તો એ દરેકમાં નવકાર દેખાઈ રહ્યો હતો, જેમાંથી સોનેરી પ્રકાશ નીકળી રહ્યો હતો. આ બુંદની સેર મારા શરીર ઉપર પડી રહી હતી અને મારૂં આખું શરીર નવકારમય થઈ રહ્યું હતું. એ કાળા વાદળો આગળ જઈને આખા પૃથ્વીતલને નવકારથી પાવન કરી રહ્યા હતા. એમ ધીરે-ધીરે આખી જીવસૃષ્ટિ જાણે નવકારમય થઈ ગઈ.’’

આ અનુભૂતિ આપણને સૌને પણ નવકારના અક્ષરો દ્વારા ક્ષર એવા શરીરથી પરનું એવં અ-ક્ષર એવા આત્માનું પ્રભુત્વ પ્રકટ કરાવનાર બની રહો. પૂજ્ય સાહેબજીનું એક અદ્‌ભૂત ચિંતન વાંચવામાં આવ્યું, જે તેઓની અંતઃસ્થલની ઉંડાઈને બતાવે છેઃ

'તત્ત્વ કે સત્ય પોતે કાંઈ બદલાતું નથી. લાખ વર્ષ ઉપર હતું તેવું જ આજે છે, લાખ વર્ષ પછી પણ તેવું જ રહેશે, પરંતુ સત્યને જોવાનું કામ જે આંખથી થાય છે, સમજવાનું કામ જે મગજથી થાય છે, સ્પર્શનું કામ જે અંતઃકરણથી થાય છે, તે બધા અંગો અને અવયવોનું સ્વરૂપ કાંઈ હંમેશા એકસરખું રહેતું નથી.'

એ કલ્પના કરવી પણ અઘરી છે કે આવા હૃદયસ્પર્શી ચિંતનોનું આલેખન કરતી વખતે સાહેબજીના હૃદયમાં કેવા શુભભાવો ચાલતા હશે!

કોણ કહે છે આ કાળમાં કલ્પતરુ ન હોય? અવસર્પિણીના પ્રથમ ૩ આરામાં જે ૧૦ જાતનાં કલ્પવૃક્ષો ઈચ્છિત ફળને આપનારા થાય છે, તેમાનાં દીપશિખાંગ (અંધકારમાં પ્રકાશ દેનારા), જયોતિષિકાંગ (તેજ અર્પી પરિસર દેદિપ્યમાન કરનાર) તથા અનિયત (કોઈપણ જાતની ખૂટતી વસ્તુને આપનારા) પ્રકાશનાં કલ્પવૃક્ષો જ જાણે આ પંચમઆરામાં પણ આ હસ્તાક્ષરો રૂપે ફળી રહ્યા હોય તેવું અનુભૂત થાય છે.

આટલા અમૂલ્ય વૉલ્યુમોને પ્રકાશિત કરવા માટે આર્થિક શ્રેય જાય છે અમારા પૂજ્ય ગુરુદેવ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના પરમ ભકત શ્રાવક મુંબઈનાં શ્રી **સી.કે.મહેતા**ને. તેમની અસીમ ઉદારતાથી જ આ ગ્રંથરત્નો આપણા હાથમાં દર મહિને આટલા પ્રવેગથી અને પ્રેમથી પહોંચી રહ્યા છે.

હાં... એ જીર્ણ-શીર્ણ ડાયરીઓનાં છૂટા પડેલા પાનાઓના દરેક અક્ષરોને સેટ કરીને આવી સુઘડ રીતે તૈયાર કરાવી રહ્યા છે રાજકોટનાં અમારા સુશ્રાવક શશીકાંતભાઈ મહેતાનાં સુપુત્ર દિપકભાઈનાં ધર્મપત્ની **ભારતીબેન,** જેઓ ૩૦-૩૦ સહયોગી પાસે કલાકો સુધી કામ કરાવે છે અને પોતે તો ૨૪ કલાક આ જ ભાવો અને લેશ્યામાં રહીને આ અક્ષયપાત્રો જેટ સ્પીડે બહાર પાડતા જાય છે.

હસ્તાક્ષરમાં વીંટાયેલાં તત્ત્વરુપી આ કલ્પવૃક્ષો સૌને ફળો તેવી પ્રાર્થના.

ફેબ્રુઆરી, ૨૦૧૯
**હાલાર તીર્થ, આરાધનાધામ.**

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

## અક્ષયપાત્રનાં ગર્ભગૃહમાં તત્ત્વદીપક...



એક પ્રાચીન સ્થાપત્ય સમાર્જન પામીને નૂતન પરિવેશ ધારણ કરે, ત્યારે ય એનાં શિલાલેખ તો મૂળ જ રહે છે, તે રીતે પૂજ્ય ગુરુમહારાજની રોજનીશીઓની આ પ્રશસ્તિપરક સમ્યક્જ્ઞાનચંદ્રિકા સમી મૂળ અક્ષરશ્રુતિ યથાતથ રખાઈ રહી છે તેનો ગહન આનંદ છે. એનું પઠન કરતાં જનશ્રુતિ એવી રહે છે કે આવી મોક્ષમાર્ગ પ્રકાશક વાણી કઈ રીતે ૪૦/૪૫ વર્ષ પર્યંત સંદુકોમાં બંધ રહી શકી? કિન્તુ એનો ઉત્તર એક જ જડે છે કે... આપણું જ પુણ્ય જાગૃત થવામાં ક્વચિત્ થોડી વાર હતી!

નાનકડી કેડી જોતજોતામાં રાજમાર્ગ બનતી દેખાય છે દર મહિને રોજનીશીઓમાંથી બનતા જતા આ અક્ષયપાત્રો જોઈને. તેનાં ગર્ભગૃહનાં નાનકડા તત્ત્વદીપકને છોડીને હવે વિશ્વનાં ઝળાંહળાં સુખનાં પડછાયામાં વિહરવાનું ક્યાંથી ગમે?

જો સત્ય માટે નોબેલ પ્રાઈઝ આપવાનું થાય તો એક અપાવું જોઈએ અરીસાને અને બીજું આ રોજનીશીઓને, જેના અનુભૂતિકાર આલેખક સત્યનાં જ ઉપાસક હતા.

એ ઉપાસનાનું અનુસંધાન સૌને પહોંચાડવાનાં આ યજ્ઞમાં મારું અંશતઃ તર્પણ સ્વીકાર્યું, તેથી ઉપકૃત્ય થયો છું. હવે અવધારણ કરીને આત્મસાત્ કરી શકીએ તેઓની જેમ જીવમૈત્રી એવં જિનભક્તિની ભાવના તેવી અભ્યર્થના.

ફેબ્રુઆરી, ૨૦૧૯
મુંબઈ

સી. કે. મહેતા









વિજ્ઞાનશીલે! વસ શારદે! ત્વં,
અજ્ઞાનપૂર્ણે મમ માનસે ચ ।
અન્ધીકૃતં વાસનયા મદીયં,
ચિત્તં ચલં શીઘ્ર નયામિ ભૂતમ્ ॥

કારતક સુદ-૪

જીવનમાં સંઘર્ષ મટાડીને સંવાદિતા પ્રગટાવનાર અને
પ્રાપ્ત કરવા જેવા કંઈ ગુણ હોય, તો તે હૃદયનું આરોગ્ય,
બુદ્ધિની તેજસ્વિતા અને હૃદયનાં - આત્માનાં ગુણ છે.
એની આગળ ધન, સત્તા, કીર્તિ વગેરે તુચ્છ - નિઃસાર છે.

જેમ વાચનચિંતન, અભ્યાસ અને અનુભવ વધે,
તેમ મનની શક્તિઓ વિકાસ પામે.
હૃદયના ગુણ પ્રેમ, કરુણા, ઉદારતા, પ્રસન્નતા,
એ બધા આત્માની શક્તિઓ છે.
આ શક્તિઓ અથવા ગુણો દ્વારા
શરીર અને મનની શક્તિઓ કલ્યાણકારી બને છે.
પરમાનંદની પ્રાપ્તિ પણ આ ગુણ દ્વારા થાય છે.
શરીર ભાંગી જાય કે બુદ્ધિનું તેજ ઓછું થઈ જાય,
તો પણ આ શક્તિમાં ઓછપ આવતી નથી.

આપણા પોતાનાં જ

સંકલ્પ, ઇચ્છાશક્તિ, વિચારોનું વિદ્યુત, ભગીરથ પુરુષાર્થ
અને પ્રગટેલો આત્મવિશ્વાસ ઉત્તમ ફળ આપે છે.

શ્રદ્ધા, વિશ્વાસ અને સંકલ્પ
એ જ મંત્રના મૂળમાં મુખ્ય ભાગ ભજવે છે.

બોલાતા શબ્દોથી હવામાં આંદોલનો પેદા થાય છે અને
આંદોલનો આપણા મગજ ઉપર અસર કરે છે.
શબ્દ સ્થૂળ નહિ, પણ સૂક્ષ્મ હોય ત્યારે 'અનાહત'
તરીકે ઓળખાય છે. એને 'સંકલ્પ' પણ કહેવાય છે.
સાચી રસસિદ્ધિ તો નાડીચક્રો ઉપરનો કાબૂ જ છે.

મનુષ્યની જે જે શક્તિઓ પ્રગટ હોય છે,
તેનો જ આપણે સ્વીકાર કરીએ છીએ અને
અપ્રગટ શક્તિઓ વિષે શંકા ધરાવીએ છીએ.
પ્રગટ અને અપ્રગટ વચ્ચેનો ભેદ
આપણી સભાન અવસ્થાની મર્યાદાને લીધે જ દેખાય છે.
જ્ઞાત અને અજ્ઞાત એ બન્ને
એક જ વસ્તુની નિરાળી અવસ્થાઓ છે.

શક્તિની એક વિશાળગંગા આપણા અંદર અહોરાત્ર વહે છે,
છતાં એક નાનું વહેળિયું (વહેણ) જ બહાર જોઈએ છીએ.
ભૂત, વર્તમાન અને ભાવિ એ ત્રણે અવસ્થાઓનો સળંગ
અનુભવ કરવાની ગુપ્તશક્તિ દરેકની અંદર રહેલી છે,
પરંતુ આપણું જીવન એટલું બધું બાહ્યમુખ અને
અશાંત છે કે જે વસ્તુ છે તે નથી એ રૂપે લાગે છે.
આવી એક ગુપ્તશક્તિનું નામ છે clairvoyance.

clairvoyance એટલે દિવ્યદૃષ્ટિ.

ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેને સાંધનાર
જે ચેતના છે, તે વિશ્વવ્યાપી છે, સળંગ છે.
જ્યારે એકાગ્રતા સાંપડે છે, ત્યારે તેનું દર્શન સળંગ બને છે.
તેને જ 'દિવ્યદૃષ્ટિ' કહે છે.

દિવ્યદૃષ્ટિની ભીતરમાં દિવ્યશક્તિ વસેલી છે.
એ સર્વવ્યાપી શક્તિનું ઉત્થાન આપણા શરીરમાં
કેવી રીતે કરવું, તે યોગશાસ્ત્રનો વિષય છે.

ઉત્થાન કરોડરજ્જુમાંથી - વિસ્તાર હૃદયમાંથી થાય છે.

ત્રિકાળજ્ઞાનનો અનુભવ ચિત્તવૃત્તિઓના નિરોધથી થાય.

મનુષ્યની ગુપ્તશક્તિઓને દિક્-કાળનો અંતરાય નડતો નથી.

સ્થૂળ ઇંદ્રિયના બંધનવાળો જીવ, તેનું નામ 'મનુષ્ય'.
સ્થૂળ ઇંદ્રિયોના બંધન વગરનો જીવ, તેનું નામ 'પ્રેત.'
પ્રેત = પ્ર + ઇત = આગળ ગયેલો.

સોનું અને અનાજ જોખવાનો કાંટો એક હોઈ શકે નહિ,
તેમ સ્થૂળ પદાર્થવિજ્ઞાનના નિયમોને
સૂક્ષ્મ મનોવિજ્ઞાનમાં કામે લગાડી શકાય નહિ.

ઈશ્વરસાક્ષાત્કારનું દ્વાર હૃદય છે અને
દિવ્યદૃષ્ટિ ઉઘડવી એ એનું પહેલું લક્ષણ છે.

ઈશ્વર તો મનુષ્યના હૃદયમાં જ બેઠેલો છે.

તે બહાર ક્યાંય આવવાનો હતો?

<u>ઈશ્વર હૃદયગમ્ય છે, બુદ્ધિગમ્ય નહિ.</u>

યોગાભ્યાસમાં સંકોચ અને વિસ્તાર સાથે કરવાનાં હોય. વિશ્વદૃષ્ટિના વિસ્તાર સાથે અહંવૃત્તિનો સંકોચ ન કરવામાં આવે તો સાધક સુખને બદલે દુઃખ વહોરે છે.

જે <u>સાધકની વાસના શમતી નહિ,</u>
<u>તેને વિશાળ થવાનો શ્રેયસ્કર અનુભવ કદી થતો નહિ,</u>
<u>તેથી તે ફરીથી જન્મ અને મૃત્યુના ચક્રમાં પ્રવેશે છે.</u>

ભણતર-ગણતરથી આડંબર વધી જાય છે અને મનુષ્ય તથા ઈશ્વરની વચ્ચે એક દીવાલ ઊભી થાય છે.

वर्णात्मका नित्याः शब्दाः ।

<u>અર્થાત્</u>: શબ્દો વર્ણસ્વરૂપ અને નિત્ય છે.

मन्त्राणामचिन्त्य-शक्तिता ।

संप्रदाय-विश्वासाभ्यां सर्व सिद्धिः । <u>અર્થાત્</u>: મંત્રોમાં અચિન્ત્ય શક્તિ હોય છે. ગુરુ પરંપરાથી મળે તે સંપ્રદાય અને વિશ્વાસ વડે સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

विश्वास-भूयिष्ठं प्रामाण्यम् ।

<u>અર્થાત્</u>: ઘણો વિશ્વાસ હોય તે જ પ્રમાણતા છે.

શાસ્ત્રૈકગમ્યા યે હ્યર્થા ન તાંસ્તર્કેણ દૂષયેત્ ।

અર્થાત્: શાસ્ત્રના આધારે જ એટલે કે શ્રદ્ધાથી જે પદાર્થ જાણવા યોગ્ય હોય, તેને યુક્તિઓથી દૂષિત ન કરવા.

૦ કાળ નિત્યત્વને રોકે છે, કળા સર્વકર્તૃત્વને રોકે છે, રાગ (ઇચ્છા) સુખને રોકે છે, અવિદ્યા જ્ઞાનને રોકે છે, નિયતિ સ્વાતંત્ર્યને રોકે છે.

પ્રત્યેક મનુષ્યના આત્મામાં પ્રતિષ્ઠિત પરમાત્મતત્ત્વ ઉપર આત્મિક ધર્મ ભાર દે છે. આ રીતે જ્યારે આપણા સર્વની સમાન ભાવભૂમિ પરમાત્મતત્ત્વ બની જાય છે, ત્યારે આપણે બધા સમાન રીતે વિચારતા થઈએ છીએ.

'નમસ્કાર' એટલે અહંકારની હાર અને પ્રેમનો વિજય.

આસનીઓનું આસન બહુ મજબૂત થાય,
એવા બધા પ્રવૃત્તિ કરનારો 'મહાત્મા' કહેવાવા યોગ્ય નથી.

યોગી સર્વ જગતનો મિત્ર છે, પ્રભુ છે.

'મહાભાવ' એટલે ફક્ત ઈશ્વરી આનંદ જ સત્ય છે,
બાકીનું બધું ડાંડર-બાંડર છે.

ભગવાન અને ભગવતીનું ચિન્તન એ જ મુખ્ય વસ્તુ છે.
પરમાત્માનું સ્વરૂપ ભક્તની ભાવના પ્રમાણે હોય છે.

છાપાછાપી, દાઢી, ઘોડા, પાલખી, વાજાં-નગારાં,
એ બધા વસ્તુઓ રજોગુણને વધારનારી છે.

આવા પ્રકારનું જીવન અને તેની ક્ષુદ્રતા વિચારવા માટે
તર્કશક્તિ અધૂરી છે અને વળી બુદ્ધિ તો કમજોર છે.
સિદ્ધાંત = નિશ્ચય-નિર્ણય. અવિરતિ = ઇચ્છાઓનો અનિરોધ.
કષાય = ક્રોધ, માન, માયા અને લોભવાળી પરિણતિ.
મિથ્યાત્વ = અજ્ઞાન. યોગો = મન-વચન-કાયાની પ્રવૃત્તિ.
સર્વજ્ઞોના મતો જુદા ન હોય પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની
અપેક્ષાએ ઉપદેશ જુદી જુદી રીતે હોય છે. પ્રાપ્ત કરવા
લાયક આત્મસ્થિતિ, નિશાન, લક્ષબિન્દુ એક જ હોય છે.
જેના-જેના હૃદયમાં વિચારદશા જાગૃત થઈ ગઈ છે,
તેઓ મનન અને વિચાર કરનારા ખરેખરા મનુષ્યો છે,

કેમકે મનુષ્યોને જ મન મળેલું છે.

સદ્-અસદ્નો તેનાથી વિચાર કરી શકાય છે.

મનનો સન્માર્ગે ઉપયોગ ન કરનારા, અસદ્માર્ગે મનને
જોડનારા અને પોતાના હિતાહિતને નહિ વિચારનારા

મનુષ્ય, મનુષ્ય હોવા છતાં પશુતુલ્ય છે.

દ્રવ્યથી નિઃસંગપણું = એકાંતવાસ.

ભાવથી નિઃસંગપણું = વિકલ્પવિચારોથી નિર્વિચાર મન.

'મન વશ કરવું' એટલે યોગ્ય રીતે કેળવવું, સન્માર્ગે
ગમન કરાવવું અને અયોગ્ય માર્ગથી પાછું વાળવું.

'સાધુ પ્રેક્ષણું' એટલે સારી રીતે મનન કરવું તે.
'અજ્ઞાનદશા' એટલે આત્મા દેહ અધ્યાસથી દેહ જેવો દેખાય તે.
'ભાવના' એટલે વિચારણા - વિચારીને નિર્ણય કરવો તે.
'અસ્મય' એટલે આશ્ચર્યનો અભાવ કે ગર્વરહિતપણું.
'આત્મા' એટલે ચૈતન્યશક્તિ.

આત્માની પ્રેરણા ન હોય તો કર્મ કોણ ગ્રહણ કરે?
જડ પદાર્થમાં કોઈપણ પ્રકારની સ્વતઃ પ્રેરણાશક્તિ નથી.
સુખ-દુઃખ, હર્ષ-શોક, માન-અપમાનનો ભોક્તા જીવ છે.
કર્મ ઘટે છે, વધે છે. જેમાં વધ-ઘટ થતી હોય,
તે મૂળ કારણ મળે તો સંપૂર્ણ નાશ પણ થાય.
આત્મા જ્યારે પોતાના સ્વભાવમાં વર્તે,
ત્યારે કર્મનો કર્તા નથી.
આત્મભાન ભૂલી પરભાવમાં પ્રવૃત્ત થાય,
ત્યારે કર્મનો કર્તા થાય છે.
કર્મબંધના ત્રણ કારણો: રાગ-દ્વેષ-અજ્ઞાન.
આત્મજ્ઞાનથી આ ત્રણેનો સંપૂર્ણ નાશ કરી શકાય છે.
મોક્ષે જનાર મનુષ્ય સર્વ જીવોને આત્મસમ જોનાર છે,
તેમ ન જોનાર જીવ મોક્ષે જવાનો નથી.
જે જીવોની જેમાં આસક્તિ હોય છે,

પ્રેમ કે લાગણી જેમાં છે, તે પદાર્થ તેના તરફ આકર્ષાય છે.

આત્મસ્વરૂપ અનુભવગમ્ય છે, દેખી શકાય એવું નથી.

વાતોથી વડાં થતાં નથી, પ્રયત્નની જરૂરિયાત છે.

આત્મજ્ઞાનના માર્ગની શરૂઆત શ્રદ્ધાથી થાય છે અને
પૂર્ણાહુતિ અનુભવથી થાય છે.

શ્રદ્ધા જ્ઞાન નથી, તો પણ જ્ઞાનદર્શી તો છે જ.

૦ સ્વાર્થ એ નિષ્ઠુરતા છે. તેને દૂર કરવા માટે પરાર્થ જોઈએ જ. તે વિના હૃદય કોમળ બને નહિ. હૃદયને આર્દ્ર બનાવવાનો ઉપાય પરાર્થ વૃત્તિ, પરાર્થ પ્રવૃત્તિ છે.

જીવ ઉપર જે કૃપા કરી શકતો નથી,
તે શિવની કૃપાને પાત્ર કેવી રીતે બની શકશે?

દયાળુ અંતઃકરણમાં જ સમ્યગ્જ્ઞાનના અંકુરો પ્રગટે.

પૂર્વનું ભોગવતાં નવાં ન બાંધવું એ ખરો પુરુષાર્થ છે.

જે પ્રસંગ આવી પડે, તે આપણા કરેલ કર્મનો બદલો છે.
કર્યા સિવાય કાંઈ આવતું જ નથી.

વિષયો એ સંસારના અને સંસાર એ વિષયોનો હેતુ છે.
વિષયોથી સંસાર જુદો નથી.
દેહ પણ વિષય છે અને
તેનાં ઉપભોગનાં, પોષણનાં સાધનો પણ વિષયો જ છે.

અરિહંતોનું શરણ = અરિહંતો રક્ષણ સમર્થ છે એમ માનવું.

વસ્તુ આગળ બધા આસ્વાદ છે,

પરંતુ અરિહંત તે ભાતે સ્વાદકારક થાય છે.

'અરિહંત દેવને શરણો' એટલે આત્મદેવને શરણો જાઓ.

વિષયો શરણભૂત નહિ, પરન્તુ

તેમાં કરાતી આસક્તિ મરણ દેવાવાળી છે.

વિષયો ઈશ્વરનું મમત્વ રક્ષક નહિ પણ ભક્ષક છે.

ધર્મ ઈશ્વરનું મમત્વ રક્ષક છે.

વિષયોથી બચાવ નહિ, પણ નાશ છે.

જ્ઞાનાદિગુણોથી જ રક્ષણ છે.

આપણો ખરો બચાવ કરનાર શોધી, આશ્રય લેવાની
જરૂર છે અને તે આપણો શક્તિવાન 'આત્મા' જ છે.

તેને ઓળખવો એમાં જ કલ્યાણ છે.

પરમાત્મપરાયણ થનારને જ શુદ્ધ આત્મદેવનું શરણ મળે.

ભક્તિવત્સલ અનુગ્રહ વડે જ આત્મદર્શન થાય છે.

બીજો કોઈ ઉપાય તેમાં છે નહિ.

આપણા આત્માને જાણવો હોય,

તો પરમાત્માને નમવું જ જોઈએ.

પરમાત્મનો નમસ્કાર હાથ પકડીને આત્માને દોડાડે છે,

આત્મદર્શન કરાવનાર સાધનોનો યોગ મેળવી આપે છે.

પરમાત્માનો નામસ્મરણ પુણ્ય વધારી પાપનો નાશ કરે છે.

શુદ્ધ આત્મસ્થિતિમાં મરણ નહિ,
એ જ પોતાને બચાવી શકાય છે અને
બીજાને બચાવી લેવા માટે એ જ માર્ગ કામ આવે છે.

'મોહ' એટલે મારાપણાનું અભિમાન અને સ્વાર્થ.
એ બેના કારણે ભવ પાપ કરે છે.

ભવનિર્વેદ એ જ ભગવદ્ બહુમાન.

ભગવાનનો ઉપદેશ વૈરાગ્યનો છે.

વૈરાગ્યનું બહુમાન એ તત્ત્વ-અર્થથી ભગવદ્ બહુમાન છે.

વૈરાગ્ય = ભવલોક-ભવદુઃખથી મુક્ત થાઓ એવી બુદ્ધિ.

જ્યારે મન તદ્દન શાંત થઈ જાય, ચિત્તવૃત્તિ બંધ પડે અને મન આત્મામાં ઓગળી જવાની તૈયારી કરે, તે વખતે આત્માના આનંદ સ્વભાવની પ્રતીતિ અનુભવાય છે.

વિષયાનંદ સ્વતંત્ર નહિ પણ સોપાધિક, પુદ્ગલ મિશ્રિત છે.

સડેલાં કે રાંધેલાં અનાજમાં ફરી
અંકુર થવાની યોગ્યતા રહેતી નહિ.

ભવ વૈરાગ્યરૂપ ભગવદ્ બહુમાનથી જ સદ્દેશના યોગ્યતા ટકે છે. સદ્દેશના યોગ્યતા થકી ધર્મ અવશ્ય ટકે છે.

ભગવદ્ બહુમાન એ જ ધર્મહેતુઓમાં પ્રધાન છે.
સ્વયોગ્યતા અને ગુરુ સંયોગ એ ગૌણહેતુઓ છે.
ધર્મની પ્રાપ્તિ ભગવદ્ અનુગ્રહ વિના થતી નથી.

મંત્રચૈતન્ય એટલે...

શબ્દોને અનુસાર યોગના પ્રકારે, ચમત્કારી જાપ.
નવકાર ગણતાં શરીર રોમાંચિત, મુખ પ્રફુલ્લિત - હૃદય
વિકસ્વર થવું જોઈએ, તો મંત્રચૈતન્ય પ્રગટ થયું ગણાય.
પરિગ્રહનો ત્યાગ કરવો એટલે શુભાશુભ કર્મો ઉપરથી
પણ મમત્વને કાઢી નાંખી, આત્મસ્વરૂપે થઈને રહેવું તે.
ધર્મનાં પવિત્ર અંશો એટલે સર્વને આત્મસ્વરૂપે જોવા,
સર્વ જીવોની દયા કરવી, સર્વ જીવોને અભય આપવું વગેરે.

લોક્યતે અવલોક્યતે ઇતિ લોકઃ।

આનો ભાવાર્થ એવો છે કે જિનેશ્વર ભગવંત જેમાં
જડ-ચૈતન્યભાવો રહેલા જુએ છે, તેનું નામ 'લોક' છે.
જીવયોનિ એટલે જીવને ઉત્પન્ન થવાનાં સ્થાનો.
જે સ્થાનવિશેષનાં રૂપ-રસ-ગંધ-સ્પર્શ સરખાં હોય,
તેવાં અનેક સ્થાનોને એક સ્થાન ગણાય.
તેવા અનેક સ્થાનોના સમુદાયને 'જાતિ' કહેવાય.
તે ૮૪,૦૦,૦૦૦ એટલે કે ૮૪ લાખ જીવયોનિ છે.

સનાતન માન્યતા મુજબ ૮૪ લાખ જીવયોનિઓ કઈ?

અંડજ (ઈંડામાંથી જન્મ): પક્ષી, સર્પ ઈત્યાદિ ૨૧ લાખ.

જરાયુજ (પાણી સાથે જન્મ): મનુષ્ય, પશુ આદિ ૨૧ લાખ.

સ્વેદજ (પરસેવાથી જન્મ): માંકડ, વાંદા આદિ ૨૧ લાખ.

ઉદ્ભિજ (જમીનમાંથી જન્મ): વૃક્ષ, વનસ્પત્યાદિ ૨૧ લાખ.

૮૪ લાખ યોનિઓમાં મનુષ્ય જન્મ શ્રેષ્ઠ છે.

માત્ર એક મનુષ્ય યોનિમાં જ મોક્ષ શક્ય છે.

૮૩,૯૯,૯૯૯ જન્મો તો માત્ર અને માત્ર

કરેલાં કર્મોનાં ફળ ભોગવવા માટે જ હોય છે.

અન્ય સનાતન માન્યતાના આધારે ક્યા યુગનાં કેટલા વર્ષ?

૪,૩૨,૦૦૦ વર્ષ : કળિયુગનાં (સૌથી ઓછાં)

૮,૬૪,૦૦૦ વર્ષ : દ્વાપરયુગનાં

૧૨,૯૬,૦૦૦ વર્ષ : ત્રેતાયુગનાં

૧૭,૨૮,૦૦૦ વર્ષ : સત્યયુગનાં (સૌથી વધારે)

ચારે ય યુગોના વર્ષોનો સરવાળો = ૪૩,૨૦,૦૦૦ વર્ષો.

૪૩,૨૦,૦૦૦ x ૧૦૦૦ કરવાથી

જે સંખ્યા મળે એટલા વર્ષે બ્રહ્માનો ૧ દિવસ પૂરો થાય.

બીજાં આટલાં જ વર્ષો પૂરાં થયે બ્રહ્માની ૧ રાત્રિ પૂરી થાય.

આમ બ્રહ્માના ૨૪ કલાક પૂરા થાય તેને ૧ 'કલ્પ' કહે છે.

## કળિયુગનો પ્રારંભ ક્યારથી?

ઈ.સ. પૂર્વે ૩૧૦૨માં કળિયુગનો પ્રારંભ થયેલ હતો.

## ક્યા યુગમાં સરેરાશ કેટલું આયુષ્ય?

કળિયુગમાં મનુષ્યનું સરેરાશ આયુષ્ય ૧૦૦ વર્ષનું ગણાય.
દ્વાપરયુગમાં મનુષ્યનું આયુષ્ય ૧૦૦૦ વર્ષનું હોય છે.
ત્રેતાયુગમાં મનુષ્યનું આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષનું હોય છે.
સત્યુગમાં મનુષ્યનું આયુષ્ય ૧,૦૦,૦૦૦ વર્ષનું હોય છે.

## કળિયુગના અંતે શું થશે?

મનુષ્યનાં શરીર ખૂબ ટૂંકાં થઈ જશે.
છળકપટ - અપ્રમાણિકતા ખૂબ વધી જશે.
મનુષ્ય થોડાં ધન માટે સ્વજનોને મારશે કે મરશે.
કળિયુગના અંતે મનુષ્યનું આયુષ્ય ૨૦થી ૩૦ વર્ષનું થઈ જશે.

## કળિયુગના અંતે...

શંભલ ગામમાં વિષ્ણુયશ બ્રાહ્મણને ઘરે
કલ્કિ અવતાર ધરશે.
આ કલ્કિ અવતારથી જ તરત સત્યુગનો પ્રારંભ થશે.

°

## : શાસ્ત્રકારો કહે છે :

સાચો ધર્મ કરી શાશ્વત મોક્ષનું શિવસુખ પામો.

ખેડા, 24-10-60

आत्मनि स्थिता, प्रतिष्ठिता प्रज्ञा बुद्धिः यस्य सः।

અર્થ: જેની બુદ્ધિ 'હું આત્મા છું પણ ભૂતસંઘાત નથી' એવી ભાવનામાં સ્થિર અને દૃઢ થઈ રહેલ, તે સ્થિતપ્રજ્ઞ.

વિત્તૈષણા: ધન-અધિકારની તૃષ્ણા.

લોકૈષણા: શરીરથી અધિક પોતાનું જીવન વધી જાય, દેશ અને કાળમાં કીર્તિ અને પ્રભાવરૂપે વ્યાપક બની જાય એવી ઇચ્છા.

દારૈષણા, પુત્રૈષણા: અમર થવાની ઇચ્છા, પોતાની પાછળ પોતાનું નામ મૂકી જવાની અભિલાષા.

એથી વિરુદ્ધ 'आत्मनि तुष्टः।'

દારૈષણા-પુત્રૈષણા કેડમાં રહે છે, વિત્તૈષણા પગમાં રહે છે, લોકૈષણા મસ્તકમાં રહે છે.

વારસાના 3 પ્રકાર: શરીર, સંપત્તિ અને સંસ્કાર.

સર્વ અનર્થોનું મૂળ વિષયોનું ધ્યાન છે.

ઉન્નતિનું બીજ આત્મદર્શન છે, તે આત્મધ્યાન સાધ્ય છે.

કેટલીક વસ્તુઓ બુદ્ધિથી પર છે, ત્યાં બુદ્ધિ ચાલતી નથી.

ઈશ્વરનું અને આત્માનું અસ્તિત્વ એ બુદ્ધિનો વિષય નથી કેમકે તે તો છે, છે ને છે જ.

એનો ઇન્કાર નિષેધ પણ એની હયાતિને જ સિદ્ધ કરે છે.

ઈશ્વર સાથે પ્રેમની ગાંઠ બાંધવામાં મંત્ર સહાય કરે છે.

જેમ સમુદ્ર નદીઓથી પુરાતો નથી, સૂર્યથી સુકાતો નથી,
બસ, તેવી જ સ્થિતિ આત્માની છે.
આત્મા પોતે જ એટલો મહાન છે કે
નદીથી પુરાવાની જેમ સુખ વખતે છલકાતો નથી અને
સૂર્યથી સુકાવાની જેમ દુઃખ વખતે દીન થતો નથી.
આત્માની મહત્તા જાણનારને મન
સંપત્તિ-વિપત્તિ એ ક્ષુદ્ર, ક્ષુલ્લક અને અકિંચિત્કર છે.
ચોથો વારસો ધર્મનો છે, તેને સૂક્ષ્મપ્રજ્ઞ અગર તો
સૂક્ષ્મતર સંવેદન વડે જ સમજી શકાય છે.

## જીવનદૃષ્ટિ

'સમ્યગ્દર્શન' એટલે જીવનનું મૂલ્ય આંકવાની દૃષ્ટિ.
'હું આનંદ અને સુખ ચાહું છું, તેથી છું.'
તો પછી એ જ ન્યાયે આનંદ અને સુખને ચાહનાર
નાનાં-મોટાં પ્રાણીઓ હોય, એમાં શું આશ્ચર્ય?
આખા વિશ્વમાં એવું ચેતનતત્ત્વ ઉભરાતું અને ઉલ્લસતું
જોઈ શકાય છે, એમ ધર્મદ્રષ્ટા ફરમાવે, નભાવનાર, શરીરો
અને ઈંદ્રિયોના આકાર-પ્રકારોમાં ગમે તેટલું અંતર હોય,
કર્મશાસ્ત્રમાં પણ અંતર હોય, છતાં તાત્ત્વિકરૂપે સર્વમાં
વ્યાપેલ ચેતનતત્ત્વ એક જ પ્રકારનું વિલસી રહ્યું છે.

આ જીવનદૃષ્ટિ એટલે આત્મૌપમ્ય દૃષ્ટિ.

એનું જ નામ સમ્યગ્‌દર્શન.

આ દૃષ્ટિમાં જીવનશુદ્ધિનો પ્રશ્ન પણ આવી જ જાય છે.

ચૈતન્યતત્ત્વ મૂળે શુદ્ધ છે, વાસનાથી પ્રચ્છન્ન છે.

એના ઉપર વાસના કે કર્મોની છાયા જ માત્ર છે.

તેનું મૂળ સ્વરૂપ તો તેથી જુદું જ છે.

તાત્ત્વિકરૂપે જીવનું સ્વરૂપ શુદ્ધ જ છે,

તો પછી એ સ્વરૂપ મેળવવાનાં સાધન કયાં? એ જોઈએ:

રહેણીકરણીનું પરિવર્તન, સરળ-સાદું-નિષ્કપટ જીવન.

ત્યાગ વડે ભોગ અથવા ત્યાગ એ જ ભોગ.

વિશ્વ ઈશાવાસ્ય છે. 'ઈશ' એટલે સમર્થ.

ચૈતન્યતત્ત્વ શુદ્ધ હોવાથી સમર્થ છે.

તેનો ભોગ કરવાનું સાધન ત્યાગ છે.

કોઈપણ વસ્તુમાં લોભ, મમત્વ કે ગૃદ્ધિ ન કરવી.

માત્ર ઈશમાં જ પ્રેમ થવું. આ ઉત્તમ મંગળ છે.

આને જ આદિ, મધ્ય અને અંતિમ મંગળ કહ્યું છે.

પુરુષની ચંચળવૃત્તિ કરતાં સ્ત્રીની સ્થિર નિષ્ઠા ઉપર

સમાજનું સ્વાસ્થ્ય વધુ અવલંબેલું છે.

'નમો' એ સ્ત્રી છે, 'અરિહંત' એ પુરુષ છે.

અરિહંતને નમનારા ઘણા છે, નમનારને અરિહંત એક છે.
એવો સંબંધ ભક્ત-ભગવાન વચ્ચે સ્થિર થવો જોઈએ.
અરિહંતને મુખ્ય બનાવ્યા વિના, માલિક કર્યા વિના,
નિશ્ચય ભક્તિ બતાવ્યા વિના અને
સ્થિર-એકનિષ્ઠ થયા વિના નમસ્કાર ફળતો નથી.

ઈશ્વરના આશીર્વાદ તેના ઉપર જ ઉતરે છે કે
જે પોતાનું માથું નમાવીને પ્રણામ કરે છે.

દુનિયામાં જેટલા લોકો દુઃખી થયા છે,
તે પોતાના સુખની પાછળ પડવાને લીધે દુઃખી થયા છે
અને જેઓ સુખી થયા છે, તે
બીજાઓને સુખી કરવાના પ્રયાસોને લીધે સુખી થયા છે.

આપણું વર્તન શુદ્ધ રહે, તો કોઈને ખબર ન પડે તેવી
રીતે આપણા વિરોધી ઉપર તેની અસર પડે છે.

પ્રચારનું મુખ્ય સાધન વિચાર અને આચાર છે.

## મોક્ષ માટે આવશ્યક આચાર-વિચાર

(૧) ધ્યાન (૨) શ્રદ્ધા
(૩) આત્મસંયમ (૪) નામ જપ
(૫) ગુરુ પારતંત્ર્ય (૬) અભેદ ભક્તિ
(૭) ઉપવાસ-પ્રાયશ્ચિત (૮) પરમત સહિષ્ણુતા.

વિશ્વનું રહસ્ય અન્યના દોષ કાઢવામાં નહિ,
પણ પોતાના દોષ સુધારવામાં છે.

જેમ સૌ શરીરને વ્યાયામની જરૂર છે, તેમ આત્માને જ્ઞાન અને વિવેકમય સ્વૈરસ્ફુર આત્મશિક્ષણની જરૂર છે.

મનુષ્ય પોતાની દૃષ્ટિએ જોવાનું છોડી દઈને,
ભગવાનની દૃષ્ટિથી જુએ તો આખું જગત શાન્ત થઈ જાય.

જેમ અન્યને મારવા અનેક પ્રકારનાં શસ્ત્રાસ્ત્રોની જરૂર પડે, પણ પોતાનો આપઘાત કરવા નાનું ચપ્પુ જ બસ છે, તેવી જ રીતે અન્યને ઉપદેશ આપવા અનેક શાસ્ત્રોનો અભ્યાસ જરૂરી છે, પણ પોતાને ઈશ્વર પ્રાપ્તિ કરવા હોય તો માત્ર એક જ ધર્મવાક્ય ઉપર વિશ્વાસ પૂરતો છે.

0 પરસ્પરોપગ્રહો જીવાનાં ।

સકલ જીવરાશિ પરસ્પર અતૂટ સંબંધની સાંકળે જોડાયેલી છે. આ સંબંધમાં બે જ વ્યવહાર શક્ય છે: કાં તો સકળ જીવરાશિ સાથે તેના હિતચિંતાનો સમ્યક્ અથવા પ્રતિકૂળ વ્યવહાર. આ સંબંધ ક્યારેય તટસ્થ રહે નહિ. જીવ અને જગત સાથે જગદીશનો પણ અતૂટ સંબંધ છે.

તે સંબંધને 'શિવમસ્તુ સર્વ જગત'ની ભાવનાનો
સંપૂટ પંચપરમેષ્ઠિઓએ સ્વયં આપ્યો છે.

કારતક સુદ ૮, સં.૨૦૨૭

'નિયાણા'નો અર્થ કરેલ મહેનતનો બદલો ફળ મળવાના વખત અગાઉ માંગી લેવો, જાણે કે સારાં કર્મો કદાચ ફળ આપવાનું ભૂલી જશે અથવા નિયમ વિરૂદ્ધ ફળ આપી દેશે!

નિયાણું એ ભયંકર દાવાનળની વચમાં રહેલા નિવાસસ્થાન તુલ્ય દુઃખ આપનાર થાય છે.

ઇચ્છાઓનું જાળ અજ્ઞાનદશામાં રહેલું છે.

આત્મદૃષ્ટિ થયા વિના, ઉત્તમ વિચારબળ - જ્ઞાનશક્તિ પ્રકટ થયા વિના ઇચ્છાના જાળનો નાશ થઈ શકતો નથી.

તૃપ્તિ, શાંતિ, વિરક્તતા એકાર્થક છે.

'આત્માને ઓળખવો' એટલે આત્માનો અનુભવ કરવો.

તે અનુભવ જ શાંતિ અને સુખનો હેતુ છે.

ભાવિની ચિંતારૂપ આર્તધ્યાન કરવું તે અગ્રશૌચ છે.

અત્યંત અજ્ઞાનની મદદથી તે ઉત્પન્ન થાય છે.

ધ્યાનાદિ વડે આત્મસ્વરૂપ પ્રગટ કરી શકાય છે.

રજોગુણ અને તમોગુણના તોફાનનો

તે ગુણોને જીત્યા વિના નાશ કરી શકાતો નથી.

તેને જીતવાનો ઉપાય સત્ત્વગુણનો પ્રકર્ષ છે.

સત્ત્વગુણનો પ્રકર્ષ શુભધ્યાન અને ચિન્તન વડે થાય છે.

મોક્ષની ઇચ્છા પણ અંતે મોક્ષમાં પ્રતિબંધક છે,
છતાં અવસ્થા વિશેષે તે ઉપકારી છે.
મોક્ષની આવશ્યકતાનું ભાન અને શ્રદ્ધાન હોય,
તેને જ મોક્ષની ઇચ્છા થાય.
ઇચ્છા કરવામાત્રથી મોક્ષ ન મળે, છતાં ઇચ્છાની પાછળ
રહેલ શ્રદ્ધાન અને ભાન જ ચારિત્રને ખેંચી લાવે.
એ જ રીતે 'સર્વ જીવો સુખ પામો'
આવી ઇચ્છામાત્રથી બધા સુખી થઈ શકતા નથી,
પરંતુ તે ઇચ્છા બધા જીવોમાં રહેલ
જીવત્વનું ભાન અને શ્રદ્ધાન હોય તો જ થાય.
તે ભાન-શ્રદ્ધાન બીજાના હિતમાં પ્રવૃત્તિ પણ કરાવે છે,
તેથી મોક્ષની ઇચ્છાની જેમ તે ઇચ્છા પણ પ્રશસ્ત છે.
તે આર્તધ્યાનનું કારણ નથી, શુભધ્યાનનો હેતુ છે.
જેના ઉદય વડે આત્મા લેપાય, તેનું નામ 'લેશ્યા'. આત્મા
લેપાય = જુદા જુદા અધ્યવસાયો - પરિણામોવાળો બને તે.
અધ્યવસાયમાં રહેલી ક્લિષ્ટતા કે મંદતા
લેશ્યાના કારણે હોય છે.
લેશ્યા એક પ્રકારનો રંગ છે.
તે અધ્યવસાયોને સારા-નરસા રૂપે રંગે છે.

અજ્ઞાનદશાને લઈને જ

આત્માથી ભિન્ન વસ્તુ ઉપર મમત્વભાવ વધે છે.

આર્તધ્યાન સર્વ પ્રમાદનું મૂળ છે.

આર્તધ્યાન એ મોટો અપરાધ છે.

બાકી બધા અપરાધોની ઉત્પત્તિ તેમાંથી છે.

ઓઘસંજ્ઞા - ખરી સમજ વિના ગુરુ તરફ ખેંચાણ તે.

શાસ્ત્રસંજ્ઞા - આત્માને આત્મપણે જાણવારૂપ સમ્યગ્જ્ઞાન.

અવિરતિ સમ્યગ્દર્શન એટલે શું ?

આત્માનું સ્વરૂપ જેવી રીતે જાણવામાં આવ્યું છે, તેવી રીતે પ્રત્યક્ષ કરવામાં અંતરાયભૂત કર્મ મલિનતાનો નાશ કરનાર, આવરણને હઠાવનાર ક્રિયામાત્રના આશ્રય માટે ઉત્સાહ હજુ પ્રગટ્યો નથી, કેવળ જાણવા-સદ્દહવારૂપે તે માર્ગે જવા માટે હૃદયમાં જાગૃતિ થયેલ છે તે.

વિરતિ = વ્રતમાં રહેવું, ઇચ્છાઓને કાબુમાં રાખવી તે.

જડ-ચૈતન્યનો વિવેક એ શુદ્ધતાની શરૂઆત છે.

આત્માના શુદ્ધસ્વરૂપને સમજી જડથી ભિન્ન માનવા જેટલું આવરણ પણ જેને ઓછું થયું નથી, તેને પ્રથમ ૩ ગુણસ્થાનકે પુદ્ગલના ઉપભોગથી વિરામ પામવાની ઇચ્છા થતી નથી પણ તેનો ઉપભોગ લેવો એ કર્તવ્ય લાગે છે.

## અવિરતિપણાના ધારકને

જન્માંતરમાં અનુકૂળ ભોગો મળે અથવા આ જન્મમાં
સુખ થવાય તેટલાં પુરતું જ ધર્મનું પાલન હોય છે.
સમ્યગ્દૃષ્ટિને આત્માનો નિશ્ચય થયેલો હોય છે.
આત્માને જેવે રૂપે જાણ્યો, તેવે રૂપે ભલે અનુભવ નહિ,
તો પણ તે તરફ તેનો પ્રયત્ન તો કરવાનું જ હોય છે.
તેથી સમ્યગ્દૃષ્ટિને આત્મભાનનું જ મુખ્ય લક્ષ હોય છે.

આત્મા તરફ લક્ષ રાખી, થોડા અંશે પણ
ઇચ્છાઓનો નિરોધ કરનાર દેશવિરતિ સાધક છે.

## આર્તધ્યાન - રૌદ્રધ્યાન

મૂળ સબળ હોય તો વૃક્ષ ફરીથી પલ્લવિત થાય, તેથી
નબળા પણ આર્તધ્યાનને અવકાશ આપવો જોઈએ નહિ.
રૌદ્રધ્યાનની ઉત્પત્તિનું મૂળ ક્રોધાદિ ચાર કષાયો છે.

રૌદ્રધ્યાનનું મુખ્ય મથક લોભ છે.

લોભનું મુખ્ય મથક ૫ ઇંદ્રિયોના વિષયો છે.
પાત્ર ઓછું હોય અને તેમાં વધારે વસ્તુ ભરવામાં આવે,
તો તરત બહાર છલકાઈ જાય છે.

જે જેને આદર આપે છે,
તે તેને ત્યાં આદરથી રહે છે.

સામાન્ય મનુષ્ય કરતાં મળી આવેલી કાંઈક અધિકતાને પોતાની અલ્પ પાત્રતાને લઈ જીરવી શકાતી નહિ તેથી તે ઉદ્ધતાઈરૂપે બહાર છલકી પડે છે.

પાપમતિ વડે પાપના જ વિચારો અહર્નિશ કર્યા કરવાથી તે વાસનારૂપે અને સંસ્કારરૂપે થઈ જાય છે.

પ્રાર્થના, મનન, ધ્યાન, વ્રતપાલન અને મન ઉપરના સંયમ વડે મનુષ્ય પરમતત્ત્વને પ્રાપ્ત કરી શકશે. એ માર્ગે વળવાથી આપણે પરમતત્ત્વની ઝાંખી કરવાને પાત્ર થઈ શકીશું. એ ઝાંખી થતાંની સાથે આખા વિશ્વ પ્રત્યે સ્વયમેવ આત્મૌપમ્યનો ભાવ પ્રગટશે. એમ જ્યારે થશે ત્યારે જ આપણે સાચા અર્થમાં ધાર્મિક બનીશું.

જે મનુષ્ય બીજા મનુષ્યોની અવગણના કરતો હોય,
બીજાઓ પ્રત્યે મુરબ્બીવટ રાખતો હોય,
કે બીજાઓથી પોતે ઊંચો છે,
એવો ભાવ સેવતો હોય,
તેને સાચા અર્થમાં 'ધાર્મિક' કહી શકાય નહિ.

જેને ધર્મની ચિનગારી લાધી હશે, તે માનવ જગતને એક જ કુટુંબ માનશે અને એ આદર્શને સિદ્ધ કરવા મથશે.

કર્તવ્ય અને પ્રાપ્તવ્ય બન્ને જાણવાં જોઈએ.

ઉત્તમ ધ્યાનોમાં હૃદયને પરમ આર્દ્ર બનાવી આત્મિક
પ્રેમથી ભરવું પડે. સર્વ જીવોને આત્મસ્વરૂપે અનુભવવા પડે.

હલકા ધ્યાનોમાં હૃદયને અત્યંત કઠોર કરી,
બીજાઓ પ્રત્યે દ્વેષભાવથી ભરી દેવું પડે છે,
ઘણીવાર તે આપોઆપ ભરાઈ પણ જાય છે.

સર્વ જીવોને આત્માથી જુદા, હલકા, તુચ્છદૃષ્ટિથી
અનુભવવા પડે - અનુભવાય, તેને 'હલકું ધ્યાન' કહે છે.

'મૈત્રી' એટલે મિત્ર સમાન પ્રીતિ અને હિતની બુદ્ધિ.
મૈત્રીભાવથી વૈર-વિરોધ શમી જાય છે,
અપ્રીતિ, અભાવની લાગણી રહેતી નથી.

સામાને મિત્રરૂપ માન્યો એટલે મન તેને પોતાના
સમાનપણે જોવાનો પ્રયત્ન કરશે, તેટલું મન ઉચ્ચ બનશે,
હલકાપણાનો દુર્ગુણ ચાલ્યો જશે.

મિત્રતા કોઈ સ્વાર્થ સાધવા, દુન્યવી લાભ મેળવવા, સંબંધ
વધારવા માટે નહિ, પણ મનને ઉચ્ચકોટિનું બનાવવા છે.

મૈત્રીભાવથી મનની મલિનતા જાય, પવિત્રતા વધે, હૃદય
શાંતિ અનુભવે, આત્મસ્વરૂપ અનુભવવાની યોગ્યતા વધે.
પવિત્ર થયેલા હૃદયમાં શુભધ્યાન સ્થિર થાય છે.

રોગીને દવા આપો, વિયોગીને ધૈર્ય આપો.

'યોગોનું સમાધાન' એટલે વિક્ષેપરહિતપણું.

વીતરાગ પુરુષોનો જે નિર્મોહ રહેલ તેનો અનુભવ
મનને કરાવવાથી મન તેવા જ પ્રવૃત્તિવાળું બની જાય છે.

રાજયોગ = મન દ્વારા ઇંદ્રિયો ને શરીરને શુદ્ધ કરવા તે.

ધર્મધ્યાન અને શુક્લધ્યાન તે રાજયોગ છે.

ઇતરોમાં ઈશ્વર નિગ્રહાનુગ્રહ કરે છે.

આપણામાં તે સ્વયં કરવો પડતો નથી.

શ્રી અરિહંત વતી કુદરત (કર્મસત્તા) તે કરવા બંધાયેલી છે.

એ જ તેમની આત્માનું ઐશ્વર્ય છે.

એ બતાવે છે કે શ્રી અરિહંત એ ઈશ્વરના પણ ઈશ્વર છે.

આત્મા માટે જ સમગ્ર વિશ્વ છે.

વિશ્વમાં રહનારા તીર્થંકરાદિ પણ તેના માટે જ છે.

આત્મા જ આચાર્યોનો આચાર્ય, ઉપાધ્યાયોનો ઉપાધ્યાય
અને સાધુઓનો પણ સાધુ છે.

દર્શન, જ્ઞાન, ચારિત્રનો પીંડ પણ તે જ છે.

આનંદનો સમુદાય પણ તે જ છે.

સૌથી મહાન, સૌના આનંદનું મૂળ કારણ પણ તે જ છે.

તે અનિર્વચનીય છે. તેની ઉપમામાં આવી શકે તેવું કોઈ નથી.

'સોહમ્' એ વાચ્ય પણ તેની આગળ સ્થૂલ પડે છે.

o સામાયિકાદિ તથા આવશ્યકાદિ અનુષ્ઠાનનો હેતુ આત્મસ્વરૂપનું વિસ્મરણ ન થાય તથા જાગૃતિમાં વધારો થાય તે છે. તેવા ઉપયોગી ક્રિયાનું નામ 'ધર્માનુષ્ઠાન' છે. તેથી વિશુદ્ધિ બની રહે છે અને તે વૃદ્ધિ પણ પામે છે. તેથી અનુષ્ઠાન પણ ધર્મધ્યાનમાં આલંબનભૂત દોરડા કે દાદરાના સ્થાને છે, એટલે તે સૂત્રની વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મોપદેશ પણ આલંબન છે. ભણેલું ન ભૂલાય તથા નિર્જરા થાય તે માટે સ્વાધ્યાય છે.

વિચારણા = ઉપયોગી બાબતોની મન પર મજબુત અસર તે.

અનુપ્રેક્ષા = આત્મભાવમાં ઉપયોગી બાબતોની વિચારણા.

ધર્મોપદેશ = નિર્જરા-પરોપકાર માટેના મજબુત સંસ્કાર.

અભ્યાસથી પૂર્ણ દૃઢતા આવે, ત્યારે
વિના આલંબને પણ આત્મસ્વરૂપમાં પ્રવેશ થઈ શકે છે.

શરૂઆત ઉત્તમ આલંબનથી થાય છે.

આલંબનથી ઘણા ઝડપે-આસાનીથી ધારેલા સ્થાને પહોંચાય.

આત્માનો સ્વભાવ - સ્વરૂપ તે 'ધર્મ' છે.

તે સંબંધી ધ્યાન, વિચારણા તથા આત્મસ્વરૂપમાં પ્રવેશ પ્રાપ્ત કરવા જે વિચારો-નિર્ણયો કરી, મન ઉપર તે સ્વભાવને લગતા સંસ્કારો પાડવા તે 'ધર્મધ્યાન' છે.

સર્વાત્મસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ પછી નિજાત્મસ્વરૂપનો વિચાર તે આત્મધર્મ સંબંધી હોવાથી 'ધર્મધ્યાન' કહેવાય.

ધર્મધ્યાનથી એકાગ્રતા-શુક્લધ્યાનથી આત્મસ્વરૂપ મળે.

સંસાર અસાર છે એટલે જડ વસ્તુઓ નિઃસાર છે.

ચૈતન્યતત્ત્વ નિઃસાર નહિ, પણ પરમ સારરૂપ છે.

જડમાં આસક્તિ કરવી તે દુઃખદાયી છે.

ચૈતન્ય વસ્તુ સારભૂત છે, તેથી તેના ઉપર પ્રેમ અને અનુરાગ કરવો કે ભક્તિ ધારણ કરવી તે પરમ સુખરૂપ છે.

આત્મવસ્તુમાં, આત્મસ્વરૂપમાં અભેદ-એકરસ થઈ જવું તે સર્વજ્ઞની આજ્ઞા છે. સર્વજ્ઞનો નિશ્ચય છે કે આપણા નિર્વાણની પ્રાપ્તિનો આ જ માર્ગ છે.

બધા નય, પ્રમાણ, ભંગ અને નિક્ષેપોની ચર્ચાનો સાર પણ એ જ છે કે આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવી.

ધર્મધ્યાનના દૃઢ વિચારોથી ચારિત્ર બંધાય તે પ્રમાણે વર્તન કરવાનું, આત્મસ્થિરતા અનુભવવાનું બળ મળે.

સર્વજ્ઞના નિશ્ચયોની મદદ લઈને

તત્ત્વથી વસ્તુસ્વરૂપનું અને પદાર્થોનું ચિંતન કરવું, તત્ત્વસ્વરૂપ આત્મસ્વભાવને પદાર્થોના પૃથક્કરણ દ્વારા તેના વિરોધી પુદ્ગલોથી જુદો પાડવો તે 'ધર્મધ્યાન' છે.

આત્મસ્વભાવ એ જ તત્વ છે, બાકીનું બધું અતત્વ છે.
ચતુર્ભંગી, સપ્તભંગી, અસંયોગી, દ્વિકસંયોગી આદિ 'ભાંગા'
કહેવાય છે અને ૨૪ દંડક વગેરે 'ગમા' કહેવાય છે.
સર્વજ્ઞ વીતરાગ દેવ ઉપકાર કે બદલાની આશા રાખ્યા
વિના જ પરને ધર્મોપદેશ આપી અનુગ્રહ કરવાને
તત્પર થયેલા હોય છે. જિનોની આજ્ઞા દુર્બોધ છે, તો પણ
તેને કહેનારા પુરુષોની આપ્તતામાં કોઈ સંદેહ નથી.

રાગી મનુષ્યો મકડની જેમ અનેક કષ્ટો સહે છે.

કુપથ્ય અન્નના અભિલાષીની જેમ
રાગી રોગમાં વધારો કરે છે.

ક્રોધરૂપી દાવાનળ ગુણવૃક્ષોને બાળી નાંખે છે.

જેમ વૃક્ષના મૂળમાં રહેલો અગ્નિ વૃક્ષને
નવપલ્લવિત ન થવા દે, તેમ હૃદયમાં રહેલો ક્રોધનો દાહ
જ્ઞાનાદિ ગુણોનો વિકાસ અટકાવે છે.

ક્રોધાદિથી પણ મોટું કષ્ટ અજ્ઞાન છે.
અજ્ઞાનથી જેના અંતરચક્ષુ અંધ છે,
તેને કર્તવ્યનું ભાન હોતું નથી.

અનુભાગ - રસ - ફળનો વિપરિત ગુણ છે.
તે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય રૂપ છે.

વિષનું ઔષધ વિષ, ગરમાનું ઔષધ ગરમા, વિચારનું ઔષધ વિચાર. વિચારો જાગૃતિપૂર્વક થયેલા અને રાગ-દ્વેષને શમાવનારા હોવા જોઈએ. વિચાર કરતાં વધુ એક પણ પદાર્થ આ લોકમાં મનને આકર્ષિત કરી શકે તેવો નથી. જે વસ્તુ મેળવવી છે, તેના ઉપર પૂર્ણ પ્રીતિ અને તે સિવાયની વસ્તુઓ ઉપર સંપૂર્ણ વિરક્તિ જોઈએ.

૦ આત્માના - અસ્તિત્વના ઉપાયપણાના

૬૭ બોલવાળાને જ 'સમ્યગ્દર્શન' ગણાય.

જડ - ચૈતન્યના વિવેકવાળાને 'સમ્યગ્દૃષ્ટિ' કહેવાય. વિવેક એટલે ભિન્નતા જ્ઞાન, જે વિચાર દ્વારા થવું જોઈએ. જ્ઞાન દ્વારા સમાધાન - ધ્યાન દ્વારા વિશુદ્ધિ બોધ થાય. સાંભળવાથી કે સિદ્ધાંતસૂત્રોથી થયેલું જ્ઞાન તે 'શ્રુતજ્ઞાન'. ધ્યાનમાં વિચારવા લાયક પદાર્થો શ્રુતજ્ઞાનથી જણાય છે. મનની સ્થિરતા અને ધૈર્ય રાખનાર ધ્યાનને પાર પાડે છે.

જીવ નિકાય = જીવોનો સમુદાય.

જીવનું જ્ઞાન કે તે જ્ઞાનનો ઉપયોગ ન હોય,
તેમાં વિશુદ્ધિ કેવી રીતે આવે?

સર્વ જીવો આત્મસ્વરૂપ, આત્મતુલ્ય જ્યાં સુધી ન માન્યાં,
ત્યાં સુધી હૃદયમાંથી વિશુદ્ધિ કદાપિ ઘટનાર નથી.

તે જીવો પ્રત્યે રાગ-દ્વેષની ઊર્મિઓ ઉઠવાની.
એ જ રીતે સર્વ પુદ્‌ગલ દ્રવ્યોને પર કે નિઃસાર
માન્યા વિના તેના પ્રત્યે રાગ-દ્વેષની વૃત્તિઓ ઉઠવાની જ.
તેથી પુદ્‌ગલ પ્રત્યે નિર્ગુણતાની ભાવના
અને જીવો પ્રત્યે આત્મસમભાવના કર્તવ્ય છે.
કામની સ્થિતિ ઓળંગ્યા પછી જ આત્મશાંતિ મળી શકે.

જેનો સંગ કરવાથી સંસારની ભાવના વધે તથા
આત્માનો ઉપયોગ ભૂલાય, તે કુસંગ છે.

વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, વિચારવૃદ્ધ, અનુભવવૃદ્ધ હોય તેની
સેવાથી જગતની ઉપયોગી બાબતોની માહિતી મળી શકે.
સર્વ આશાઓનો ત્યાગ કરનારને આત્મલાભ ન થાય તો
પરમાત્મા સાક્ષી છે કે હજુ લાયકાતમાં ક્યાંક ખામી છે.
લાયકાત વિના ઉત્તમ શક્તિ મળતી નથી.
અંતરના ઊંડાણમાં કોઈપણ પ્રકારની
આશા કે ઇચ્છા છુપાયેલી ન હોય,
તે જ લાયકાત છે અને લાયકાત મેળવવાનો માર્ગ છે.

સર્વ જીવો આત્મા સમાન છે, ત્યાં...
ક્રોધ કોનો? માન શાનું? માયા કેવી? લોભ કયાંથી?
મમત્વ કે મારાપણાનો આગ્રહ જ દુઃખદાયી છે.

'આ વસ્તુ મારી છે, હું તેનો માલિક છું.'
એ રીતે વિચાર કરાવનાર મમત્વ અહંકારને પોષે છે.
'હું અને મારું'ની સ્થિતિ પાછળ રહેલી તે આત્મસ્થિતિ
છે, જે 'અહં' અને 'મમ'નો નાશ સાધવાથી જ પ્રાપ્ત થાય.
મૈત્રીનું ભયસ્થાન રાગ, કરુણાનું ભયસ્થાન શોક છે.
મુદિતાનું ભયસ્થાન સૌમનસ્ય છે.
માધ્યસ્થ્યનું ભયસ્થાન અજ્ઞાન છે.

કારતક સુદ-૧૧

જ્ઞાનથી મોહાવરણ જાય પણ વિક્ષેપાવરણ ઊભું રહે છે.
તેને દૂર કરવા માટે ભક્તિ અને યોગની જરૂર છે.

નોંધ: મનનું ત્રાણ કરનાર પ્રાણ છે,
તેથી પ્રાણ એ જ મંત્રપદનું વાચ્ય છે.

બૌદ્ધો કુંડલીની શક્તિને 'ચાંડાલી' પણ કહે છે.
બૌદ્ધમતમાં પ્રથમ શુન્યાકાર અને કરુણા સર્વાકાર છે.
બન્નેનું ઐક્ય કાલચક્ર-અદ્વય, અક્ષર પરમતત્ત્વ છે.
મીમાંસા મતમાં મંત્રાત્મિકા દેવતા છે.
વેદાંતમતમાં દેવતા વિગ્રહવતી છે. બંને મત સત્ય છે.
વાચ્ય-વાચકની તથા નામ-રૂપની અભિન્નતાના કારણે
મંત્ર અને દિવ્યવિગ્રહ તત્ત્વતઃ અભિન્ન છે.
દેવતાની સાકારતા-નિરાકારતા ઉભય સ્વરૂપ માન્ય છે.

स्वविमर्शः पुरुषार्थः ।

सकल-सत्त्व-विमर्शः परम पुरुषार्थः ।

अर्हद्विमर्शः परम पुरुषार्थः ।

## 'નમો અરિહંતાણં'નો અર્થ

અરિહંતના શબ્દો જપવાનો જે વિચાર છે, તેમાં રહેલ બળની તુલના બીજો કોઈપણ વિચાર કરી ન શકે.
સર્વ વિચારોનો તે ચક્રવર્તી છે.

'અરિહંત માથાના મુકુટ છે અને આપણે તેમના ચરણોની રજ છીએ' એ 'નમો અરિહંતાણં'નો અર્થ છે.
આચાર અને વિચાર ઉપર શ્રદ્ધાની જબ્બર અસર છે, તેથી ચૈતન્યતત્ત્વ ઉપરની અવિચલ શ્રદ્ધાના બળ ઉપર જ આચાર અને વિચારની શુદ્ધિનું બળ જાગવાનું છે.
જૈનદર્શન વિશ્વમય છે, તેથી પરમ આસ્તિક છે.
આયાવાઈ એટલે આત્મવાદી, લોયાવાઈ એટલે લોકવાદી, કમ્માવાઈ એટલે કર્મવાદી, કિરિયાવાઈ એટલે ક્રિયાવાદ.

૩ યોગ x ૩ કરણ x ૩ કાળ = ૨૭ ક્રિયા.

ક્રિયાથી કર્મ, કર્મથી લોક અને લોકમાં આત્મા એ આચારાંગનો સાર છે, જેના ૨ શ્રુતસ્કંધમાં પહેલાં સ્કંધનાં ૯ અધ્યયન છે અને બીજા સ્કંધનાં ૨૫ અધ્યયન છે.

કારતક સુદ-૧૨

૦ જૈનનું જીવન અહિંસાના અખંડ અને
ક્યારેક ખંડકાવ્ય સમું છે,
તેથી તે જગતના જીવમાત્રને પ્રેરણા અને
આશ્વાસન સ્થાન ગણાય છે.

પંચપરમેષ્ઠિમાં શું પ્રશસ્ય?

અરિહંતોનો ઉપકાર, સિદ્ધોનો આધાર,
આચાર્યોનો આચાર, ઉપાધ્યાયનો વિચાર, સાધુનો સત્કાર.

૦ વ્યવહાર, આવશ્યક, મહાનિશીથ, ભગવતી, વિવાહ ચૂલિકા, પ્રતિક્રમણ ચૂર્ણિમાં પ્રથમ પ્રતિક્રમણ કહ્યું છે. ઈર્યા એ દ્રવ્યમાર્ગ છે. સાધુનો આચાર એ ભાવમાર્ગ છે. ધ્યાન રૂપ મૌનાદિ અને સમિતિ - ગુપ્તિરૂપ છે. સાધુએ વર્જેલાં જીવહિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્માદિથી
સાધુ આચારનું ઉલ્લંઘન થાય છે.

તે બધાંનો સમાવેશ હિંસામાં થાય છે. ઉપશમ દ્વારા સર્વ જીવો સાથે મૈત્રી એ રીતે મિથ્યા દુષ્કૃત કરનારને આરાધકતાની એમ શીઘ્ર સંપૂર્ણ કર્મનો ક્ષય થઈ જાય છે.
પંચવિધ મૂળ જીવોના ઉત્તર ૫૬૩ ભેદ થાય છે.
તે દરેકને ઈરિયાવહી સૂત્ર દ્વારા મિચ્છામિ દુક્કડં દેવાય છે.

## અરિહંતાદિ અધિષ્ઠાયકો પ્રધાનનો ક્રમ

અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ (શાસનદેવતા, ક્ષેત્રપાલાદિ)
ગુરુ ઉપકારી આત્મા, શાસનાધિષ્ઠાયક, ક્ષેત્રાધિષ્ઠાયક
આમ શ્રેષ્ઠ અરિહંતો અને છેલ્લે અધિષ્ઠાયકોનો ક્રમ છે.

## પ્રાયશ્ચિત્તના ૧૦ પ્રકાર

પ્રાયશ્ચિત = પ્રાયસ્ (તપ) + ચિત્ત (નિશ્ચય).

પ્રાયશ્ચિત = પાપમાંથી છૂટવા નિશ્ચયયુક્ત તપ.

પ્રાયશ્ચિતના ૧૦ પ્રકાર = આલોચન, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય, પારાંચિક.

(૧) આલોચન : ગુરુ સમક્ષ કરાતા સ્વાપરાધનું પ્રકટન.
આલોચનાનુલોમ્ય - પ્રાયશ્ચિતાનુલોમ્ય (ગીતાર્થ શિષ્યને).

દા.ત. ચામડીને લાગેલો કાંટો કાઢવો.

(૨) પ્રતિક્રમણ: મિથ્યા દુષ્કૃતયુક્ત પશ્ચાત્તાપ કરવાની વિધિ.
ફરી એ અપરાધ નહિ કરું એવી પ્રતિજ્ઞા તે 'પ્રત્યાખ્યાન'.

દા.ત. કાંટો કાઢ્યા બાદ મર્દન કરવું.

(3) મિશ્ર: આલોચન પછી ગુર્વાજ્ઞા મુજબ પ્રતિક્રમણ.

દા.ત. કાંટો કાઢવો, મર્દન કરવું, કર્ણમલ પૂરવો.

(૪) વિવેક: સંસક્ત, અન્ન, પાન, ઉપકરણ, શય્યાદિનો ત્યાગ.

દા.ત. કાંટો કાઢ્યા બાદ લોહી દૂર કરવું.

(૫) <u>વ્યુત્સર્ગ</u> : ગમનાગમન, સાવદ્ય સ્વપ્નદર્શન, નૌસંતરણ ઉચ્ચારણ - પ્રસ્રવણ તથા અનેષણાદિ ત્યાગ બાદ વિશિષ્ટ પ્રણિધાનપૂર્વક કાય, વચન અને મનના વ્યાપારનો ત્યાગ.

દા.ત. ઊંડો કાંટો કાઢી ગમનાદિ ચેષ્ટા બંધ કરવી.

(૬) <u>તપ</u> : જીતકલ્પ મુજબ જે તપથી વિશુદ્ધિ થાય તે.

દા.ત. હિત, મિત ભોજન - લંઘનાદિ.

(૭) <u>છેદ</u> : બાર પ્રકારના તપથી દુર્દમને પર્યાયનો છેદ.
દા.ત. સર્પદંશ, પાદવલ્મીક વગેરેમાં દૂષિત માંસાદિ દૂર કરવા.

(૮) <u>મૂલ</u> : પાંચ મહાવ્રતોનું મૂલથી આરોપણ કરવું તે.

દા.ત. અંગ છેદ (હાડકાં સાથે) શેષ રક્ષણ માટે.

દ્રવ્યવ્રણનાં દૃષ્ટાંતથી મૂલોત્તર ગુણરૂપ
ચારિત્રપુરુષના અપરાધરૂપ વ્રણને દૂર કરવું.

(૯) <u>અનવસ્થાપ્ય</u> : દુષ્ટતર પરિણામવાળાને તપ પુરી કરવા પહેલાં વ્રતોનું આરોપણ. ઉઠવા - બેસવાની ક્રિયા ન કરી શકે ત્યાં સુધી ઘોર તપ કરવાનો આપે. શક્તિ ન રહે ત્યારે બીજા સાધુ સંભાષણ કર્યા વિના તેને ઉઠાડે - બેસાડે.

(૧૦) <u>પારાંચિ</u> : દશે પ્રાયશ્ચિતોમાં આ ઉત્કૃષ્ટ પ્રાયશ્ચિત છે. મોટા અપરાધમાં લિંગ, કુલ, ગણ, સંઘથી બહિષ્કાર થાય છે.

છેદ પર્યંતના પ્રાયશ્ચિતો વ્રણચિકિત્સારૂપ છે.

## કાયોત્સર્ગથી થતાં લાભો

(1) મતિની શુદ્ધિ થાય છે. (2) દેહની જડતા જાય છે.

(3) સૂક્ષ્મ ચિન્તન થઈ શકે છે.

(4) શુભધ્યાન કરવાની શક્તિ વધે છે.

(5) સુખ-દુઃખ સહવાની શક્તિ આવે છે.

## કાયોત્સર્ગના ૮ અંગો

(૧) અભ્યુપગમ - ઈરિયાવહીયાએ

(૨) નિમિત્ત - ગમણાગમણે

(3) ઓઘહેતુ - પાણક્કમણે, બીયક્કમણે

(૪) વિશેષહેતુ - ઓસા ઉત્તિંગ

(૫) સંગ્રહ - જે મે જીવા, વિરાહિયા

(૬) જીવ - એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો

(૭) વિરાધના - અભિહયા વગેરે ૧૦ પદ

(૮) પ્રતિક્રમણ - મિચ્છામિ દુક્કડં

કાઉસ્સગ્ગં : સવ્વ-દુક્ખ-વિમોક્ખણાએ.

વ્રત-નિયમોની શ્રેષ્ઠતા અને સુખદાયકતાની શ્રદ્ધાથી મિથ્યાત્વશલ્ય જાય.

વ્રત-નિયમના પાલનમાં માયાચારનો ત્યાગ કરવાથી માયાશલ્ય જાય.

વ્રત-નિયમોનું નિરાશંસ પાલન થવાથી નિદાનશલ્ય જાય.

ગાડું, પૈડું અને ઘર, તેની જેમ જીવનું પુનઃસંસ્કરણ.
ક્ષારાદિથી વસ્ત્રની જેમ નિંદા-ગર્હાથી જીવની શુદ્ધિ થાય.
કંટકાદિની જેમ અતિચારાદિ શલ્યથી રહિત થવું,
નહિ આલોચેલું, નહિ નિંદેલું, નહિ ગર્હેલું,
નહિ પ્રાયશ્ચિત્ત લીધેલું પાપ તે 'શલ્ય' છે.
નિંદા-ગર્હાથી પાપનો ઘાત અને કાયોત્સર્ગથી નિર્ઘાતન થાય.
સર્વની પર અથવા સર્વથી શ્રેષ્ઠ સ્થાન ઉપર
રહેલા પરમાત્માનું ધ્યાન કરવું.
'સર્વની પર આ સ્થાન છે' એનો અર્થ એ થાય કે:
સર્વને તે પરમાત્મા જાણી શકે છે,
પણ સર્વ જીવો તે પરમાત્માને જાણી શકતાં નથી.
આસક્તિરહિત થયું કર્મ એ
વૃક્ષની છાયાની જેમ કર્મરૂપી કચરા વડે લેપાતું નથી.
આત્મદૃષ્ટિથી સર્વને સરખાં - સત્તાગત પરમાત્મદૃષ્ટિથી
અન્યને મોટા અને વ્યવહારદૃષ્ટિથી પોતાને નાનો જોવો,
આવો નમો, એ માયાને જ જીતવાનું અકસીર સાધન છે.
નમો = પોતાનું કર્મથી આચ્છાદિત સ્વરૂપ આગળ કરવું.
અરિહંતાણં = કર્મરહિત પરમાત્માનું સ્વરૂપ આગળ કરવું.
આથી સર્વ જીવો સાથે અખંડ નમ્રતાભાવ રાખી શકાશે.

જ્યાં દેહ અને શુભાશુભ કર્મમાત્રનો ત્યાગ એ ધ્યેય છે,
ત્યાં લોભને અવકાશ જ ક્યાં છે? પૌદ્ગલિકલાભ પ્રત્યે
જ્યાં સુધી થોડું પણ મમત્વ છે, મેળવવાની ઇચ્છા છે,
મોહ છે, ત્યાં સુધી તે આત્મસ્વરૂપથી તેટલો જ દૂર છે.

o અમર આત્માનો આશ્રય અને
૩ ભુવનના પદાર્થોરૂપી અખૂટ ખોરાકનો આશ્રય, આ બે
આલંબનો વડે મન જીવને વિવિધ પ્રકારની આકૃતિઓ
ધારણ કરાવી ત્રણ જગતમાં અનેક સ્થાને ફેરવે છે.

o 'પવન' એટલે મનોવર્ગણાના
દ્રવ્યની મદદથી ચાલતો આપણો જીવનવ્યાપાર.

o જેમ મલિન વસ્ત્ર જલથી, લોઢું અગ્નિથી,
મેલું પાણી સૂર્યના તાપથી, પવનસહિત અગ્નિથી ઇંધન તથા
પ્રચંડ વાયુથી મેઘઘટા શુદ્ધ થાય છે, તેમ
લંઘન અને વિરેચનથી રોગ દૂર થઈ તનશુદ્ધિ થાય છે.

o દુનિયા એ બોધ મેળવવા માટે અજાયબ શાળા છે,
તે વિચારવાનને માટે જીવતા ગુરૂની ગરજ સારે છે.
દુનિયાને ગુરૂકુલ માની પોતે શિષ્યરૂપ રહેવાથી અને
કુદરતના દરેક ફેરફારોમાંથી શિક્ષણ લેવાની ટેવ પાડવાથી
કુદરતના છુપાયેલા ભેદોમાંથી અખૂટ લાભ મળી શકે છે.

આ દુનિયામાં એક પણ પદાર્થ એવો નહિ જ હોય કે જે વિચારવાનને છૂપું શિક્ષણ આપતો ન હોય!

સત્તાગત શુદ્ધસ્વરૂપને ઉદ્દેશી સર્વ જીવોને પરમાત્મરૂપે માની પોતે દાસભાવ રાખી ગુણગ્રાહકતાનું આંતર-વર્તન અભિમાનની વૃત્તિનો સહેલાઈથી નાશ કરી શકે છે. વ્યવહાર તો ઉચિત રાખવો, પણ અભ્યંતરથી સર્વને પરમાત્મરૂપે સમજી તેના તરફ થતી અભિમાનવૃત્તિને ગુપ્ત રીતે દાસભાવની વૃત્તિથી તોડી નાંખવી જોઈએ.

અભિમાન તોડવા માટે આ પ્રયોગ અકસીર છે.

ક્ષમાદિગુણો જ ચારિત્રીનું જીવન છે. તેના આલંબન દ્વારા સૂક્ષ્મ અને શુક્લ ધ્યાનમાં પ્રવેશ કરી શકાય છે.

o 'માયા' એટલે છુપાવવું.

ગમે તેવા ગુપ્ત સ્થળે કાર્ય કરો,
કોઈને પણ ખબર પડવા ન દો એવી રીતે ઘણું કામ કરો,
પણ તેનાં ફળો ઉદય આવ્યા વિના રહેવાનાં જ નહિ.

જેટલું ઘણું કે ગુપ્ત પાપ કરાય, તેટલું જ તે વધારે ફજેતો કરનાર કે પ્રગટતામાં વહેલું આવનાર થાય છે. જ્યાં કોઈપણ પક્ષપાત વગર કર્માનુસાર યોગ્ય બદલો મળે છે, ત્યાં માયા, પ્રપંચ કે કપટને અવકાશ જ ક્યાં છે?

સર્વ જીવોને આંતરદૃષ્ટિથી પરમાત્મરૂપે જોવામાં આવે,
તો પછી માનસિક દુનિયામાં માયા-કપટને સ્થાન જ નથી.
'હું મોટો અને એ નાનો' આવા વિષમ દૃષ્ટિ થાય,
ત્યારે જ કપટનો પ્રયોગ શરૂ થાય છે.

આત્મદૃષ્ટિથી સર્વને સરખાં અથવા પરમાત્મદૃષ્ટિથી અન્યને મોટા જોવા અને વ્યવહારદૃષ્ટિથી પોતાને નાનો જોવો, માયાને જીતવા માટે આવી માયા કરાય, તો તે પ્રશસ્ત છે અને અપ્રશસ્ત માયાને જીતવાનું સરળ સાધન બને છે.

બહારથી અને બાળકો પાસેથી મળેલું જો બાળકને નહિ આપો, તો અભિમાન વધશે અને નવું મળતું અટકશે.
અન્યને આપ્યા પછી અભિમાન થતું નથી, કેમકે હવે
તે મારા એકલા પાસે નથી, અન્ય પાસે પણ છે.
ન આપવામાં આવે તો અભિમાન થાય છે કે
મારા પાસે છે, બાળક પાસે નથી.

સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ ક્રોધાદિનો ત્યાગ કરવો.
ક્રોધનો જરા પણ વિશ્વાસ ન કરવો.

અગ્નિના તણખાની જેમ જો ક્રોધની ઉપેક્ષા કરી, તો તે અગ્નિની જેમ આત્માના અનંતગુણોને બાળી નાંખશે.
ક્ષમાદિવાળી પરિણતિ જ કષાયક્ષય કરવામાં પ્રધાન હેતુ છે.

અકષાયવાળી પરિણતિ એ જ ઉત્તમ ચારિત્ર છે.
ક્ષમાદિ ગુણો એ જ ચારિત્રનું જીવન છે.
સર્વ જીવોને સત્તાગત શુદ્ધ સ્વરૂપે જોવાથી
ક્ષમાદિ ગુણો વિકસાવી શકાય છે,
અહિંસાદિ ધર્મો પાળી શકાય છે,
ઉપશમાદિ ગુણો કેળવી શકાય છે,
મૈત્ર્યાદિ ભાવો વિકસાવી શકાય છે,
ઔદાર્યાદિ લક્ષણો પ્રગટાવી શકાય છે.

o વિષ માટે મંત્ર, અગ્નિ માટે જળ,
જળ માટે અગ્નિ અને રોગ માટે ઔષધિ વપરાય છે.

કારતક સુદ - ૧૪

કેટલાક લોકો માત્ર ધર્મશાસ્ત્રના જ્ઞાનને જ ધર્મ માની લે છે.
જ્ઞાનીજનોનાં વચનો મોઢે કરવાથી અને શાસ્ત્રનું પઠન
કરવાથી આપણે ઘણી વાતો જાણી શકીએ, પરંતુ તેટલા
ઉપરથી 'આપણે ધાર્મિક થયા' એમ માનવું ભ્રાન્તિ છે.
ધર્મમાં ભ્રાન્તિ એ મોટામાં મોટો દોષ છે.
જ્યાં ધર્મ નથી, ત્યાં ધર્મ માનવો એ 'મિથ્યાત્વ' છે.
દુનિયાની ભૂગોળ મોઢે કર્યે વિશ્વયાત્રા કરી ન મનાય.
માત્ર શાસ્ત્ર મોઢે કર્યે - જાણે ધાર્મિક બન્યાં ન ગણાય.

ભૂગોળનું જ્ઞાન મુસાફરને સહાયક છે, તેમ ધર્મશાસ્ત્રોનું
જ્ઞાન ધર્મમાર્ગમાં ગતિ કરવા ઇચ્છનારને જરૂરનું છે,
પરંતુ શાસ્ત્રજ્ઞાન અને વાસ્તવિક ધર્મની વચ્ચે કરોડો
ગાઉનું અંતર છે. શાસ્ત્ર એ બુદ્ધિ-સ્મૃતિનો વિષય છે.

ધર્મ એ આત્માનો મૂળ વિષય છે;
હૃદયપરિવર્તન, વર્તનસુધાર અને મનોદમનનો વિષય છે.

શાસ્ત્રો જાણ્યા પછી તે અનુસાર જીવનને ઘડી,
તેમાં ધર્મ ભરવાનું કામ બાકી જ રહે છે.

આથી શાસ્ત્રને ધર્મ માની લેવાની ભ્રાન્તિમાં ન પડવું,
પણ સાવચેત રહેવું જરૂરી છે.

એકાંતમાં જ્ઞાન, ધ્યાન, વિચારણા, અર્થચિન્તન વડે
આત્માની ઊંડાણમાં રહેલા બહુમૂલ્ય રત્નો પ્રાપ્ત થાય છે.
તેનો ઉપયોગ પોતાના ચારિત્ર્યને ઘડવામાં
અને બીજાના કલ્યાણ માટે કરવો જોઈએ.

જેના જીવનમાં ચિંતન, મનન, ધ્યાન અને એકાંતવાસ નથી,
તે મનુષ્ય ક્ષુદ્ર અને અસ્થિર રહે છે.

હંમેશા થોડો વખત કાઢવો જોઈએ કે જે વખતે
એકાંતમાં શાંત સ્થિરચિત્તથી
પરમાત્માનું નામસ્મરણ, જપ તથા ધ્યાન થાય.

એકાંત ધ્યાનથી મનની મલિનતા અને ચંચળતા આદિ
ચિત્તના અનેક દોષો ચાલી જાય છે.
એમ મંત્રથી ઝેર ઉતરે, તેમ જપથી વિક્ષેપો શમે છે.
આયુષ્ય વધારવાના ઉપાય એકાંત, ઉપવાસ, મૌન છે.

## સત્યભાષાંશ

સત્યનો અર્થ છે કે જે અનુભવાતું હોય તે જ કહેવું,
આંખ જે જોતી ને કાન જે સાંભળતા હોય તે જ કહેવું.
જે જે ઇંદ્રિયનો જે જે અનુભવ થાય તે જ કહેવો.

આ જાતના સત્યવ્રતથી

આત્મા પ્રસન્ન થાય છે, શબ્દની પ્રતિષ્ઠા વધે છે,
તેથી શ્રદ્ધા પેદા થાય અને જનસમૂહ ખેંચાઈ આવે છે.
રાત-દિવસ સત્યની ઉપાસનાનું આ પ્રત્યક્ષ ફળ છે.
ઈશ્વરની અખંડ આરાધનામાંથી પ્રેમનો અખંડ સ્ત્રોત
વહે છે, તેથી જનસમૂહના અંધારા દૂર થાય છે.
*અજ્ઞાનનું અંધારું દૂર કરવું એથી અધિક કઈ સેવા છે?*
*સત્ય અને આત્મા પોતાની મેળે પ્રસરે છે.*
સચ્ચાઈ હોય, ત્યાં શબ્દોમાં શક્તિ આવી જ જાય.
સંસારમાં સત્યવાન પ્રેમ એ જ મૂલ્યવાન વસ્તુ છે.
પ્રેમની ભાવનાથી જ આત્મભાવ વિકસે છે.

o 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' એ આધ્યાત્મિક પરિભાષા છે,
જ્યારે 'ઈશાવાસ્યમિદં સર્વં' એ ભક્તની પરિભાષા છે.
બાળકોની સાથે સમાનતાનો આધાર એકતા છે.
આ તર્ક કે અનુમાનનો વિષય નહિ, પણ સાક્ષિપ્રત્યક્ષ છે.

'હું છું' એ તર્કનો વિષય નહિ,
પણ મારા અસ્તિત્વનું જેવું છે, તેવું સ્ફુરણ છે.

બાળકો સાથે મારી એકતાનો મત જે અનુભવે છે,
તે સાક્ષિપ્રત્યક્ષ છે, તર્કવાદથી પર છે, સિદ્ધ છે અને
સદાચાર તથા નૈતિકતાનો પરમ આધાર છે.
સૂક્ષ્મ જુઓ, સ્થૂલ નહિ. દીર્ઘદૃષ્ટિ રાખો, ટૂંકી નહિ.

## ધૃતિ અથવા સંકલ્પબળ

પ્રાણશક્તિના પરિણામસ્વરૂપ ધૃતિ એક વિશેષ ઈંદ્રિય છે.
જેટલો પ્રાણ બળવાન, તેટલી ધૃતિ બળવાન.
પોતા ઉપર કાબુ રાખવાની, સંકલ્પ કરવાની અને
તેને પૂરો પાડવાની શક્તિ તે 'ધૃતિ' છે.
ધૃતિ અને બુદ્ધિ કરણ છે. કરણ અને સાધન અલગ છે.
ચશ્મા સાધન, આંખ કરણ છે. સાઇકલ સાધન, પગ કરણ છે.
ચરખો સાધન, હાથ કરણ છે. મહત્ત્વનું સાધન તે કરણ છે,
ગૌણ સાધન તે ઉપકરણ (સાધનસામગ્રી) છે.

દિશાસૂચક યંત્ર તે બુદ્ધિ. ગતિવર્ધક યંત્ર તે પ્રાણ-ધૃતિ.
મન, પ્રાણ અને ઈંદ્રિયોની જે ક્રિયા ચાલે છે,
તે સર્વને ધારણા કરનારી શક્તિ ઘોડાની લગામ સમી છે.
ઉત્સાહ એટલે કર્મોના અથવા કર્મ પ્રેરણા.
ઉત્સાહને ટકાવનાર ધૃતિ જ છે.

○ દુ:ખ એ સુખનો પડછાયો છે.
દુ:ખ ન જોઈતું હોય તો સુખને છોડી દે,
તો એના પડછાયા રૂપી દુ:ખ આપોઆપ જ ખસી જશે.

કારતક વદી - ૬

ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળમાં જે જીવો સંસાર કે મોક્ષનાં સુખ પામ્યા છે, પામે છે અને પામશે, તેની પાછળ તીર્થંકર પરમાત્માની પુણ્યપ્રકૃતિ તથા તેનું ઉપાર્જન કરાવનાર પરોપકારવૃત્તિ તથા તેનું કારણ કૃતજ્ઞતાભાવ જ કારણભૂત છે. કૃતજ્ઞતાગુણથી ફલિત પરોપકારભાવ જ્યાં વર્તે છે, ત્યાં તીર્થંકરત્વ જ ગુણરૂપે કાર્ય કરે છે. તત્ત્વતઃ કૃતજ્ઞતા અને પરોપકારભાવ જ તીર્થંકરત્વ છે અને તેનાથી જ પુણ્યાનુબંધી પુણ્ય તથા તેનાં ફલસ્વરૂપ સંસાર અને મોક્ષના અવ્યાબાધ સુખ રહેલાં છે એટલે સર્વત્ર તીર્થંકરદેવના ધર્મનો અને જિનેશ્વરદેવના શાસનનો જ પ્રભાવ અવિચ્છિન્નપણે વર્તી રહ્યો છે.

કારતક વદી - ૨

## સર્વ જીવોમાં પોતાનું સ્વરૂપ જોતાં શીખવું એ આત્માને જાણવાનો પહેલો ઉપાય છે.

જેટલા જીવો નજરે પડે છે, તે જીવોનું જેવું સ્વરૂપ છે, તેવું સ્વરૂપ અનંતીવાર પોતે પણ કર્મના યોગે અનુભવ્યું છે, તે રીતે તે જીવોની સાથે સમભાવનો વિચાર કરે ત્યારે કષાય મંદ પડી જાય. ત્યારબાદ પંચ પરમેષ્ઠિનું સ્વરૂપ દર્શન કરે છે, ત્યારે તેમાં પોતાનું સ્વરૂપ જણાય છે.

ભૂતકાળનું પોતાનું સ્વરૂપ જોવાનો આરીસો સંસારી જીવો છે અને ભવિષ્યકાળનું પોતાનું ઉચ્ચ સ્વરૂપ જોવાનું દર્પણ એ પંચ પરમેષ્ઠિ ભગવંતોનું દર્શન છે.

જિનઆગમ એ આત્મસ્વરૂપ જોવાનો ફોટોગ્રાફ છે અને જિનમૂર્તિ એ આરીસો છે.

'સર્વ જીવોનું સ્વરૂપ દર્શાવવા માટે જિન આગમ છે અને એ જીવોની અંદર પોતાનું સ્વરૂપ વિચારવું એ પોતાની જ અવસ્થાભેદની છબીઓ છે.'

એ રીતે વિચારવાથી જીવો પ્રત્યે વૈર-વિરોધ શમે છે અને વૈર-વિરોધના કારણભૂત પુદ્ગલ પદાર્થો પ્રત્યે રાગ અને આસક્તિભાવ ઘટે છે.

## કારતક વદી ૪ - સોમવાર, પ્રવ્રજ્યા વર્ષ ૩૧નો પ્રારંભ

રાગ-દ્વેષ ઘટ્યા પછી જિનાગમ અને
જિનબિંબના આલંબને સ્વસ્વરૂપનાં દર્શન થાય છે.
'જુદા-જુદા ગુણસ્થાનકોએ રહેલા જુદા-જુદા જીવોમાં
પોતાના જ ગુણસ્થાનકોના પ્રતિબિંબ રહેલ છે'
એવી વિચારધારાથી આત્મલાભ સુલભ બને છે.
સમતા-સમત્વના સાધક માટે જ્ઞાન - ક્રિયાભ્યાં મોક્ષઃ।
અહીં જ્ઞાન સમત્વને વિકસાવનારું જોઈએ તથા
ક્રિયા સામાયિકાદિ આવશ્યકગત અનુષ્ઠાન હોવા ઘટે.

ષડાવશ્યક એ ક્રિયાયોગ છે, જેમાં...

(૧) સામાયિક: જ્ઞાન, ભક્તિ અને ક્રિયા વડે સમત્વના
પરિણામરૂપ છે. (૨) ચતુર્વિંશતિસ્તવ તથા (૩) ગુરુવંદન
એ સમત્વવાન પ્રત્યે ભક્તિ છે. (૪) પ્રતિક્રમણ તથા
(૫) કાયોત્સર્ગ તથા (૬) પચ્ચક્ખાણ એ વૈષમ્યનિવારણ
માટે અને સમત્વ ધારણ માટે થતી ક્રિયાઓ છે.
અહિંસામાં વૈષમ્યનું શમન અને પ્રાણીમાત્રનો વિચાર છે.
કરુણા અને દયામાં પ્રાણીઓના દુઃખનો વિચાર છે.

જૈનોની અહિંસા, બૌદ્ધોની કરુણા તથા
વેદાંતીઓની દયા વિખ્યાત છે.

વૈષમ્યનું કારણ કર્મ છે, તેનું નિવારણ સામ્ય છે.
તુલ્ય પરિણામ એટલે શત્રુ અને મિત્ર પ્રત્યે સમપરિણામ.
ધ્યાન અને કાયોત્સર્ગ એ મુખ્ય ક્રિયા છે,
તેને પુષ્ટ કરનાર સ્વાધ્યાયના અધિકારી થવા માટે
પ્રાયશ્ચિત, વિનય અને વૈયાવચ્ચ છે.
પ્રાયશ્ચિતથી શુદ્ધ થઈ, નમ્ર બની, ભક્તિયુક્ત થઈ, સ્વાધ્યાયથી
પરિકર્મિત બની ધ્યાન અને કાયોત્સર્ગ કરવા જોઈએ.

<u>તીર્થંકરો વિશ્વની શાંતિરૂપ કઈ રીતે?</u>

પાર્શ્વ, વીર આદિ પ્રભુના નામોને જ 'શાંતિસ્તવ' કહે છે.

લોકાઃ સમસ્તાઃ સુખિનો ભવન્તુ,
ગુણિનો ભવન્તુ, કૃતિનો ભવન્તુ।

એ ભાવના જ પ્રભુના નામમાં ભરેલી છે,
તેથી પ્રભુનું નામ લેવું તે જ વિશ્વને શાંતિ આપનારું
અને વિશ્વની શાંતિ ચાહનારું કાર્ય છે.

સર્વત્ર સર્વે સુખિનો ભવન્તુ ।
સર્વત્ર સર્વે ગુણિનો ભવન્તુ ।
સર્વત્ર સર્વે કૃતિનો ભવન્તુ ।
સર્વત્ર સર્વે ધૃતિનો ભવન્તુ ॥

એ ભાવનાથી ભરપુર આત્મદ્રવ્ય પરમાત્માઓનું છે.
તેમનું નામ શાંતિ - શાંતિસ્તવ - શાંતિપાઠરૂપ છે.

ભક્તિમાર્ગનાં સર્વ શાસ્ત્રો
નામસ્તવ, શક્રસ્તવ અને સિદ્ધસ્તવમાં સમાઈ જાય છે.

જ્ઞાનમાર્ગનાં સર્વ શાસ્ત્રો સામાયિકસૂત્રમાં સમાઈ જાય છે.

કર્મમાર્ગનાં સર્વ શાસ્ત્રો પ્રતિક્રમણ, કાયોત્સર્ગ
અને પ્રત્યાખ્યાનમાં સમાઈ જાય છે.

નિત્ય સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગનો અભ્યાસ એ
જ આત્માને પરમ શાંતિ અને સમાધિ આપનારાં છે.

ભગવાન સમષ્ટિ છે, હું વ્યષ્ટિ છું.

ભગવાનના ભરોસાની લાકડી હાથમાં લ્યો.

સેવ્ય ભક્તિની છાપરૂપ બની તેમાં ઓતપ્રોત થવું કે
ન માગતા હાજર કરવું તેનું નામ 'સેવા'.

૦ પૃથ્વીની ઉપજમાંથી છઠ્ઠો (૧/૬) ભાગ રાજાનો છે.

પૃથ્વીનું અન્ન એ દેહનો ખોરાક છે.

ભાવનાનું અન્ન એ મનનો ખોરાક છે.

મા 'મર' કહે તેનો શબ્દાર્થ જુદો, હૃદયાર્થ જુદો હોય.

આત્મવિદ્યા એ શબ્દાર્થ નહિ, પણ ભાવાર્થ કે હૃદયાર્થ છે.

આત્મવિદ્યા પરાણે મળતી નથી.

તે હૃદયથી વાંચવાની વિદ્યા છે, ગોખવાની નહિ.

ઉપનિષદ એ ઉપાસનાનો વિષય છે.

o ત્રિવિધ તાપથી જે તપ્ત થાય નહિ,
ચેતના ઉકળાટ અનુભવે નહિ, તેને ભગવાન મળે છે.
એમ બરફ પાસે બેસો તો ઠંડક મળે,
પણ ગરમ કપડા પહેરીને બેસો તો નહિ,
તેમ નિષ્ઠા-ઋજુતા સહિત સત્સંગ કરો તો શાંતિ મળે.
ઠંડક પણ તેજ છે, જ્યોતિમાં પણ ઠંડક છે.
તેજમાં પણ ઠંડક જોઈએ.
ક્રોધમાં પણ પ્રેમ અને પ્રેમમાં પણ ક્રોધ આવશ્યક છે.
આત્મવિદ્યાથી જીવનમાં દિવ્યતા, સાત્વિકતા, તેજસ્વિતા આવે.
અન્ન પચાવવા માટે તેજ જોઈએ.
જ્યોતિનું ધ્યાન એ ટીકડી છે, તેથી અન્ન પચે છે.
મન અને બુદ્ધિને બળવાન બનાવવા માટે
કુંભક થઉં - ચોખા કામ આવે નહિ.
ફળનું જ્ઞાન, પછી પ્રતીતિ, પછી ભક્ષણ.
'અન્નં બ્રહ્મ|' બ્રહ્મરૂપી અન્ન જીવને બ્રહ્મ બનાવે છે.
અન્ન શું છે? તેમાં પ્રજીવક તત્ત્વો ક્યાં છે? બ્રહ્માંડમાં
રહેલા અનેક જાતની અદ્ભુત શક્તિઓથી તે શોષાય છે.
<u>પ્રશ્ન</u>: મરણ પાછળ શોક કરવો, પણ કોનો?
<u>ઉત્તર</u>: જેણે જીવનમાં સત્કાર્ય કર્યું ન હોય તેનો.

ભોગશક્તિ મળે પુણ્ય થકી,

ભોગવવાની શક્તિ અધિક પુણ્ય થકી અને

ત્યાગવાની શક્તિ એથી ય અધિક પુણ્ય થકી પ્રાપ્ત થાય.

પૂર્વજોની સંસ્કૃતિને આગળ ચાલુ રાખે તે સંતતિ.

ગાય, ઘોડા, ભેંસ, હાથી એ સર્વે પશુ ધન છે.

સંતતિપણે મેળવાય સમાનભાવ, સૌજન્ય, સત્વ, સત્તા, સુકૃત.

દૈવ તત્ત્વને ઐતિહાસિક ન ગણાય, આધ્યાત્મિક મનાય.

દૈવના સ્વીકારથી દેવનો સ્વીકાર થાય છે.

દેવના પ્રતાપે દૈવમાં શક્તિ આવે છે.

## મોક્ષયુક્તિ

આજ પર્યંત સર્વ પાસેથી જેટલું લીધું છે, તેનો અંશ પણ આપ્યો નથી કે આપવાની ઈચ્છા કરી નથી. તેનાથી સંચય કરેલ પાપનો ભાર ઉતારવા માટે ઋણનો સ્વીકાર અને સર્વ શક્તિથી પરિપક્વ થવો જોઈએ અને તો જ તે ઋણમાંથી ક્રમશઃ મુક્તિ મળે. આજ પર્યંત સર્વને જે પીડા આપી છે, તેની ક્ષમાપના અંતરથી માંગી નથી અને બદલામાં તે સર્વ જીવોની સંપૂર્ણ શાંતિ ઈચ્છી નથી, ત્યાં સુધી મુક્તિ શક્ય નથી.

મુક્તિ માટે સર્વની ક્ષમાપના અને સર્વની શાંતિ આવશ્યક.

કારતક વદી - ૫

દુન્યવી લાભો પ્રત્યે પ્રાર્થના કરવાથી શ્રી, હ્રી, ધૃતિ,
કીર્તિ, કાંતિ એ પાંચ વસ્તુઓ નાશ પામે છે
અને એ જ પ્રાર્થના જો પ્રભુ પ્રત્યે થાય,
તો શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ અને કાંતિને વધારે છે.
આપણે જેમ ભૌતિક પાસે દીનતા કરવા લાયક નહિ,
તેમ પ્રભુ પાસે ગર્વ કરવા લાયક નહિ.
તાત્પર્ય કે પ્રભુ પાસે નમ્ર રહેવું અને
ભૌતિક તરફ અક્કડ રહેવું એ ધર્મ છે.
નમો = ગૌતમ સ્વામી, અરિહંતાણં = મહાવીર સ્વામી
તેઓનું સ્મરણ આપણા આત્માને પવિત્ર કરનાર છે.
આત્મા અમર સ્વરૂપ છે અને દેહો નાશ પામનારાં છે,
તેથી તેને એક વખત આત્માથી અલગ થવું જ પડશે.
વિશ્વ એ તો પ્રેમના પાઠ શીખવા માટેની પાઠશાળા છે.
પ્રેમ એ લાગણી નહિ, પણ આધ્યાત્મિક શક્તિ છે.
જો કેવળ લાગણી જ હોય,
તો થોડીવારમાં ઉભરાઈને શાંત થઈ જાય.
જે પ્રેમ થોડીવારમાં જ શાંત થઈ જાય,
તે વિકારી છે, તેને પ્રેમ કહી શકાય જ નહિ.

પ્રેમ પ્રેમને પોષે છે, માટે જેટલા પોતાના જીવનમાં સર્વ જીવો પ્રત્યે પ્રેમ બતાવશો છો, તેવા મહાન પુરુષને ઈષ્ટ તરીકે સામે રાખો, તેના આંતરદયાથી દ્રવતા દયાળુ જીવનનો વિચાર કરો, તેથી તમારી તે મહાન શક્તિ સાથે આંતરસંબંધ જોડાશે અને સર્વ જીવો પ્રત્યે પ્રેમ કરતાં તમે શીખશો. જેટલા પોતાના જીવનમાં પ્રેમનો પ્રવાહ વહેડાવશો છો, જેમનામાં પ્રેમ રાખવાથી આપણા હૃદયમાં પણ પ્રેમ પ્રગટવા માંડશે. તમારા સંબંધમાં આવતા આત્માનને ટકાવવા પ્રયત્ન કરવો,

તેને શુદ્ધ આત્મશક્તિનું ભાન કરાવવું.

તેનાથી તમારામાં સંચય કરેલા પ્રેમનો સદુપયોગ થશે.

દ્વેષ કરતાં પ્રેમ વધારે બળવાન છે,

માટે દ્વેષનો જય પ્રેમ વડે જ થશે.

વિશ્વને બળ આપો,

તમારી મુશ્કેલ વખતે વધારે બળ મળશે.

વિશ્વાસ રાખો, તમારા ઉપર અનેક જીવો વિશ્વાસ રાખશે.

વિપરીત સંજોગો જીવને સહનશીલ, નમ્ર, ઉદાર, દયાળુ, નિઃસ્વાર્થ અને વિવેકી થતાં શીખવાડે છે.

અભાવ વધવા માટે ક્યારેય સુખને શોધશો નહિ.

પ્રતિકૂળ સંયોગોની વચ્ચે રહીને જ
પ્રેમ અને સંકલ્પબળ વધારી શકાય છે.
જેનામાં આત્મબળ કે પ્રેમ વધારે હોય, તેના સહવાસમાં
રહીને કે તેમનું અનુકરણ કરીને આગળ વધો.

કુદરતમાં દયા નથી, પણ ન્યાય તો છે જ.

પ્રતિકૂળ સ્થિતિની માફક મરદ થઈને ભોગવ,
બકરાની માફક બરાડા ન પાડ.

કર્મસત્તા કરતાં આત્મસત્તા વધુ બળવાન છે.

કર્મ પૂર્વના કારણનું કાર્ય - પછીના કાર્યનું કારણ છે.
કારણો જીવને સમજાતાં ન હતાં, ત્યારે
કર્મો જીવને વશ રાખતાં હતાં, હવે એ સાધનો જાણીને
તે મુજબ વર્તનારો જીવ કર્મને વશ રાખે છે.
જ્ઞાન એક પ્રકારની શક્તિ અને સત્તા છે.
જ્ઞાનવાન સૃષ્ટિના કાર્ય-કારણના નિયમો જાણીને
તે વડે પોતાને જે ઇષ્ટ હોય, તેની સિદ્ધિ કરી શકે છે.
ઇચ્છાનુસાર પરિણામ લાવવામાં
મુખ્ય જરૂર કર્મના નિયમોના જ્ઞાનની છે.

મનુષ્યો સર્વદા પરાધીન નથી,
પણ પોતાનું ભાવિ ઘડવા માટે સ્વાધીન પણ છે.

આ સ્વાધીનતાનું ભાન સમજાતા ઉત્સાહ વૃદ્ધિ પામે છે.
કર્મબંધનનો હેતુ સ્વ ઉપર રાગ અને પર ઉપર દ્વેષ છે.

રાગ-દ્વેષની આ લાગણી જ કર્મબંધ કરાવે છે,
તેથી તેને પલટવી જોઈએ.

<u>સ્વના સ્થાને સર્વ ઉપર રાગ કેળવાય અને પરના સ્થાને દ્વેષ ઉપર દ્વેષ કેળવાય, તો કર્મબંધ અટકી જાય છે.</u>

વિચાર એ જીવની શક્તિને વહેવાનો ઝરો છે.
મનુષ્યનું વિચારમય જીવન સતત શુભાશુભ વિચાર કરે છે.

એક જન્મમાં જેવા વિચાર કરે છે,
તેવો જ તે બીજા જન્મમાં થાય છે.

આપણા સારા માનસિક બંધારણનું માન જેમ આપણને ઘટે છે, તેમ ખરાબ હોય તેમાં દોષ પણ આપણો જ છે.
કાર્ય કરતાં પણ તેનો ઉદ્દેશ વિશિષ્ટ અગત્યનો હોય છે.
તે હેતુની અસર કર્તાના સ્વભાવ ઉપર થાય છે.
આ અસર દૃઢ હોય છે. સ્વાર્થપરાયણતા અધમ ઉદ્દેશ છે.
હૃદયની ઉચ્ચતા-નિર્મળતા એ ઉચ્ચ ઉદ્દેશને લાવનારી છે.
જ્યારે મન અને ઇંદ્રિયો પોતાના સ્વભાવને બદલી આત્મામાં લય થાય છે, ત્યારે આત્માની નિર્મળતા પ્રગટ થતી જાય છે. મન એ ઇંદ્રિયોનો નાથ છે.

મનની પ્રવૃત્તિ અટકતા ઇંદ્રિયો વિષયોમાં જતી અટકે છે.
તેમ થતાં નવીન કર્મબંધ અટકે છે અને
પૂર્વ કર્મોની નિર્જરા થઈ જાય છે.
આ 'હું' અને આ 'મારું' આવા મોહરૂપ પાણી વડે
મનોવૃત્તિના મૂળને પાણી સિંચવાનું બંધ થવાથી
રાગ-દ્વેષરૂપી અંકુરાઓ પ્રગટશે નહિ.
વિક્ષેપ વિનાનું મન તે તત્ત્વ છે,
વિક્ષેપવાળું મન તે જ આત્માને ભ્રાંતિરૂપ છે.
જેમ વિષયોથી વિમુખ શાંત થયેલા મનમાં વાદળ વિખેરાઈ
જતાં સૂર્ય પ્રગટ દેખાય છે, તેમ આત્મા પ્રગટ થાય છે.
આત્મા નિર્મળ કેવળજ્ઞાનની લોકાલોક પ્રકાશક મૂર્તિ છે.
તે રાગ-દ્વેષ વિનાના મનમાં જ પ્રગટ થાય છે.
મન-વચન-કાયાની ક્રિયાઓ સંકલ્પ-વિકલ્પના વિભાવ
રૂપ હોવાથી આત્મા આડે શુભાશુભ વાદળો ઊભાં કરે છે,
તે રીતે નિર્વિકલ્પ ધ્યાનથી આત્માનું સત્ય સુખ પમાય.
જેમ પાણીના સંબંધથી મીઠું કે સાકર ઓગળી જાય છે,
તેમ જેનું મન શુદ્ધ આત્મયોગમાં લય પામી જાય છે,
તેનાં શુભાશુભ કર્મ ઓગળી જાય છે
અને ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા પ્રગટ થાય છે.

ધ્યાનથી સર્વ સાધ્ય છે.

જેમ વૃક્ષો આપસમાં ઘસાઈને વૃક્ષો જ અગ્નિરૂપ થાય છે,
તેમ આત્મા આત્માને ઉપાસી પરમાત્મસ્વરૂપ થાય છે.

મનનો નાશ પરમાત્માના ધ્યાનથી જ થાય છે.

મન-ઇંદ્રિયોના વ્યાપારો શાંત થતાં આત્મા પરમાત્મા થાય.

મન સ્વતંત્ર નથી, પણ આત્મા સ્વતંત્ર છે.

મનની કામ-ક્રોધાદિરૂપે બદલાતી આ ઉત્પન્ન થતી
અવસ્થાઓ સાથે આત્મા રસપૂર્વક ન ભળતાં તટસ્થભાવે
મનની અવસ્થાઓનો સાક્ષી રહેવાથી બંધનથી મુક્ત થાય.

'શરીર-મનની બધી પ્રવૃત્તિઓ એક સંચાની ગતિ જેવી છે'
એમ સમજનાર આત્મસ્વરૂપમાં સમભાવે સ્થિર રહે.

આત્માએ મનના ઉદયમાં ભળવું કે ન ભળવું
તે તેના માલિકીની વાત છે.

જો મનની-શરીરની સાથે અભિમાનને ભેળવવામાં આવે,
તો તે ભાવનાનો પ્રવાહ બંધાય છે.

આત્મરસનું પોષણ મેળવીને કર્મ બળવાન થાય છે.

અભિમાનથી મનનું જીવન નભે છે.

આત્માથી અળગા પાડેલું મન તુરંત જ મરવા પડે છે.

આ પ્રમાણે મનનાં પૂર્વ કારણો એક પછી એક ઉદયકાળે

ઉદય થઈ પ્રારબ્ધના સમભાવે મંદ પડી છેવટે નાશ પામે, ત્યારે આત્મા પોતાનું સ્વ જીવન અનુભવે છે. આત્મા ભાવના સિવાય કોઈ વાસના કે વિકારની ઈચ્છા ઉભવાતી નથી, એ ભાવ સ્થિર થાય, તો જ સમભાવની વૃત્તિ બની રહે છે. ગમે તેવા સંજોગો હોય, તો પણ મનની સમાધાનવાળી સ્થિતિ ટકાવતાં આવડતું હોવું જોઈએ.

0 તક અને અનુકૂળતા

તક દેહને મનુષ્ય અને મનુષ્યને સાધક બનાવે છે.
પહેલી વખતની તક ઈશ આપી જાય છે, કેમકે તે સફળતા પ્રાપ્ત થવાની જાતની સામગ્રીરૂપ તક છે.

આપણા હૃદયમાં સહાનુભૂતિ, અનુકંપાવૃત્તિ, વિશ્વપ્રેમ આદિ ભાવો કેળવવા, કેમકે આત્માની ઉન્નતિ હૃદયની ઉચ્ચવૃત્તિઓના સતત પ્રવર્તન વડે જ સાધી શકાય છે.
વૃત્તિઓને કર્તવ્યાકાર થવાના પ્રસંગોને જતાં ન કરવાં.

સેવા, સ્વાર્પણ, ત્યાગ અને બંધુતામાંથી જ
આત્માની ઉર્ધ્વગતિનો માર્ગ ખુલે છે.

કુદરત ગમે તે પ્રકારે કામ કરતી હોય, છતાં આપણો ધર્મ તો બને તેટલાં પારકાં દુઃખ ઓછાં કરવામાં જ છે.

આત્મા સત્તાગત પરમાત્મા છે.

વિચારોનું અદ્ભુત જગ આત્મામાંથી જ બહાર આવે છે.

રસનો સમુદ્ર આત્મા પોતે જ છે,

માટે તેની જ એક ઇચ્છા કર્તવ્ય છે.

વિવેક વિનાની ઇચ્છા એ નુકસાનકારક છે.

ઇચ્છા અને સંકલ્પમાં તફાવત એ છે કે ઇચ્છા બહારના પદાર્થોમાં આસક્ત થાય છે, તેમાં શુભાશુભનો કે યોગ્યાયોગ્યનો વિવેક હોતો નથી, સંકલ્પ એ એકઠા થયેલ અનુભવના બળથી યોગ્યાયોગ્યનો નિર્ણય કરી કલ્યાણના જ માર્ગ તરફ પ્રવૃત્તિ કરાવે છે.

o કીર્તિની ઇચ્છા મનુષ્યોના અભિપ્રાયને માન આપી, આત્માની સ્વતંત્રતાને વેચાવા દે છે.

<u>કીર્તિ તો સદાચરણનો પડછાયો છે.</u>

<u>તે સત્કર્મોની પાછળ આપોઆપ જ આવે છે.</u>

સત્કર્મો કીર્તિ મેળવવા નહિ, પણ આત્મવિકાસ માટે છે.

સત્કર્મો કરવા પાછળ કીર્તિની ઇચ્છા રાખવી, એ પોતાના આત્મા ઉપર જ અંકુશ મૂકવા જેવું છે.

કીર્તિ લાખો જીહ્વાવાળી ડાકિની છે. તેની થોડી જીભો ગુણ ગાતી હોય, બાકી થોડી નિંદાનું કાર્ય કરતી હોય છે. તમે કેટલાનું મન સાચવશો? દરેકનો અભિપ્રાય સરખો થાય તે ખાતર પોતાની સ્વતંત્રતા ગુમાવવી એ ઠીક નથી.

કારતક વદ - ૬

## પવિત્રતા

આત્મા મન-વચન-કાયાના વિકારોને વશ થઈ ન રહે પણ મન-વચન-શરીર આત્માને આધીન રહી વર્તી શકે, તેનું નામ 'પવિત્રતા' છે. આત્મમાર્ગમાં આગળ વધવાની ઇચ્છાવાળાને પવિત્રતા એ મુખ્ય સાધન છે.

જીવહિંસા ન કરવી, પરિગ્રહ ન રાખવો,
તપ-ધ્યાન અને કાયોત્સર્ગ આદિ કરવાં.

એ આદિ પ્રકારના ઉપદેશનો અર્થ નક્કી કરવા માટે જ શાસ્ત્રકારોએ ચાર પ્રકાર પાડી બતાવ્યા છે:

(૧) માર્ગભ્રષ્ટ પુરુષ માર્ગ જાણવા માટે અરણ્યમાં દૂરથી કોઈને દેખે તે પદાર્થ.

(૨) શંકા પડે તે વાક્યાર્થ.

(૩) નિઃશંક થાય તે મહાવાક્યાર્થ.

(૪) તદનુસાર પ્રવર્તે તે ઐદંપર્યાર્થ.

કોઈ નગરમાં જતી વખતે વિષમભૂમિની પ્રાપ્તિ થતાં શત્રુ પકડવા તત્પર થયે છતે ભાગતાં ભાગતાં માર્ગ ભૂલેલાને માર્ગનું ભાન કરવા માટે જે રીતનું ભાન, સંશય, નિર્ણય અને પ્રવૃત્તિ થાય, તે ચાર પ્રકારનો અર્થ કહેવાય છે.

ઐદંપર્ય = સારાતત્ત્વ, પરમ પ્રધાન રહસ્ય, ભવહૃદય,
રાગ-દ્વેષનો ત્યાગ, કર્મનિર્જરા, સમત્વભાવ, મોક્ષપ્રાપ્તિ.

० દાનની પ્રશંસામાં પ્રાણીનો વધ

અને દાનના નિષેધમાં ભોગાન્તરાય - વૃત્તિચ્છેદ.
ધર્મ વિરુદ્ધ હિંસક દાનની પ્રશંસાનો નિષેધ છે.
દાનની પ્રશંસા અથવા નિષેધનો સર્વ સામાન્ય અર્થ
અભિપ્રેત નહિ, પણ વિશેષ અર્થ અભિપ્રેત છે.
આગમની આજ્ઞા એ મોક્ષનો હેતુ છે. તે ઐદંપર્ય છે.
તત્ત્વથી રાગ-દ્વેષ એ પરિગ્રહ છે, પરિગ્રહ એ પરિગ્રહ નથી.
ગમ-અર્થ માર્ગ તે પ્રત્યેક સૂત્રને અનંત છે.
સર્વ નદીની વાલુકા, સર્વ ઉદધિનું જલ...
તેનાથી ય અનંતગણો એક સૂત્રનો અર્થ કહ્યો છે.
અનભિનિવિષ્ટને જ્ઞાન એ જ્ઞાન છે.
અભિનિવિષ્ટને જ્ઞાન એ મિથ્યા જ્ઞાન છે.
‘ठगો આણા ।’
નિરાગ્રહીને શ્રુત સંગ્રહનય સમ્યક્ હોય છે.

० યદ્યપ્યુપાયાશ્ચત્વારઃ પ્રણિતાઃ સાધ્ય-સાધને ।
સંખ્યામાત્રં ફલં તેષાં સિદ્ધિઃ સામ્નિ પ્રતિષ્ઠિતા ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

अति-तीक्ष्णोऽपि दावाग्निर्दहन् मूलानि रक्षति ।
समूलमुन्मूलयति वायुर्मृदुशीतलः ॥

(परिशिष्ट-२)

भगवन् ! किं तत्त्वं ? उचितानुष्ठानं ।
અર્થ: હે ભગવંત! તત્ત્વ શું છે? ઉચિત અનુષ્ઠાન.
'यदा यदा कर्त्तुमुचितं ध्यानमध्ययनं देवतापूजादि-साधु-
दानादि च तत् तदा विदध्यादित्येवं लक्षणम् ।
उचितत्वमन्तरेण एतदेवानुष्ठानं
छात्ररत्नपरिच्छित्तितुल्यं भणितं ।
यथा संपूर्ण-भोजनाच्छादनादि-सौख्यस्य पुंसो
विशेष विभवाकांक्षायां रत्नपरीक्षणमुपज्ञं स्यात्,
तथा साधोः शिक्षित-निखिल-साधु-समाचारस्य
सम्यगभ्यस्त-धर्मध्यान-शुक्लध्यान-योग्यसूत्रार्थस्य
शेष-विहितानुष्ठानबाधया प्रागुक्तमेव ध्यानमिति ।
श्रमणोपासकानामपि शेषविहितानुष्ठानबाधया
समुचितसमये उक्तमेव नमस्कारादिध्यानमिति ।
-८९७ / उपदेश पद (परिशिष्ट-३)

धर्मं यो बाधते धर्मं न स धर्मः सतां मतः ।
अविरोधेन यो धर्मः स धर्म इति कीर्तितः ॥

ભાવાનુવર્ત્તન-નયેન મૃદુઃ સ્વરો મધ્યમો વા યઃ
શિક્ષણીયસ્ય પ્રાણિનો ભાવો
મનઃપરિણામસ્તસ્યાનુવર્તનમેવ નયો નીતિઃ,
સમ્યક્શિક્ષણાભાવનેનૈવ ચ પ્રધાના નીતિઃ કાર્યસિદ્ધૌ।
- ઉપદેશપદ, ૮૮૮ (પરિશિષ્ટ-૪)

૦ નિવૃત્તિના માર્ગે ચાલતાં શરૂઆતમાં સર્વ વસ્તુનો અને તેના ઉપરની આસક્તિનો ત્યાગ કરવો પડે છે. તે વખતે જીવને બહુ દુઃખ થાય છે, કેમકે નિવૃત્તિના માર્ગની શાંતિનો આસ્વાદ હજી તેને મળ્યો પણ નથી અને પ્રવૃત્તિનો ત્યાગ કરવો પડે છે. આ આધાર વગરના માર્ગે ચાલવા જેવું મુશ્કેલી ભરેલું લાગે છે.

પ્રવૃત્તિના માર્ગ ઉપર લેવું, પરિણમાવવું અને પોતાનું બનાવવું એ પોતાનો વિસ્તાર મનાય છે. નિવૃત્તિના માર્ગ તરફ વધતાં તેથી ઉલટો અનુભવ થાય છે. જીવન લેવાથી નહિ, પણ આપવાથી ટકી શકે છે. પરસ્પર આપ-લે કરવાથી અને પરસ્પરના આધારનો નિયમ સ્વીકારવાથી સર્વ જીવો સ્થિતિ ભોગવે છે અને અસ્તિત્વ ધરાવે છે. આકારવાળી દેહધારી દુનિયામાં આપણે એકલા રહી શકતા નથી, બીજા પુદ્ગલ

ગ્રહણ કરીને વનસ્પતિ આદિ પરમાણુ શરીરોનો ઉપભોગ
કરીને દેવું કર્યા સિવાય આપણું શરીર ટકાવી ન શકાય.

આપણે ગ્રહણ કરેલી કોઈપણ વસ્તુનો ભોગ,
બીજા જીવોની ઉન્નતિ માટે, બચાવ માટે કે
ટકાવી રાખવા માટે આપીને આ દેવું વાળવાનું રહે છે.

આ ત્યાગ સિવાય મનુષ્ય આ સાકાર, દેહધારી વિશ્વમાં
રહી જ શકે નહિ. આ સર્વ વિસ્તારનું મૂળ ત્યાગમાં છે.
આ ત્યાગના પરિણામે સર્વ શુભ વસ્તુઓ પ્રાપ્ત થાય છે.

ભોજનનો અલ્પાહાર કરી ગુરુ પાસેથી ભોજન લઈ,
તેનો પણ આપણે ત્યાગ કરી શકીએ છીએ
અને તે રીતે અભાવ વધી શકીએ છીએ.

બીજાને મદદ કરવા અને અભાવ વધારવા
જે જે કામો અને જે જે ત્યાગ કરવામાં આવે છે,
તે તે કાર્યો સિવાય બધા કામોથી જીવ બંધાય છે.

કર્મના ફળોની ઇચ્છા કર્મના બંધનથી બાંધે છે.
બંધનથી મુક્ત રહેવું હોય તો ભોગ આપતાં શીખવું જોઈએ.
શાશ્વત તત્ત્વ સાથે સંબંધ કરવા અને તેને પ્રગટ કરવા
ભૌતિક વસ્તુઓનો ભોગ આપવો જ જોઈએ,
ભૌતિક વસ્તુઓ સાથેનો સંબંધ છોડવો જ જોઈએ.

શરીરી મર્યાદિત અને આત્મા અમર્યાદિત હોવાથી શરીરી
ગ્રહણ કરીને રહે ને આત્મા આપી - ત્યાગ કરીને જીવે છે.

નિવૃત્તિના માર્ગમાં ત્યાગ રહી જ

સ્વાર્થક લોભાર્થી થઈને આત્માને અભાવ દીસે છે.
શરીરની સાથે એકતા - અભેદતા છે, ત્યાં સુધી ત્યાગમાં
ભય અને ઉદ્વેગ રહે છે, પણ જ્યારે વિવિધ આકારોમાં
રહેલા આત્માને જોવાનો, અનુભવવાનો પ્રયત્ન જીવ કરે છે,
ત્યારે ત્યાગ જ આનંદરૂપે અનુભવાય છે.

ત્યાગમાં જ આનંદની ઝડી વરસે છે.

સંકલ્પજળ રૂપી હથોડી અને
વિચારજળ રૂપી ટાંકણું જીવનને ઘડે છે.

પથ્થરમાં રહેલી મૂર્તિને કારીગર હથોડી અને ટાંકણા વતી
જે વિઘ્નરૂપ છે, તેને ફેંકી દઈ મૂર્તિને બહાર લાવે છે,
તેમ જ્યાં સુધી અંદર રહેલ પ્રભુ ન દેખાય,
ત્યાં સુધી તેને આવરણ કરનારી શરીર
તથા મનની ભાગણીઓ રૂપી ધૂળને બહાર કાઢી નાંખો.
તેમ કરવાથી દિવ્ય પ્રભુ તેના સુંદર સ્વરૂપમાં પ્રગટ થશે.

દુઃખ વિના સુખની કીંમત ન અંકાય,
તાપ વિના શીતળતાની કીંમત ન અંકાય.

અરુણોદયની પાછળ સૂર્યોદય રહેલો છે.

દેહદૃષ્ટિ ભૂલી આત્માકાર વૃત્તિ જગાડો,
તો તિરસ્કારવૃત્તિ દૂર થઈ આત્માકારવૃત્તિ, પ્રેમભાવ,
આત્મભાવ પ્રગટ થવા લાગશે. વિચારો બદલવાથી
પ્રતિકૂળ સંજોગો પણ સુખદાયી અને અનુકૂળ લાગશે.

o નિર્વિકલ્પ ધ્યાનની જ્વાળામાં જ
કામવાસનારૂપી કચરો બળીને ભસ્મ થાય છે.

વિશ્વ તરફ પવિત્ર પ્રેમ પ્રગટાવતા રહેવાથી,
વિશ્વ અટવારૂપ મટીને નંદનવન બનશે,
વિઘ્નરૂપ થવાને બદલે મદદગાર થશે.

o ધર્મની દવાઓ ધર્મનાં પુસ્તકોમાં લખેલી છે.
તે પુસ્તકો વાંચવાથી કે સાંભળવાથી અંતરરોગ,
કર્મરોગ નહિ મટે પણ તેમાંથી વાંચેલું કે સાંભળેલું જાતે
વર્તનમાં મૂકો, ત્યારે જન્મ-મરણના રોગથી મુક્તિ મળશે.

આત્મા પોતે, પોતાને, પોતા વડે, પોતામાંથી પ્રગટ કરે છે.

અભિમાનને લીધે પોતાનામાં જ સર્વસ્વ જોવાની વૃત્તિ
તે આત્મશ્રદ્ધા નથી, પણ દુઃખના વિપરીત સંજોગોમાં
અડગ ઊભા રહેવાની શક્તિ તે 'આત્મશ્રદ્ધા' છે.

લતારૂપ થવાના બદલે લતાના આધારભૂત વૃક્ષરૂપ થવાનું છે.

ભીખ માંગવાથી કોઈ આપશે નહિ.
ભીખારીને કોઈ પોતાની પાસે ઊભો પણ રહેવા દેતું નથી.
આત્મા - એ વસ્તુ કોઈ આપી શકે જ નહિ.
બાહ્ય વસ્તુઓનો ભોગ તે આપી શકાય તેવા નથી જ,
તે તો તમે પોતે જ અનુભવી શકો તેમ છો.
આ ભવે પોતાની આત્મભ્રાન્તિના બદલામાં
આત્મભાન ભૂલાવે કર્મ બાંધેલાં છે, પણ
બાંધેલ કર્મો પોતે જાતે જ ભોગવવા પડે છે.

शास्त्राभ्यासो जिनपति-नतिः संगतिः सर्वदार्यैः ।
सद्वृत्तानां गुणगणकथा, दोषवादे च मौनम् ।
सर्वस्यापि प्रियहितवचो भावना चात्मतत्त्वे ।
सम्पद्यन्तां मम भवभवे यावदाप्तोऽपवर्गः ॥१॥
(પરિશિષ્ટ-૫)

o ब्रह्म सत्यं जगन्मिथ्या ।
અર્થાત્: ભાન એ સત્ય છે. અભાન મિથ્યા, અસત્ય છે.
o ખોરાકમાં બાહ્ય મસાલો ભેળવવાને બદલે ભૂખનો મસાલો એ જ ભોગ સાચો સ્વાદ ચખાડનાર તત્ત્વ છે, તેમ સુખ માટે બાહ્ય સામગ્રી મેળવવા કરતાં દુઃખાનુભવને જ સુખ ભોગવવાની સામગ્રી બનાવવી એ બુદ્ધિમત્તા છે.

કોઈપણ બાહ્ય સામગ્રી વિના
દુઃખનો અનુભવ સુખના સ્વાદને ચખાડનારો છે.
ગુંગળામણથી હવાની સમજ
તૃષાતુરતાથી પાણીની કીંમત સમજાય છે.
દુઃખના કારણે જ સુખ પ્રિય લાગે છે.
જેમ સુખ ક્ષણિક છે, તેમ દુઃખ પણ ક્ષણિક જ છે.
સુખ એ સ્વાભાવિક સ્થિતિ છે, જ્યારે દુઃખ કૃત્રિમ
હોવાથી અસહ્ય લાગે છે તથા સુખ વખતે પણ દુઃખની
લટકતી તલવાર સુખનો ઉપભોગ લેવા દેતી નથી.
દુઃખને સુખનું કારણ માનવાથી દુઃખ પ્રત્યે અણગમો
ચાલ્યો જાય અને પછી એકલું સુખ જ અવશેષ રહે છે.
સુખ સત્ય અને દુઃખ મિથ્યા છે, કેમકે
સુખ એ ભાવાત્મક અને દુઃખ અભાવાત્મક વસ્તુ છે.
દુઃખનો અનુભવ તો થાય, પણ તે આત્માનો સ્વભાવ નથી.
દુઃખ ક્ષણિક હોઈ તેને દૂર કરી શકાય છે.
સુખ આત્મસ્વભાવ હોવાથી કાયમ રહે છે.
દૂધમાંના ઘીની જેમ જીવનના દ્વંદ્વોમાં નિર્દ્વંદ્વતત્ત્વ રહેલું છે.
જગત તરફ તિરસ્કારથી જોવાની જરૂર નથી,
પણ એમાંથી પરમ તત્ત્વ શોધી લેવાનું છે.

o જેમ નિર્વાહ માટે ધંધો જરૂરી છે,
તેમ આત્મવિકાસ, જીવનની અભિવ્યક્તિ અને
આત્માના પ્રગટીકરણ માટે ફુરસદની ખાસ જરૂર છે.
મનુષ્યનું મૂલ્યાંકન તેના ધંધા-રોજગારથી નહિ, પણ
ફુરસદનો વખત કેમ ગાળે છે, તેના પરથી થઈ શકે છે.

## પ્રેમ

માની મમતા, સંતાનની કૃતજ્ઞતા, મિત્રનો મનમેળ, સ્ત્રીત્વનું
સમર્પણ, પુરૂષત્વનો પોકાર, ભક્તની સાંનિધ્ય ઝંખના
એ વિશ્વમાં ચાલી રહેલા મહાસંવાદના અભિજાત દર્શનો છે.
જેની સાથે હૃદય એકતા કે સંવાદ અનુભવે, તે પ્રિય બને.

સૃષ્ટિમાં રહેલો ગૂઢ અનિવાર્ય
એકતા કે વૈવિધ્યમાં રહેલો દિવ્ય સંવાદ,
જ્યારે કોઈના જીવનમાં અણુમાત્ર પણ પ્રવેશે છે, ત્યારે
તે પોતાના નાના 'હું' ને ભૂંસી, મોટા એકમ તરફ ખેંચાય છે.
માનસશાસ્ત્રીઓનો 'અહમ્' સૃષ્ટિમાં પોતાને જુએ છે
અથવા પોતાનામાં સૃષ્ટિને જુએ છે.
આ આકર્ષણ, 'અહમ્'નો વિસ્તાર, સંવાદનું બળ,
મમત્વ કે પ્રેમ, જે કહો તે એક જ છે.
પ્રેમનો જ તે પ્રસાદ છે. પ્રેમની જ તે માધુરી છે.

# સામાયિક

આત્મા જ સામાયિક અને આત્મા જ સામાયિકનો અર્થ. સામાયિક = આત્માની સ્વાભાવિક સ્થિતિને પ્રાપ્ત થવું, તેમાં તલ્લીન થવું તે. એ સ્થિતિ પ્રત્યે લઈ જનારા સાધનો વ્યવહારનયની દૃષ્ટિએ સામાયિક છે. સમ્યક્ત્વ-શ્રુત-વિરતિ સામાયિકનું સાધ્ય ભાવસમાધિ છે. ભાવસમાધિ, ઉદાસીનતા, મધ્યસ્થતા, વીતરાગતા, સમતા એક જ છે. મોક્ષમાં જોડનારો ધર્મવ્યાપાર, રત્નત્રયીની પ્રાપ્તિ કરાવનાર, સમત્વને સાધી આપનાર કુશલાનુષ્ઠાન અને ક્લેશોત્પાદક વૃત્તિઓનો નિરોધ કરવાનું સર્વોત્તમ સાધન તે સામાયિક.

સામાયિકમાં સાધ્ય એ સમત્વ છે,
સાધક એ સર્વવિરતિ - દેશવિરતિ અને સાધન એ
સાવદ્યનું પચ્ચક્ખાણ - નિરવદ્યનું યથાશક્તિ અનુસરણ છે.

પુદ્ગલની રતિ કે રસનો ત્યાગ કરી,
તેમાં વિરતિ-વિરસતા અને આત્માભિમુખવૃત્તિ રાખવી.

દેહ - મન - ઇંદ્રિયોમાં હુંપણાની વૃત્તિ અને પાર્થિવ વસ્તુઓમાં મારાપણાની બુદ્ધિના બદલે આત્મામાં આત્મપણાની અને આત્મગુણોમાં મમપણાની બુદ્ધિ એ વિરતિનો પાયો છે. આત્માભિમુખ, આત્મસન્મુખ થઈને આત્મલક્ષ્યપણું રાખવું એ સૌથી પહેલી શરત છે.

દેવ એ સામાયિકની સિદ્ધિ કરનાર અને ગુરુ એ સામાયિકની સાધના કરનારા છે. તેમના પ્રત્યે રાગ રાખવો.

જેઓને સ્યાદ્વાદ શૈલીનો અભ્યાસ નથી,
તેઓ પ્રવચનને યથાર્થ રીતે સમજી શકે નહિ.

કુશીલ, અનુભવ કે સિદ્ધાંતવિહીન સાહિત્ય
વાંચવાથી લાભ નથી, પણ નુકસાન છે.

સ્વાધ્યાય વડે વિશ્વવ્યવસ્થાનું જ્ઞાન મેળવવું જોઈએ.
જપ, ધ્યાન અને ઈશનું સ્વરૂપ જાણવું જોઈએ.

સ્વાધ્યાય દ્વારા ઘણું મનનું સમાધાન થાય અને
ક્લેશને શાંત કરવામાં ઉપયોગી નિવડે છે.

મૈત્રીભાવવાળાને દુઃખ, ચિંતા, ભય કે ગ્લાનિ નથી,
તેને હંમેશાં આનંદ અને શાંતિ જ રહે છે.

શુક્લધ્યાનમાં તર્ક-વિતર્ક, સંકલ્પ-વિકલ્પ હોતાં નથી.
દુઃખનું મૂળ કલ્પના અને તર્ક છે.
તે મનને નચાવે છે, રાગ-દ્વેષમાં રગદોળે છે.
કલ્પનાનો નાશ થતાં જ્ઞાનાવરણાદિ નાશ પામે છે.

મૈત્રી = સકલ જીવોને મિત્ર માનવાની વૃત્તિ.
પ્રમોદ = અન્યની ઉન્નતિ જોઈને આનંદ પામવાની વૃત્તિ.
કરુણા = દીન-દુઃખીને જોઈને દયા અને અનુકંપાની વૃત્તિ.

માધ્યસ્થ્ય = વિપરીત માનસ ધરાવનારાઓ પ્રત્યે તથા નિઃશંકપણે ક્રૂર કર્મ કરનારાઓ પ્રત્યે ઉદાસીન વૃત્તિ, ન તિરસ્કાર, ન અનુમોદન.

આ ભાવનો સંક્ષેપ એક મંત્રમાં થાય છે.

જ્યાં ઊંડે ઊંડે મિત્રતાનો ભાવ નહિ,
ત્યાં પ્રમોદ ઊગતો નહિ, કરુણા સ્ફુરતી નહિ,
માધ્યસ્થ્ય અનુભવ કરી શકાતો નહિ.

સૌ સુખી, સૌ નીરોગી થાઓ, કલ્યાણમાર્ગને અનુસરો.

ભક્તિ એ કાળજું, જ્ઞાન એ મસ્તિષ્ક, કર્મ એ હાથ-પગ છે.

ભક્તિથી આરોગ્ય, બોધિલાભ અને સમાધિ મરણ મળે.

પરાભક્તિ-પરમભક્તિ વડે સમાધિ મરણ, શાંતિયુક્ત મૃત્યુ તથા આરાધનાયુક્ત મરણ પામી શકાય છે.

સ્તવન જાપથી અને કીર્તનથી થાય છે.

પ્રત્યેક જિનાધિગમ એ શુદ્ધતત્ત્વનો સાક્ષાત્કાર છે.

અજપાજપ એટલે નાભિગત પરાવાણીથી થતા જાપ તે.

ચાંદીના સિક્કાનું ઉદાહરણ લઈએ, તો તેમાં
ચાંદી એ ભાવ છે, વર્ણોચ્ચાર અને અર્થચિંતન એ છાપ છે.

સ્થાપનાચાર્ય એ વિનયનું, મુહપત્તી એ સંયમનું, રજોહરણ અહિંસાનું અને જપમાલિકા એ ઉપાસનાનું પ્રતીક છે.

## ઉપયોગ અને [illegible]

આપણા સામાન્ય ઉપયોગને છિન્ન જ્ઞાન સમાન કહ્યો છે, જ્યારે વિશિષ્ટ ઉપયોગ એ પ્રગટ જ્ઞાન સમાન કહ્યો છે. જ્ઞાનના છેદ વખતે પણ જ્ઞાનના પુદ્ગલો રહેલ છે, માત્ર દેખાતા નથી. 'દેખાતા નથી' એટલે વિશિષ્ટ ઉપયોગ રૂપે હોતા નથી, સામાન્ય ઉપયોગરૂપે રહેલ છે.

જેનાથી જિન ઉપાસના તે '[illegible]' કહેવાય છે.

જેમ લૌકિકકાર્યની સિદ્ધિ રાજા અને મંત્રીના આજ્ઞાથી થાય, તેમ લોકોત્તરમાં રાજાના સ્થાને જિનેશ્વર અને મંત્રીના સ્થાને ગુરુની આજ્ઞાથી કાર્યની સિદ્ધિ થાય છે. કર્તા - સાધ્વાદિ, કર્મ - ક્રોધાદિ, ક્રિયા - પ્રતિક્રમણાદિ. વંદનાયને વંદનથી પાપકર્મનો નાશ, વિદ્યા - બળ - યશ તથા સદ્ગુણોનો વિસ્તાર અને આયુષ્યની વૃદ્ધિ થાય છે.

વંદના એ ધર્મનું મૂળ છે.

તેનાથી ધર્મશ્રદ્ધા, ધર્મશ્રવણ, ધર્માચરણ પેદા થાય છે. વંદનથી કર્મના ગાઢ બંધન શિથિલ થાય, દીર્ઘ સ્થિતિ અને બહુપ્રદેશો અલ્પ બને અને તીવ્ર અનુભવ મંદ થાય છે.

વંદનથી નીચ ગોત્ર ખપે છે, ઉચ્ચ ગોત્ર બંધાઈને સૌભાગ્ય અને અપ્રતિહત આજ્ઞૈશ્વર્ય મળે છે.

જગદ્ગુરુ જિનેશ્વરો અને કલ્યાણમિત્ર સદ્ગુરુઓને વંદન
પાપપ્રતિઘાત અને ગુણ બીજાધાન માટે થાય છે.

દર્શનાચારની શુદ્ધિ માટે દેવવંદન તથા
જ્ઞાનાચારની શુદ્ધિ માટે ગુરુવંદન છે.

પ્રારંભમાં દેવ અને ગુરુની પૂજા કરવી,
તે મંત્રશાસ્ત્રમાં 'પૂર્વસેવા' કહેવાય છે.

જીવ અથવા આત્મા જેવા ગૂઢ વિષયનું જ્ઞાન
ગુરુ વિના પ્રાપ્ત થવું અશક્ય છે.

લોકરંજન કે ઉદરપોષણહેતુ નિમિત્તે વેષ અને ક્રિયા ધારનારને 'ગુરુ' ન ગણાય. ગુરુભક્તિશૂન્યના - ગુરુ વિનાના તપ, વિદ્યા, વ્રત અને કુળ - શબના અલંકારતુલ્ય છે.

વિનયના ૫ પ્રકાર

લોકોપચાર, અર્થ, કામ, ભય અને મોક્ષ વિનય.

મોક્ષ વિનયના ૫ પ્રકાર

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને ઔપચારિક વિનય.
વિવિધ ઉપચારો વડે ગુરુનો આદર-સત્કાર કરવો.
વિનયથી ધર્મ, કીર્તિ, શ્રુત અને નિઃશ્રેયસનો લાભ થાય.

આચારનું મૂળ વિનય છે.

ગુરુને વિધિપૂર્વક વંદન કરવાથી વિનય થાય છે.

સેવા-ભક્તિ પણ વિનય છે.

જઘન્ય વંદન ફિટ્ટાવંદનને, મધ્યમ સ્તોભવંદનને તથા
ઉત્કૃષ્ટ વંદન દ્વાદશાવર્તવંદનને કહેવાય છે.

અરિહંતપદ મેળવવા માટે વિનય, માનભંગ, ગુરૂપૂજન, આજ્ઞાપાલન અને શ્રુતધર્મ અનિવાર્ય છે. શ્રુતધર્મની પ્રાપ્તિ થતાં ષડાવશ્યકનું વાસ્તવિક રહસ્ય સમજાય છે.

જ્ઞાન એ જીવાદિ તત્ત્વોનો બોધ છે,
દર્શન એ જીવાદિ તત્ત્વની શ્રદ્ધા કે
તેને કહેનાર દેવ-ગુરૂ-શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધા છે,
ચારિત્ર એ વીતરાગતા માટે પ્રયાસ છે અને
તપ એ ઇચ્છાનિરોધ છે.

વિશુદ્ધ લેશ્યા, પરિણામ વિશુદ્ધિ, ન્યાયબુદ્ધિ એકાર્થક છે.

કારતક વદી ૭, શુક્રવાર

ભગવાનની સ્મૃતિ એ મહાન પુણ્ય, પરમ સૌભાગ્ય, અતુલનીય બુદ્ધિમત્તા, આદર્શ સદ્ગુણ, દિવ્ય સંપત્તિ અને સમસ્ત સદ્વૃત્તિઓની જનની છે. ભગવાનની વિસ્મૃતિ એ ઘોર દુઃખ, દુઃસહ દૌર્ભાગ્ય, મહામૂર્ખતા, જઘન્યવૃત્તિતા સમસ્ત અસત્ વૃત્તિઓની ઉત્પત્તિ છે, કેમકે તેનાથી રજોગુણ અને તમોગુણની પ્રબળતા ઉત્પન્ન થાય છે.

એના વડે અહંકાર, અભિમાન, દ્વેષ, ક્રોધ, હિંસા અને
મિથ્યાચાર આદિ બધા ઉત્પત્તિકેન્દ્ર દુઃખમય બને છે.
આ બધા દુર્ગુણો, દુરાચારો અને દુષ્ટવૃત્તિઓથી
બચવું હોય તો નિરંતર ભગવાનનું સ્મરણ કરો.

સર્વ પ્રવૃત્તિઓ વખતે પ્રભુસ્મરણ ચાલુ રાખો,
તો અસત્વૃત્તિઓ ચાલી જશે નક્કી.
જીવમાત્રમાં ભગવાનના દર્શન કરો.
'પ્રત્યેક જીવમાં ભગવાન વસે છે,
પ્રત્યેક જીવ ભગવાનનું શરીર છે,
ભગવાન પ્રત્યેક જીવના રૂપમાં પ્રકટ થઈ રહ્યા છે'
એ નિશ્ચયપૂર્વક પ્રત્યેક જીવનું સન્માન કરો,
પ્રત્યેકને સુખ પહોંચાડો, પ્રત્યેકના હિતનું સાધન કરો.
કોઈને હીન કે નીચા ન માનો. હીનતા - દીનતા - નીચતા
સમજવી હોય તો પોતામાં સમજો, જે વાત સાચી પણ છે.
ભગવાનની સામે જે પોતાનામાં હીનતા-દીનતા
સમજને નમ્ર રહે છે, તેના ઉપર ભગવાની કૃપા વરસે છે.
ભગવાનને દૈન્ય પ્રિય છે, અભિમાન અપ્રિય છે.
ભગવાન અભિમાનના ચૂરે-ચૂરા કરી નાંખે છે,
દીનતા અને નમ્રતાને અપનાવે છે.

ભગવાન જેને આપનારે તે જ વાસ્તવિક રીતે
ભાગ્યશાલી અને શુભચારિત્રવાન છે.

જે ભોગોનો ગુલામ છે, અનિત્ય અને દુઃખજનક એવા ભોગોનું જેના ઉપર આધિપત્ય છે, તે અત્યંત નિર્ભાગી અને પાપી છે. તેને કેવળ દુઃખ ને દુઃખ જ નસીબમાં છે.

જે પોતે માનરહિત અને બીજાને માન આપવાવાળો છે, પોતે આશાદિ રહિત, બીજાની આશાઓને યથાશક્ય અને યથાસાધ્ય પૂર્ણ કરવાવાળો છે,
પોતાના દુઃખને દુઃખ ન માની બીજાના દુઃખને પોતાનું દુઃખ માની તેને દૂર કરવા માટે દુઃખને સ્વીકારે છે,
પોતાના અધિકારનો ત્યાગ કરી બીજાના અધિકારની રક્ષા કરે છે, તે જ વસ્તુતઃ સર્વને, ભગવાનને ભજનારો અને ભગવાનની સેવા કરનારો છે. એવો આત્મા પ્રતિક્ષણ પોતાની પ્રત્યેક પ્રવૃત્તિથી જગતમાં દૈવી સંપત્તિ, ભગવદ્ભાવ અને સ્વયં ભગવાનનું જ વિતરણ કરે છે.
તેનું જીવન સફળ અને ધન્યવાદપૂર્ણ છે.

જે પોતાના જન્મ અને જીવન વડે પોતાના દેશ, ધર્મ, જાતિ, માતા અને પિતાને ધન્ય કરે છે,
તે યુગો સુધી બીજાને દૃષ્ટાંતભૂત બને છે.

ન્યાયબુદ્ધિ, મધ્યસ્થ દૃષ્ટિ અને ભાવ વિશુદ્ધિ એકાર્થક છે.
દ્વાદશાંગી એ પરિણામની વિશુદ્ધિ અર્થાત્ ન્યાયબુદ્ધિ
વિકસાવવા માટે છે. ન્યાયબુદ્ધિ એ સર્વ જીવોને આત્મ-
સમ ગણી, આત્મતુલ્ય પ્રેમ-મૈત્રી વિકસાવવા માટે છે.
દ્વાદશાંગીનો સાર ન્યાય, સ્યાદ્વાદનીતિ, સમન્વયબુદ્ધિ છે.
સર્વને સમાન લેખવાની અને કોઈને અન્યાય ન
પહોંચાડવાની વૃત્તિ છે, પછી તે વ્યક્તિ, વિચાર, પદાર્થ
અથવા પદાર્થનો ધર્મ હો. સર્વને ન્યાય આપવાની,
સ્વીકાર કરવાની વૃત્તિનું નામ 'સ્યાદ્વાદ પરિણતિ' છે.

સામાયિકથી ન્યાયી અવસ્થા પ્રાપ્ત થાય છે.

શીલ, સદાચાર, સંયમ વગેરે સામાયિકનાં ફળ છે.

ઉદાસીનતા, પ્રેમ, વીતરાગતા, માધ્યસ્થ્ય,
ન્યાયબુદ્ધિ, ન્યાયયુક્ત આચરણ આદિ નવકારના ફળ છે.

નવકારનો અધિકારી નિરાગ્રહ વૃત્તિવાળો
અને વિશિષ્ટ નિપુણમતિવાળો બને છે.

કાયોત્સર્ગના ચાર લાભ

દેહની જડતા, મતિની મંદતા, તત્ત્વનું ચિન્તન, શુભધ્યાન.
આ ચાર વસ્તુનો લાભ કાયોત્સર્ગ વડે થાય છે.
સુખ-દુઃખની તિતિક્ષા વડે તત્ત્વચિંતન-શુભધ્યાન થાય છે.

દેવ, મનુષ્ય, તિર્યંચના ઉપસર્ગ સહવાનું બળ આવે છે.
વાસી ચંદનકલ્પ સમાન સ્થિતિ પ્રાપ્ત થાય છે.
ઉચિત વ્યવહારના પાલનથી મનની શુદ્ધિ, ચિત્ત વિશુદ્ધિ થાય
અથવા મનની શુદ્ધિ ઉચિત આચારના પાલનથી સમજાય.

## અહંકારનાશના મૂળ ઉપાયો

ચતુઃશરણ, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદન.
રજોગુણની વૃદ્ધિથી અહંકાર, તમોગુણથી પાપ - વિકાર જાગે.
તે બન્ને ગુણોની વૃદ્ધિ અટકાવવાનો ઉપાય
પરમાત્મનામસ્મરણ અને નમસ્કાર મહામંત્રનું ધ્યાન છે,
પ્રથમ પરમેષ્ઠિ ભગવંતની ભાવનાનું સતત આરાધન છે.
સમ્યગ્જ્ઞાન = સર્વ જીવો - પદાર્થ સાથેના સંબંધનું જ્ઞાન.
ભાન = સમ્યગ્દર્શન. શ્રેષ્ઠ વ્યવહાર = સમ્યક્ચારિત્ર.
જેવા પ્રકારનું ધ્યેય હોય, તેવું ધ્યાન થાય
અને જેવા પ્રકારનું ધ્યાન થાય, તેવું ફળ મળે.
વીતરાગતા વૃત્તિઓને શમાવનાર છે.
સરાગતા વૃત્તિઓને ફોલ પમાડનાર છે.
સચ્ચિદાનંદ બ્રહ્મથી પોતાનો અભેદ સ્વીકારીને જે
ધ્યાન થાય તે 'નિર્ગુણ' અને સ્વરૂપ, મૂર્તિ, રૂપ,
લક્ષણ અને ગુણનું ધ્યાન તે 'સગુણ' કહેવાય છે.

કૌતુક માટે પણ અસદ્ ધ્યાનોનું અવલંબન લેવું નહિ.
સ્થિર અધ્યવસાયો = અવસ્થિત કે વિષયાનુરૂપ ધ્યાન.
'ચલ' એટલે અનવસ્થિત. તે 'ચિત્ત' કે 'ચિન્તન' ઇત્યાદિ.

ગાયને ચાર પગ, બે શીંગડા, ગળે ગોદડી
અને સ્વભાવે ગરીબ, તે ગાયનું 'ધ્યાન' છે.

તે ભેંસ કરતાં અધિકું દૂધ આપે છે વગેરે 'ચિન્તન' છે.
કેવલીને મન સંબંધી નહિ, પણ યોગનિરોધ રૂપ ધ્યાન છે.
ઇચ્છાભેદથી ધ્યાનનો ભેદ પડે છે. છદ્મસ્થના જે ધ્યાનોમાં
મન હોતું નથી, પણ અંગની નિશ્ચલતા જરૂર હોય છે.
તેને જ ઉપચારથી કે શબ્દાર્થની બહુલતાથી 'ધ્યાન' કહે છે.

સંયમનો જય કરવાથી જ્ઞાનનો પ્રકાશ થાય છે.

છ આવશ્યકથી શું થાય ?

સામાયિકથી સમત્વ સિદ્ધિ, ગુરૂવંદનથી જ્ઞાન-ક્રિયા કૌશલ્ય,
ચઉવિસત્થાથી રત્નત્રયી મિલન,
પ્રતિક્રમણથી આત્મશુદ્ધિ, કાયોત્સર્ગથી ધ્યાનવૃદ્ધિ અને
પ્રત્યાખ્યાનથી સંયમની પુષ્ટિ થાય.

સાધુઓની પર્યુપાસનાથી શું મળે ?

સવણે નાણે ય વિન્નાણે પચ્ચક્ખાણે ય સંજમે ।
અણણ્હવે તવે ચેવ વોદાણે અકિરિયા સિદ્ધી ॥

પદ્ધતિ: (૧) શ્રવણ કરવું (૨) જ્ઞાન મેળવવું (૩) વિજ્ઞાન-વિશિષ્ટ જ્ઞાન મેળવવું (૪) પ્રત્યાખ્યાન કરવું (૫) સંયમ પાળવો (૬) અનાશ્રવ થવું (૭) તપ કરવું (૮) કર્મનિર્જરા કરવી (૯) અક્રિય થવું (૧૦) અંતે સિદ્ધિ પ્રાપ્ત કરવી. સાવદ્યયોગ વિરતિ, તીર્થંકરોની ભક્તિ, ગુરુનો વિનય, આત્મશોધન અને ધ્યાન એ સૌ સંયમ ધારણા માટે છે.

પ્રત્યાખ્યાન એ સંતોષગુણના ધારણ માટે છે.

સંતોષગુણ એ આત્મસ્વભાવનો અનુભવ છે.

દ્રવ્યપ્રત્યાખ્યાન અંતરના ઉલ્લાસરહિત લોભ અને ભયથી, કીર્તિની કામનાથી, મંદ ઉત્સાહથી, અપરિણામ, વાદોભય અને ભવ્યાદિ અપેક્ષાથી થાય છે. ભાવ પ્રત્યાખ્યાન એ અંતરના ઉલ્લાસથી છે અને તે સમ્યક્ચારિત્રરૂપ છે.

પ્રારંભમાં દ્રવ્યપ્રત્યાખ્યાનનો આશય ઉપકારક છે, કેમકે તેમાં જિનની આજ્ઞાનું પાલન છે.

ફાસિઅં = વિધિપૂર્વક લેવું. પાલિઅં = તે પ્રમાણે પાળવું.

સોહિઅં = અતિવિધાન વડે શોભાવવું.

તીરિઅં = થોડો અધિક સમય જવા દેવો.

કીટ્ટિઅં = કીર્તના કરવી, પ્રશંસવું, 'સારું થયું' એમ માનવું.

આરાહિઅં = કર્મક્ષયનો હેતુ લક્ષમાં રાખીને કાર્ય કરવું.

કારતક વદી - ૮

<u>પ્રતિક્રમણા</u> = નિવૃત્તિ. <u>પ્રતિહરણા</u> = ગર્હા.
<u>પ્રતિચરણા</u> = નિંદા. <u>પ્રતિવારણા</u> = શોધન.

અતુલ <u>ઉપશમગુણની પ્રાપ્તિ શેનાથી</u> ?

મનની મગ્નતા, ત્યાગની તાલીમ, ચારિત્રગુણની ધારણા, આસ્રવના નિરોધ તથા તૃષ્ણાના ઉચ્છેદથી થાય.

કરુણા જીવમાત્રનો ધર્મ છે.

પૂર્ણ કરુણા એ પૃથ્વી સમાન, તેથી ઉતરતી ઘનોદધિ, તેથી ઉતરતી ઘનવાત, તેથી ઉતરતી તનવાત સમાન છે.

<u>પ્રતિજ્ઞા વાક્ય</u>: શિવમસ્તુ સર્વ જગતઃ,
<u>હેતુ વાક્ય</u>: પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ।
<u>ઉપનય</u>: દોષાઃ પ્રયાન્તુ નાશં,
<u>નિગમન</u>: સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥

ધર્મથી સુખ અને અધર્મથી દુઃખ થાય છે.
સ્વાર્થપરાયણતા એ અધર્મ, પરાર્થપરાયણતા એ ધર્મ છે.
પરાર્થપરાયણતારૂપી ધર્મ વડે સ્વાર્થપરાયણતારૂપી દોષનો નાશ કરી 'સર્વત્ર લોક સુખી થાઓ' એ શિવમસ્તુ સર્વ જગતઃ રૂપી આશીર્વાદાત્મક વાક્યની સફળતાનો ઉપાય છે.

ભગવાન, સંત અને ધર્મ પરદુઃખભંજન હોય છે.
સ્વના વિચારમાંથી સર્વના વિચારમાં લઈ જનાર ધર્મ છે
અને તેનો ઉપાય પરાર્થવૃત્તિ તથા પ્રવૃત્તિ છે.

<u>૬ આવશ્યકમાં જ્ઞાન - ભક્તિ - કર્મયોગ</u>

સામાયિક એ <u>જ્ઞાન</u> છે.
ચતુર્વિંશતિસ્તવ અને ગુરુવંદન એ <u>ભક્તિ</u> છે.
પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ <u>કર્મ</u> છે.
ટૂંકમાં સર્વ જીવોને આત્મતુલ્ય જાણવા એ જ્ઞાન,
માનવા એ ભક્તિ અને વર્તવા એ કર્મ છે.
ત્રણેમાં ધર્મ તો એક જ છે અને તે છે સમત્વભાવ.
સમત્વભાવ વિકસાવવા માટે જ છએ આવશ્યકો છે.
૬ આવશ્યકો એ ક્રિયામાર્ગ છે
અને તેને ઉત્તેજનાર જ્ઞાન એ જ્ઞાનાભ્યાસ છે.
અભ્યાસ અને વૈરાગ્ય બન્ને મળવાથી યોગ બને છે.
યોગ = વૃત્તિઓનું એક જગ્યાએ એકત્રીકરણ તે.
મમત્વ છોડીને દેહાસક્તિનો ત્યાગ કરવો એ વૈરાગ્ય છે.
મમત્વનું વિસર્જન કરવું એ વૈરાગ્યનો હેતુ છે.
સમત્વ = સર્વ સાથે સમાનભાવ. એ અભ્યાસ છે.
સમત્વનું સર્જન કરવું એ અભ્યાસનો હેતુ છે.

ધર્મમાર્ગે ચાલવાનું તો પોતે જ છે,
ભગવાન તો ફક્ત સહારો આપી શકે,
માર્ગ દેખાડી શકે, પ્રોત્સાહન આપે, સાવધાન કરી શકે.
જીવન એ એક આનંદ છે,
કે જે લાંબો કાળ ગણતો નથી
પ્રભુ જ્યાં લગી તું જીવે ત્યાં લગી રહે.
પ્રેમ ભીતર જ આકાશ સ્થપાવું છે.

True love is giving and unselfish.
Giving love becomes
an act of complete surrender
in which the object of love,
whether God or a human being
becomes the sole master.
Ordinary love is the selfish
sentiment inspired by
a desire of good for oneself.
It may be love of God or
a human being for some benifit or
to secure joy & happiness.

क्षमा खड्गं करे यस्य दुर्जनः किं करिष्यति। અર્થાત્:
ક્ષમારૂપી તલવાર જેના હાથમાં છે, એને દુર્જન શું કરશે?
પ્રેમ અને ક્ષમા એકાર્થક છે. અત્યંત પ્રેમનું નામ ક્ષમા છે.

'શ્રદ્ધા' એટલે આત્મવિશ્વાસ.

'આત્મવિશ્વાસ' એટલે ઈશ્વરનો વિશ્વાસ.

જેનામાં શુદ્ધતા-પ્રેમ-વિનય-વિવેક ભરેલા છે,
તેની આંખમાં-જીભમાં કંઈક એવું હોય છે,
જેથી બીજાને સાનમાં સમજ થઈ શકે છે.

० समानी व आकूतिः समाना हृदयानि वः
समानमस्तु वो मनो यथा वः सुसहासति।
અર્થાત્: સૌના અભિપ્રાય, હૃદય, મન સમાન હો,
તો જ સંઘશક્તિ વધશે.

દિલ-દિમાગમાં એકતા લાવવાની વાત આધ્યાત્મિક કાર્ય છે.
સત્ચિત્ત અને સત્ચિંતનથી સત્કાર્ય શક્ય બને છે.
આધ્યાત્મિક પ્રતિભા અંદરથી ઉગે છે.

० દેહાસક્તિ, વિષયાસક્તિ, ગૃહાસક્તિ, નિષ્કામવૃત્તિ.

० સેવામાં અમૃત ભર્યું છે, તેનાથી સ્ફૂર્તિ મળે છે.

० સૌથી મોટું ધન એ વિચારધન છે.

સુખ ઉતરાણ - દુઃખ ચઢાણ, બંને વખતે સાવચેતી જરૂરી.

કારતક વદી-૯

'નમો' એ ચંદ્ર છે. 'અરિહંતાણં' એ સૂર્ય છે.

'નમો' એ શુદ્ધ મન છે.

'અરિહંતાણં' એ શુદ્ધ આત્મા છે.

'નમો' મમતાનો ત્યાગ છે.

'અરિહંતાણં' સમતાનો સ્વીકાર છે.

o સર્પ ડસ્યાની નિશાની લીમડો કડવો ન લાગવો તે, તેમ મોહ રોગની નિશાની વિષયસુખ કડવા હોવા છતાં કડવા ન લાગવા અને મીઠા લાગવા તે.

જ્યાં સુધી વિષયની મીઠાશ છે, ત્યાં સુધી મોહનો ઉદય હયાત છે.

કારતક વદી-૧૦

માગવાના 'મોહ' અને આપવાના 'અહં'ને મૂળમાંથી ઊખાડી નાંખવાનું અમોઘ સામર્થ્ય શ્રી નવકારના પ્રત્યેક અક્ષરમાં ભારોભાર ભરેલું દેખાય છે.

સ્વને આપતો ભાવ સરવાળે ભવમાં પરિણમે છે.

ભાવમંગળના મહાસાગર સરખાં સદા શ્રી નવકાર મહામંત્રની આરાધના પ્રત્યે વધતો જતો નિષ્કપટભાવ આગામી શુભનો સૂચક જણાય છે.

## આશંસા અનુષ્ઠાનશૂન્ય ક્રિયાની ઓળખાણ

(૧) વસ્ત્ર, પાત્ર, કીર્તિ આદિ લબ્ધિ-લાભની અપેક્ષાએ થતી,
(૨) સ્વજનાદિના આવર્જનથી કે કુળની લજ્જાદિથી થતી,
(૩) પ્રવૃત્તિથી ગુણ કે નુકસાન શું છે, એની વિચારણાશૂન્ય,
(૪) મૈત્ર્યાદિ વિનાની ક્રિયા આશંસાઅનુષ્ઠાનશૂન્ય ક્રિયા છે.

o માનવજીવનને ઉજાળનારી કૂણ ભાવનાઓ જ છે.
એમાંથી જ સાચી સંસ્કારિતા અને માનવતા જન્મે છે.
આ સંસાર ધૂળ જેવો અને ભગવાન ચિંતામણિ રૂપ છે.
જેમ ધૂળમાં ધાન નીપજે, તેમ સંસારમાંથી મુમુક્ષુ જીવ થાય.
તે મુમુક્ષુને અરિહંત પરમાત્મા મળે તો મુક્ત થાય છે.
ધૂળમાંથી ધાન થાય તે ઘણું આપે તો એક રૂપિયો આપે,
ઘણા રૂપિયા આપે તો સોનામહોર આપે,
ઘણી સોનામહોરના મોતી આપે, ઘણા મોતીનો પારસમણિ
અને ઘણા પારસમણિનો ચિંતામણિ મળે.
આ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધાંત એ છે કે:
પંચવિષયનાં સુખ તે ધૂળના સ્થાને છે,
દેવલોકનાં સુખ દાણા તથા રૂપિયાના ઠેકાણે છે,
ઊંચા દેવલોકના સુખ સોનામહોરને ઠેકાણે,
ગ્રૈવેયક-અનુત્તર પર્યંતના સુખ તે મોતીનાં સ્થાને છે,

સામાન્ય કેવળીનાં સુખ પારસમણિના સ્થાને અને ભગવાન પુરુષોત્તમનું સુખ ચિંતામણિ રત્ન છે. પંચવિષયની વાસનારૂપી મલિનોદય કર્મ જીવને જન્મ-મૃત્યુરૂપી કષ્ટ આપ્યા કરે છે. તે કષ્ટને ટાળવાનાં સાધન ઇંદ્રિયો અને અંતઃકરણ વડે ભગવાનના સ્વરૂપને જાણી, તો જીવ મુક્ત થાય અને મહાસુખને પામે.

o જે મનુષ્ય ઘર બનાવી અને તેમાં રહે છે, તેને ઉનાળાના તાપનું, ચોમાસાના વરસાદનું અને શિયાળાની ટાઢનું દુઃખ ટળે છે, સુખને પામે છે. જીવને જે દેહરૂપી ઘર મળ્યું છે, તેમાં અંતઃકરણ અને ઇંદ્રિયોને ભગવાનની સન્મુખ ચલાવે તો ત્રિવિધ તાપ ટળે.

ભગવાન તરફ ન વાળે અને દેહમાં ઇંદ્રિયો અને અંતઃકરણાદિ આસક્ત થાય તો મહાદુઃખને પામે. જેમ ઘર બાંધીને બારણું બંધ ન કરે તો દુઃખ ન ટળે, ઘરમાં ન પેસે અને બહાર રખડ્યા કરે, તો છતે ઘરે દુઃખી થાય.

ઇંદ્રિયો વડે જે અશુભ વિષયો સેવ્યા કરે, તે દેહરૂપી ઘરમાં ભગવાનને ભેટવાનાં દ્વાર બંધ કરે છે. અધર્મના માર્ગે ચાલવાથી ઇંદ્રિયો અને અંતઃકરણાદિ ભગવાનની તરફના ચોવીસ દ્વારો બંધ થઈ જાય છે.

## ધ્યાન કરવાની રીત

સદ્ગુરુને શરણે તપ, દયા, શીલ, ભક્તિને સિદ્ધ કરી પછી એકાંતમાં જઈ આસન બિછાવી સ્થિર થઈ ધ્યાનમાં બેસવું. ધ્યાનમાં બેસીને ચોવીસ તત્ત્વની વૃત્તિઓને પિંડ-બ્રહ્માંડ સર્વથી પાછી વાળી સર્વનો પોતે દ્રષ્ટા બની, તે વૃત્તિઓને આત્માને વિષે લય કરવી. આમ કરીને જે ગુરુરૂપ અરિહંતનું ધ્યાન કરે છે તે જ કૈવલ્ય પદને પામે છે. બધાનું મૂળ સત્સંગ છે. તેને 'સાતમાનો સિદ્ધાંત' કહે છે. જો સત્પુરુષનો સંબંધ થાય, તો નિયમરૂપી તપ, શીલ અને સંયમાદિ ઇંદ્રિયરૂપી બારણાંથી આવતાં પાપરૂપી કચરાને કાઢવા નાંખે છે, ત્યારે જ મન શુદ્ધ થાય છે તથા ભગવાનને ભજવાનો સાચો અધિકારી થાય છે. એ પછી જ કેવળજ્ઞાન આપનારા અરિહંત ભગવાનનું ભાવપૂર્વક ધ્યાન કરવાનો પણ અધિકારી થાય છે.

o આજ્ઞાબહુમાનશૂન્ય ક્રિયા કરનારને પર્વ દિવસના ઉપવાસ, દાન, અતિથિ સત્કાર, તીર્થસ્નાનાદિ ધર્મક્રિયાથી નિરનુબંધ ફળ મળે. તેને માત્ર ક્રિયાજન્ય પુણ્ય થાય, પણ નિરનુબંધ રહે. આજ્ઞાબહુમાનયુક્ત તીર્થંકર, ગુરુ અને શ્રુતચારિત્રરૂપ ધર્મ ઉપર પણ બહુમાનવાળો સાધક છે,

તેથી તે પોતાનું હિત સાધે અને મેળવે છે.

કેવળ ક્રિયાથી વિશિષ્ટ ફળ મળતું નથી.

મૈત્રી = પરમાં પોતાપણાની બુદ્ધિ, પોતાની પેઠે પરને દુઃખી ન કરવાની ઇચ્છા કે વૃત્તિ, સમગ્ર બ્રહ્માંડ સાથે સુહૃદભાવ.

મહાપુરુષની આંતરિક મોટાઈ જોઈ શકવાની શક્તિ કોઈક વિરલ વ્યક્તિને જ પ્રાપ્ત હોય છે.

બ્રહ્મવેત્તાની મુખ્ય કસોટી તો સંસારના સ્થૂલ પદાર્થોની આસક્તિને છોડી અમર આત્માને સાધવો તેમાં જ છે.

આત્મદર્શનમાં બહિર્મુખતા વિઘ્નરૂપ છે.

સંસાર ત્યજી ન શકે એથી જન્મ એળે ગયો ન મનાય. એ તો આત્માનો વિકાસ સાધીને પાછળ સુવાસ મૂકતા ગયા, તેથી સૂક્ષ્મ રીતે સમાજના અણુઓમાં ઉમેરો કરે છે. મકાન ઊભું રહે અને ટકે છે તેના પાયાની મજબૂતાઈથી. સમાજનો પાયો સંત છે અને તેને આધારે એ ટકે છે.

0 **તારું યૌવન માત્ર મધ્યાહ્ન છે, માટે રાત્રિથી ચેત.**

માત્ર દિવસનો અંત લાગ્યા અને શીઘ્ર ગતિવાળી સંધ્યા બધી મધુર અને બધી જ કડવી વસ્તુઓ લઈ જશે, એટલે કે ગુલાબ - બાવળ બંને લઈ જશે. માટે કહ્યું છે કે:

જે બાળના આનંદ ખાતર જાગે, તે જ ખરેખર જાગે છે.

કારતક વદી - ૧૪

I am Cosmically obliged to all because I excist. આ ભાવ માત્ર માનવને સ્પર્શે છે અને તેથી 'Law of Sacrifice અથવા તો પરાર્થકારિતા મારી ફરજ છે' એ માનવને સમજાય છે અને આ સમજણને માનવ આચરણમાં પલટે છે. વિશ્વના સર્વ જીવો પ્રત્યેનું ઋણ સમજ્યા પછી દેશવિરતિરૂપે અથવા સર્વવિરતિરૂપે સર્વ જીવો પ્રત્યે જે વિશિષ્ટ ભાવ જાગે છે, તે ફરજરૂપે પરોપકાર છે. દાન, શીલ, તપ અને ભાવરૂપી ધર્મ દ્વારા સર્વ જીવો પ્રત્યેનું ઋણ વાળવાનો Positive & Negative પ્રયત્ન છે.

દાન અને ભાવ એ Positive છે અને
શીલ અને તપ એ Negative છે.
Negative કોઈને પીડા ન આપવારૂપ તથા
Positive સર્વને સુખ આપવારૂપ છે.

દેશવિરતિ એ પરને સ્થૂલ પીડા આપવાનો ત્યાગ છે.
સર્વવિરતિ એ સૂક્ષ્મ પીડા પણ ન આપવાની પ્રતિજ્ઞા છે.

તેથી પાછળ સમ્યગ્ દર્શન - જ્ઞાન છે
તે સર્વના હિત, સુખ અને ઋણ સ્વીકારની ચિંતારૂપ છે.

Total surrender is the offspring of the complete consent of the Cosmic obligation.

જેમ અન્ન, જળ, વસ્ત્ર, વસતી એ દેહનાં સાધન છે, તેમ what are the needs for the life of the Soul? સત્સંગ, સામાયિકનાં foods for the Soul: vitamin B એ ભક્તિ છે, vitamin M money એ પ્રામાણિક નાણું છે.

જેમ ઉકળતા પાણીમાં મનુષ્ય પોતાનો ચહેરો ન જોઈ શકે, તેમ ક્રોધી પોતાની ભલાઈ શેમાં છે એ ન જોઈ શકે.
બંધ બાંધવો સરળ પણ સંબંધ બાંધવો મુશ્કેલ છે.
બંધ ટકાવવો સહેલો પણ સંબંધ ટકાવવો મુશ્કેલ છે.
સમત્વવાનનાં અંતરમાં શાંતિ અને જીવનમાં સુખ છે.
સમત્વની સાધના વિના અંતરશાંતિ પ્રાપ્ત નહિ થાય.
સમત્વની સાધના માટે સ્વ સાથેના સર્વના સંબંધને સમજવો પડશે. સ્વની સર્વ સાથેની Harmony કેળવવાના પ્રયોગને જ સમત્વની સાધના કહેવાય છે.
સમત્વની સાધનામાં સર્વના હિત ઉપર શુદ્ધ સ્વરૂપને

હૃદયમાં રહેલ પ્રત્યેક આત્મા સાથે શક્તિ ઐક્ય
એટલે સમત્વનો - સમભાવનો આધાર અનુભવવાનો છે.

ઐક્ય દૃષ્ટિ હૃદય ધરી જ, પામે જે આધાર;
ગુણવંત તે પામશે જ, ભવસમુદ્રનો પાર.

The source of deepest self consciousness, the root of our individual being is fundamentally identical with all beings & if fully sublimed all living beings are similar to pure souls.

સદાચારપાલન માનવ જીવનમાં અનિવાર્ય છે.

કેરીના ઝાડ પર નાના ફૂલ અને કોળાના વેલા પર મોટા ફૂલ આવે તેનું કારણ બુદ્ધિ સમજાય નહિ, પણ જ્યારે તે માથે પટકાય છે ત્યારે તે સમજાય.

ઘંટનો અવાજ પાછો ઘંટમાં ગાજે,
એ વૈજ્ઞાનિકથી નહિ પણ અનુભવથી સમજાય.

શરીર માટે આહાર, મન માટે ભાવના
આત્મા માટે અન્ન છે ભગવાન.

નિષ્ફળ બનો અવશ્ય શરૂ કરવા જોઈએ છે.

અન્નાદ = અન્નનો ઉપભોગી, અન્નવાન, અન્નવાળો.

કોઈપણ રીતે એટલે શાસ્ત્રમાન્ય - નીતિમય રીતે.
વિશુદ્ધ અન્ન એટલે મેળવવાના માર્ગો પણ વિશુદ્ધ હોય.
મનનું અન્ન એ શુદ્ધ ભાવના છે. તેનાથી મન શુદ્ધ
થઈને દિવ્યતા ધારણ કરે છે. આત્માનું અન્ન જ્ઞાન
વિદ્યા છે, જેનાથી આત્મા પરબ્રહ્મ સ્વરૂપ બને છે.
વિશ્વનાં બધાં જેનું વધારેમાં વધારે દાન કરતાં હોય,
એવા કોઈ દાન હોય તો તે 'ભય' છે.
પોતાને ભય જોઈતો નથી, પણ આપવો છે.
આ ઇચ્છા કદી સફળ થતી નથી, કેમકે જે ફળ
જોઈએ છે, તેનાથી વિરૂદ્ધનું વાવેતર થઈ રહ્યું છે.
બાવળો વાવીને આંબો મેળવવાની ઇચ્છા કેમ સફળ થાય?
'હું કોઈને ભય આપું નહિ અને હું કોઈથી ભય પામું નહિ'
આ ઇચ્છાને સફળ થતાં વાર નહિ લાગે.
પેન્શનર અને કારકુન વચ્ચે જે તફાવત છે,
તે પૂર્વ કર્મ અને વર્તમાન કર્મનો છે.
૦ વૈરાગ્યનું મૂળ મૈત્રી છે.
કષાયવિજય માટે ઈંદ્રિયોનો વિજય, તે માટે મન-મમત્વ
ભાવનો, રાગ-દ્વેષનો જય, તે માટે વૈરાગ્ય ભાવનાઓ છે.
મૈત્રી અને કષાયવિજય બંને પર્યાયવાચક શબ્દો છે.

માગશર સુદી - ૨

પઢમં નાણં તઓ દયા । પ્રથમ જ્ઞાન પછી ક્રિયા.
જ્ઞાન એ ધ્યાનનું સાધન અને સાધ્ય પણ છે.
ધ્યાનનું સાધ્ય અપરોક્ષ જ્ઞાન અને સાધન પરોક્ષ જ્ઞાન છે.
પંચમંગલનું જ્ઞાન ધ્યાન માટે છે, તેમાં નિરન્તર રહેવાથી
આત્મસમદર્શિત્વનું જ્ઞાન ધ્યાનીને સ્પષ્ટ થતું જાય છે.
તેની સ્પષ્ટતા સામાયિકની ક્રિયામાં સહાયક છે અને
ક્રિયા સમત્વ સાધવા માટે છે.

માગશર સુદી-૫

'આત્મા પરમાત્મતુલ્ય છે'
એવી શ્રદ્ધા એ બોધિબીજ છે.
'સર્વ જીવો આત્મતુલ્ય છે'
એવી ભાવના એ બોધિબીજને જલસિંચન સમાન છે.
સમિતિ-ગુપ્તિ-મહાવ્રતો એ રક્ષા માટે વાડ સમાન છે.
બાહ્યાભ્યંતર તપ એ બીજને અનુકૂળ પવન આપે છે.
સમ્યગ્જ્ઞાન એ બીજને પ્રકાશ અને તડકો બંને આપે છે.
એકલું શ્રુત એ અર્થને નહિ પણ શબ્દને,
ભાવને નહિ પણ પંક્તિઓને,
રહસ્યને નહિ પણ વિગતોને અનુસરે છે.

સમ્યક્ત્વ સામાયિકની દૃષ્ટિ, શ્રુત સામાયિકનો પ્રકાશ, વિરતિ સામાયિકનું આચરણ એ મોક્ષમાર્ગમાં ઉપકારી છે.

जेण हु आदाणे वि उं विणा कलुसाण होइ उप्पत्ति।
तो तज्जाइं वत्थूणि कलुसजाइं वज्जे इच्छंता॥

શ્રી નિશીથ પીઠીકાના આ શ્લોકનો ભાવાર્થ એ છે કે: કષાયબંધની ઇચ્છાવાળાએ વિષયોનો ત્યાગ કરવો જોઇએ.

## જ્ઞાની - અજ્ઞાની

છ કાયની શ્રદ્ધા રાખતો પણ ભાવથી સદ્દહતો નહિ, કેમકે વિભક્તિમાં અવિભક્તતા છે, તેનું જ્ઞાન નહિ. અનેકાન્તમાં એકાન્ત ને એકાન્તમાં અનેકાન્ત રહેલા છે. સ્વાર્થીનો મહારોગ એ ભેદમાં અભેદના આગ્રહરૂપ છે. નિજ-પરનો ભેદ જ્ઞાનીને રહેતો નહિ, તેનું કારણ જીવત્વેન = જીવ સમાન છે, એવું સુદૃઢ જ્ઞાન રહેલ છે. તે જ્ઞાનથી જ્ઞાનીમાં સહજ ઉદારતા આવે છે અને એ સુદૃઢ જ્ઞાન મુજબ જ પોતાના વિચારો ઘડાય છે.

o

*Spiritual life is not an imitation. The purity of the experience of the sages can not be imitated. It must be wholly created by living experience.*

માગશર સુદી - ૭

અયં નિજઃ પરોવેતિ ગણના લઘુચેતસામ્
ઉદારચરિતાનાં તુ વસુધૈવ કુટુંબકમ્ । (પરિશિષ્ટ-૬)

૦ પ્રવૃત્તિનો સિદ્ધાંત

મહત્તામાં રજોગુણ અને તમોગુણની વૃદ્ધિ કરે છે.

નિવૃત્તિનો સિદ્ધાંત

આળસ, અકર્મણ્યતા, બેજવાબદારી, પ્રમાદને વધારે છે.
નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ બન્ને દોષોનો નિગ્રહ કરે છે.
ઉત્કૃષ્ટ દેશવિરતિનો પરિણામ ૧૨મા સ્વર્ગસુખને આપે છે.
ઉત્કૃષ્ટ દ્રવ્યચારિત્ર નવમા ગ્રૈવેયકના સુખને આપે છે.
જઘન્ય સર્વવિરતિનો પરિણામ મોક્ષસુખને આપે છે.
એ રીતે જોતાં દ્રવ્યની કિંમત ભાવથી અધિક છે અને
ભાવની કિંમત દ્રવ્યથી અધિક છે.

દ્રવ્યાનુયોગનું ચિન્તન શુક્લધ્યાનનું કારણ થાય છે,
ત્યાં 'ભાવ એ દ્રવ્યને પરતંત્ર છે' એમ સાબિત થાય છે.

૦ નમસ્કારમહામંત્ર શાશ્વત છે, કારણકે મૈત્રીભાવ,
વિશ્વપ્રેમ, સદાચાર, સદ્વિચાર, પરોપકાર શાશ્વત છે.
વિશ્વના જીવો પ્રત્યે પ્રેમ એ જ અરિહંતત્વ છે.
મોક્ષની ઇચ્છા એ જ સિદ્ધત્વ છે.

સદાચાર, સદ્વિચાર અને સત્કર્મ એ જ
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુત્વ છે.
એટલે જ ધર્મવિજ્ઞાનમાં એ પાંચે ટાવર છે.
પંચપરમેષ્ઠિમાં સદાચરણ,
નિઃસ્પૃહતા, શુભચિંતન, પરોપકારકતા, પરસહાયકતા,
પરહિતકરતા અને પ્રેરકતા ગુણો પ્રશસ્તપણે રહેલાં છે.
૦ ટાવર પરમાણુ એકઠાં કરીને બનાવેલા પાકની કણામાં
ટાવર વસ્તુઓ અને તેના ગુણો રહેલાં છે,
તેમ દરેક ધર્મમાં રહેલા મૂળમંત્રમાં,
તે તે ધર્મના સદ્વિચારો સમુચ્ચય રૂપે સંગ્રહાયેલા છે,
તેથી જેમ જેમ તે મંત્રનો જાપ અને આરાધન વધે, તેમ
તેમ તે ધર્મમાં રહેલા વિચારો-આચારો વિકસતા જાય.
મંત્ર મહિમાની પાછળનું રહસ્ય આ રીતે સ્પષ્ટ થાય છે.
૦ પંચમંગળમાં કેવળજ્ઞાનનો પ્રકાશ છે એમ નહિ, પણ
પ્રેમનો પ્રકાશ છે.
મોહરહિત શુદ્ધ પ્રેમના બળથી મોહને જીતી શકે છે
અને મોહને જીત્યા પછી પણ પ્રેમસ્વરૂપ બની રહે છે.
જ્ઞાન એ જેમ જીવ સ્વભાવ છે, તેમ સર્વ ઉપર
સમાનભાવ, પ્રેમભાવ એ પણ જીવ સ્વભાવ જ છે.

જે રીતિએ સર્વ ઉપરનો પ્રેમ એ ઉચિત સમ્યક્ત્વ છે,
એમાં રમણતા એ ઉચિત ચારિત્ર છે અને
સર્વવિષયપણું એ સર્વનું જ્ઞાન છે, એ રીતે
જ્ઞાન, પ્રેમ અને આનંદનો સમુચ્ચય એ સિદ્ધપણું છે.
સિદ્ધમાં જેમ જ્ઞાન અને આનંદ છે,
તેમ સર્વ પ્રત્યે સમાન પ્રેમ પણ છે.
તેને સમાનદૃષ્ટિ પણ કહી શકાય.
સમાનદૃષ્ટિ, સમદર્શિ એ પ્રેમના બળ વિના શક્ય નથી.
મોહનાશ થવાથી તે શક્તિ પ્રગટે છે.
મોહનાશનો ઉપાય અને પરિણામ = પ્રેમનો વિસ્તાર કરો.
'નમો' પરમેષ્ઠિ સાથે જોડી સાધકની ગ્રહણયોગ્યતા જગાવે.
સન્મુખતા = પરાઙ્મુખતાનો ત્યાગ. પરાઙ્મુખતા પ્રતિબંધક છે.
તેનો અભાવ કરુણા છે. તે કરુણા 'નમો' વડે પ્રગટે છે.
પરાઙ્મુખતા જવાથી સન્મુખતા આવે છે.
સન્મુખતાથી ગ્રહણ યોગ્યતા આવે વસ્તુનો લાભ થાય.
પરમેષ્ઠિ ભગવંતોની ઉદારતા નિઃસીમ છે.
આપણે લેવાનો ભાવ ઉઘાડવાનો છે. તે 'નમો' પદથી ઉઘડે.
બંને હાથ જોડવા, માથું નમાવવું, ઘૂંટણે પડવું વગેરે આપણા
લેવાની જ યોગ્યતા સૂચવે છે.

પરમેષ્ઠીઓને જે આપવું છે,
તે આ ચેતનાના ઉઘાડ પછી જ મળી શકે છે.
'નમો' એટલે Negative ઋણ, જે Positive કાર્ય કરાવે.
પરમેષ્ઠિભગવંતો દાતાર હોવાથી તેઓ Positive છે.
Positive + Negative મળવાથી તત્કાલ કાર્ય શરૂ થાય.
પરમેષ્ઠીઓમાંથી શુભભાવો - સદ્ભાવના - સહાનુભૂતિ -
પ્રકૃષ્ટભાવના જે અદ્ભુત વહેણ વહી રહ્યાં છે, તેને પ્રાપ્ત
કરવાને આપણે સન્મુખ થઈએ, તેનું જ નામ 'નમન' છે.

પરમેષ્ઠિ ભગવંતોમાં આધ્યાત્મિક વિદ્યુત,
ભાવનો પ્રકાશ અને આત્માનું તેજ ભરેલું છે.
તેને આપણી તરફ વાળવા, વળાંક આપવા
આપણે 'નમન'નું બટન દબાવવાનું - ઉઘાડવાનું છે.
'નમન' પદથી ધર્મની મહાસત્તાનો જબ્બર શક્તિપુંજ
આપણે આપણી પ્રત્યે વાળીએ છીએ.

જેમના ઉપર શ્રદ્ધા, પ્રેમ, સમર્પણ, ભક્તિભાવ ધારણ
કરીએ છીએ, તે વ્યક્તિ જો વિશિષ્ટ હોય, તો આપણી
સર્વ જવાબદારીઓનો ભાર તેમના ઉપર આવે છે.
'નમન' વડે ભક્ત સર્વ ભારથી મુક્ત બને છે.
'નમો' પદમાં પ્રબલ ભક્તિ, શ્રેષ્ઠ અનુમોદના, અવિહડ પ્રેમ,

સર્વ સમર્પણ અને આનંદ શરણાગતિ રહેલી છે.
પરમેષ્ઠિ ભગવંતોનું અસ્તિત્વ માત્ર તેમના અચિન્ત્ય
પ્રભાવ વડે ભક્તને સર્વ રીતે સહાયક બને છે.
બુદ્ધિને જે જે સમાધાન આપી જેટલું ભાવનામાં ઉતરે,
તેટલું આપણને ઉપયોગી થાય અને આપણું બને છે.
'નમો'નો ભાવ મનમાં ઉતારવો એટલે પંચ પરમેષ્ઠિ
પ્રત્યે-પંચ પરમ આદર્શો તરફ પારાવાર ભક્તિ પ્રગટાવવી.
સતી, શિષ્ય અને ભક્ત સમર્પણ ભાવ વડે પોતાની
જવાબદારીનો ભાર પતિ, ગુરુ, ભગવાન ઉપર નાંખી શકે.
અસમર્થ સમર્થને શરણે જઈને જ સમર્થ બની શકે.
પંચપરમેષ્ઠિ સર્વનો ભાર ઉપાડવા સમર્થ છે એમ સદ્દહવું.
સૌ પ્રથમ પરમેષ્ઠિઓનું આપણા પરનું ઋણ સ્વીકારવું જોઈએ.
નમસ્કારભાવનું અમૃત, પ્રેમભાવનો વિસ્તાર અને
પરાર્થભાવની ભવ્યતાની મોક્ષમાર્ગ માટે આવશ્યકતા છે.

'નમો' પદનો હૈયામાં સ્પર્શ થતાં જ
અહંકાર ભાવનું વિષ, સ્વાર્થ ભાવનો સંક્લેશ અને
તિરસ્કારભાવની ક્રૂરતા આપોઆપ વિલય પામે છે તથા
તેના કેન્દ્ર પરમેષ્ઠિભગવંતો સાથે તાદાત્મ્ય આવે છે.
આધ્યાત્મિક મહાવિદ્યુત પ્રવાહ = સર્વ જીવો સાથે સમત્વ.

Spiritual radiationનો આ ભાવ સ્પર્શવામાં આડે,
સ્વાર્થભાવ, તિરસ્કારભાવ સૌ પ્રથમ વિઘ્ન કરનારાં છે.
પંચપરમેષ્ઠિ સાથેનો સંબંધ એટલે પરમેષ્ઠિભગવંતોમાં
રહેલી વિશ્વકલ્યાણકર ભાવના સાથેનો સંબંધ એટલે
આપણા આત્મામાં વિશ્વાત્મભાવનું અમૃત સિંચન, જે

સ્વાર્થ, પાપ, વિરાધનાના વિષનો નાશ કરી

પરાર્થ, પુણ્ય, પવિત્રતાના અમૃતથી આત્માને ભરી દે છે.
આમ 'નમો' સૌના પ્રાણ-મનમાં ઊંડે ઉતરવો જોઈએ.
તે પદ વડે વિરહ અંતર પણ ઘટાય અને દૂર પણ ઘટાય છે.

'નમો' નમ્રતાનો સૂચક છે, તેથી અહંકાર ટળે છે.

તે સ્થિરતાનો સૂચક છે, તેથી ચંચળતા પણ ટળે છે.

જ્યાં અહંકાર ભાવ છે, ત્યાં મન ચંચળ છે અને

ત્યાં વિરહની વેદનાનો અભાવ છે.

તે બન્નેને દૂર કરવાનું કાર્ય 'નમો' પદથી સધાય છે.
પરમેષ્ઠિઓ આત્મભાવમાં સ્થિર-અડોલ હોવાથી
આ પદ વડે સાધકમાં સ્થિરતા-અડોલતા આવે છે.

વિષયો ચંચળ છે, પરમેષ્ઠિઓ સ્થિર છે.

ચંચળ મનને સ્થિર કરવા તેને ધ્રુવ તત્ત્વમાં જોડો.
જ્યાં સુધી અહંકાર ભાવ છે, નમસ્કાર ભાવ નહિ આવે.

અહંકારભાવ અંધકાર છે. નમસ્કારભાવ પ્રકાશ છે.
નમસ્કાર એ અહંકારને લક્ષ્ય કરનારો મંત્ર છે.

નમસ્કારનો મંત્ર અહંકારના કેન્દ્રને લક્ષ્ય કરી,
પરમેષ્ઠિ સાથે ઓંકારના સ્વરૂપને પ્રગટાવે છે.
સાધનાની ચાવી 'નમો' છે, તે પરમેષ્ઠિભગવંતો પ્રત્યે છે.
તેનો અર્થ આપણા આત્મામાં રહેલ શુભતત્ત્વ પ્રત્યે છે.
અશુભતત્ત્વથી દૂર થવા માટે અને અંદર રહેલ શુભતત્ત્વ
સાથે સંબંધ બાંધવા માટે 'નમો' પદની જરૂર છે.
નમસ્કાર = ત્રિકરણ યોગે અનુકૂળ બનવાની ક્રિયા.
તેથી બન્ને વચ્ચે ક્રમશઃ ઓછું અંતર થતું જાય છે.
'નમો' પદના આલંબનથી ધર્મમહાસત્તાને અનુકૂળ બનાય.
જેમ પૌદ્ગલિક વસ્તુમાં ભવભ્રમણ કરાવવાની શક્તિ છે,
તેમ પંચપરમેષ્ઠિઓમાં મોક્ષસુખ આપવાનું સામર્થ્ય છે.

સર્વ જીવોના હિતની ભાવના વડે
વિશ્વનું વ્યવસ્થિત સંચાલન થઈ રહ્યું છે.

'નવકાર પામવો' એટલે સર્વ હિતનો ભાવ સ્પર્શવો,
ધર્મમહાસત્તા પ્રત્યે અનુકૂળ વૃત્તિ થવા તથા
પરમ કલ્યાણનું બીજ રોપાવું.

ચોક્કસ પ્રકારની યોગ્યતા આવ્યા વિના આ શબ્દ નહિ.

યોગ્યતા વધે છે, તેમ અધિકારી પણ વધે છે અને
તેમ તેમ આપણી જવાબદારી પણ વધતી જાય છે.
પંચપરમેષ્ઠિનો પરિચય થવો એ ઘણી યોગ્યતા માંગે છે.
માનવ દેહ હોય, ઋષિ સાધનો હોય છતાં આપણામાં
શ્રદ્ધાનો અભાવ હોય, આથી વિશેષ દુઃખદ જાણવું શું?

વિષય-કષાયાદિમાં થતી અયોગ્યતા તામસિક છે.
અહિંસા, સંયમ અને તપ વડે તમોગુણ જવાથી
સાત્વિક યોગ્યતા પ્રગટે છે.

સ્વાર્થભાવથી વ્યક્તિ પોતાને તથા અન્યને હાનિ કરે છે,
પરાર્થભાવ વડે પોતાને તથા અન્યને હિત કરે છે.
સ્વાર્થભાવ ઓછો થવાથી - પરાર્થભાવ વધવાથી તેટલા
અંશે સમતા પ્રગટે છે. જેમ જેમ એ સમત્વ વધે છે,
તેમ તેમ સાધક અને સાધ્ય વચ્ચે અંતર ઘટે છે.

નવકાર વડે પંચ પરમેષ્ઠિઓ, તેઓથી સામાયિક,
સામાયિક વડે સમત્વભાવ, તેથી મોક્ષસુખ ઓળખાય છે.

ગુણનું બહુમાન પાપકર્મોનો ક્ષય કરે છે.
ગુણીનું બહુમાન આત્મગુણોનો વિકાસ કરે છે.

પંચપરમેષ્ઠિઓ અસ્તિત્વ માત્રથી ઉપકાર કરી રહ્યા છે.
આપણા ભક્તિભાવ વગર પણ તેમના તરફથી

અચિન્ત્ય ભાવો પ્રાપ્ત થઈ રહ્યા છે. આ વ્યવહાર એ તેમની શબ્દમય પ્રતિમા છે. બાહ્ય તરફથી પોતાને પ્રાપ્ત થયેલા ગુણોને અને ભાવોને વહાવા તે ફરતા છે.

માગશર સુદી - ૧૧

(૧) સર્વ જીવોને સત્તાએ શુદ્ધસ્વરૂપ જોવાની ટેવ પાડવાથી ધ્યાનના આલંબનભૂત ક્ષમા આવી શકે છે.

(૨) સત્તાગત શુદ્ધસ્વરૂપને લક્ષમાં લઈ સર્વ જીવોને પરમાત્મરૂપે માની પોતામાં દાસભાવ રાખી આંતર-વર્તન ગુણગ્રાહકતાનું રાખવાથી માનવૃત્તિ જતી શકાય.

બાહ્યવર્તન ઉચિત કરવું, પણ
આંતરવર્તન ગુણગ્રાહી, દાસભાવવાળું રાખવું.
અભિમાન તોડવા માટે એ અકસીર પ્રયોગ છે.

(૩) જ્યાં શરીર અને શુભાશુભ કર્મ પણ ત્યાજ્ય છે, ત્યાં ભોગને અવકાશ જ ક્યાં છે? જ્યાં સુધી કોઈપણ પુદ્ગલ ઉપર મોહ કે મમત્વ છે, તેને ભોગવવાની ઇચ્છા છે, ત્યાં સુધી તેટલું જ આત્મસ્વરૂપથી છેટું છે. બાહ્ય ઉપર પ્રીતિ રાખી બાહ્યનું નિમંત્રણ કરવું, તે ક્યાંથી મળે? તે જ શુદ્ધ સ્વરૂપની આડે આવરણ ઊભું કરે છે.

○ નિશ્ચિંત અને નિર્ભય તે છે,
કે જેણે સર્વ ચિંતા ભગવાનને સોંપી છે.

o બધાં દાન કરતાં આત્મદાન શ્રેષ્ઠ છે. ઉપનિષદમાં
આવતી બ્રહ્મવિદ્યા એ નિરાસક્તો માટે કામધેનુ છે.

તે પૂર્ણ છે અને હવે તું પૂર્ણ થા.

પૂર્ણથી પૂર્ણ ઉલેચાઈ આવે છે.

'પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગતને લઈ લો, તો જે અવશેષ
રહેશે તે પણ પૂર્ણ છે.' આ અધિકાર મંત્ર છે.

તેનો અન્વય હરિની સાથે જોડવાનો છે.

અત્યાર સુધી જીવનમાં કામ-ક્રોધ, રાગ-દ્વેષ,
લોભ-મોહ વસાવ્યાં છે, હવે એક ડગલું આગળ વધો.

તમારા જીવનમાં ઈશ્વરને વસાવો.

જીવનના પ્રત્યેક શ્વાસને ઈશ્વરથી વસાવો.

ઘડી બે ઘડી સંસારમાં રહી જાવ અને પછી મરી જાવ.
જન્મ-મરણના આ ચક્રમાંથી છૂટવાનો એક જ ઉપાય
બ્રહ્મવિદ્યા છે. તે જ ઉપનિષદ અને મોક્ષનું રહસ્ય છે.
માનવ જીવનની સફળતા છે. જીવનનો પરમ પુરૂષાર્થ છે.
અત્યારે અંધકાર દેખાય છે, તે પ્રભાત થવાનાં ચિહ્નો છે.
પાત્ર-તેલ-દીવો હોય, પછી દીવાની જ્યોતિ પ્રગટે જ.
વર્તી તે વર્તન છે, તેલ તે સ્નેહ - સ્નિગ્ધતા - પ્રેમ છે,
પાત્ર તે આધાર - આત્મા છે. જ્યોતિ તે રત્નત્રયી છે.

## થોડા પારિભાષિક શબ્દો

સામાયિક = સમભાવ, સમકિત = દ્રઢભાવ

સમવાદ = યથાસ્થિત કથન

સમાસ = થોડામાં ઘણું જ્ઞાન

સંક્ષેપ = અક્ષર થોડા અને મર્મ ઘણો

અનવદ્ય = નિષ્પાપ આચરણ

પરિજ્ઞા = તત્ત્વનું જાણપણું

પ્રત્યાખ્યાન = નિષિદ્ધનો ત્યાગ

ઔદાર્ય = આપવાની વૃત્તિ

કૃપણતા = માંગવાની વૃત્તિ

ગાંભીર્ય = બીજાનાં દોષોને પચાવવાની શક્તિ

ધૈર્ય = પોતાનાં કષ્ટોને સહવાની શક્તિ.

0 નિરાકાર સમજવા માટે સાકારની જરૂર છે.

સાકાર વિશ્વ નિરાકાર ઈશ્વરની પ્રતિકૃતિ છે.

સાગરને જોવામાં આનંદ છે પણ તેમાં ડુબવામાં નહિ.

માનવમનની જેમ ભગવાનની સૃષ્ટિમાં અવ્યવસ્થા નહિ.

આ વ્યવસ્થા સ્થાપિત કરવી એ ધર્મશાસ્ત્રોનું કાર્ય છે.

0 પદે પદે નિધાનાનિ યોજને રસકૂપિકા ।

ભાગ્યહીના ન પશ્યન્તિ બહુરત્ના વસુંધરા ॥૧॥

૦ અર્થની અનુભૂતિ ન થાય તે 'જપ' કહેવાય નહિ. જે નામ આપણે બોલીએ તે નામની મૂર્તિ તેના ગુણો સહિત આપણી સમક્ષ ખડી થવી જોઈએ. નામથી રૂપ, રૂપથી ગુણ અને ગુણથી સમગ્ર ગુણીનું ધ્યાન કરી જાપનું રહસ્ય છે. ચિત્તની એકાગ્રતાથી જ સમાધિ આવે.

અંતરાયો ચિત્તની એકાગ્રતા થવા દેતા નથી,

થાય તો પણ તોડી નાંખે છે.

વ્યાધિ, શારીરિક રોગ કે શરીરમાં અસ્વસ્થતા હોય,

ત્યારે આપણું ધ્યાન સતત ત્યાં જાય છે.

આહારના નિયમનથી વ્યાધિને અવકાશ મળતો નથી. રોગના વિચાર વખતે તેનું સ્પષ્ટ સ્વરૂપ સામે આવે, એમ સ્વરૂપની સ્પષ્ટ રૂપરેખા સામે આવવી જોઈએ.

ભગવાન, ભગવાનની શક્તિ, યોગમાર્ગ અને આપણી પાત્રતા શક્તિ, એ બધાં માટે સંશય ન હોવો જોઈએ.

'હું જીવ છું, શિવસ્વરૂપ થવાનો મને અધિકાર છે, તત્ત્વતઃ હું શિવસ્વરૂપ જ છું' આવી પ્રતીતિ એ સાચી સમજ છે.

વ્યાધિ, સ્ત્યાન, સંશય, પ્રમાદ, આલસ્ય, અવિરતિ, ભ્રાંતિ, અલબ્ધ ભૂમિકત્વ અને અનવસ્થિતત્વ એ નવ દોષો ચિત્તવિક્ષેપમાં હેતુ છે, તેથી સમાધિ સિદ્ધિ થતી નથી.

માગશર સુદી - ૧૨/૨

દ્રવ્યસંકોચ = યોગસ્થિરતા. ભાવસંકોચ = ઉપયોગસ્થિરતા.
ભાવ સર્વત્ર વિસ્તરાયેલો છે, તેને એક એક ઇષ્ટમાં
સંગ્રહિત કરવો, કેન્દ્રિત કરવો તે ભાવસંકોચ છે.
'નમો' એ મોક્ષમાર્ગ, 'અરિહંતાણં' એ તત્ત્વજ્ઞાન છે.
વ્યવહારમાં જ્ઞાન અને ક્રિયા બન્ને છે.
'મારે જોઇએ છે, તે વ્યવહારમાં છે અને
મારે નથી જોઇતું, તે મારી પાસે જોઇતું છે.'
સર્વ સત્ત્વ પ્રત્યે મૈત્રીભાવ - આત્મસમદર્શિત્વ
એ શુક્લધ્યાનનો ચંદ્રમા અથવા તો પ્રાતઃસંધ્યા છે.
અનાત્મસમદર્શિત્વ એ સાયંસંધ્યા છે.
જ્ઞાન આત્મસમદર્શિત્વનું જોઇયે ઘટે અને
ક્રિયા સર્વ સાવદ્યયોગના ત્યાગની - સામાયિક વ્રતની.
આત્મસમદર્શિત્વ એ જ શ્રુતજ્ઞાન છે.
અનાત્મસમદર્શિત્વ એ જ અજ્ઞાન છે.
સામાયિક માટે આવશ્યક જ્ઞાન આત્મસમદર્શિત્વનું છે.
એ જ્ઞાન અને ક્રિયાનો સમુચ્ચય મોક્ષમાર્ગ બને છે.
તીર્થંકરોની કરુણા જો કારણ ન હોય,
તો ચતુઃશરણગમનને ભવ્યત્વ પરિપાકનો હેતુ કેમ ગણાત?

કરુણા એ સાધન ન હોય, તો વિભિન્ન દેશ-કાળના
સર્વ જીવોને કેવી રીતે તારી શકે?
પાંચ સમવાય એ કાર્યમાત્ર પ્રત્યે સામાન્ય કારણ છે.
જિનેશ્વરોની કરુણા એ વિશેષ કારણ છે.

o ધન-દૌલત એ સ્થૂલ શરણ છે.
બુદ્ધિ એ મનનું શરણ-ભાવના છે.
આત્માનું શરણ અધ્યાત્મવિદ્યા છે.

o પ્રભુની ઇચ્છા એ મહેચ્છા છે.
જ્યારે તેના સાથે પોતાની ઇચ્છા મળે,
ત્યારે આપણા મોહનો અંત આવે છે.
ઈશ્વર સર્વવ્યાપી છે, તે વ્યાપક કર્મમાં માનવને મદદ કરે છે.
વિશ્વ કેવળ પ્રયત્નરૂપ નહિ,
બળ ઇચ્છા રૂપ અને Will force રૂપ બળ છે.
ભાવશક્તિ એ ઇચ્છાશક્તિની પેટાશક્તિ છે.
મુખ્ય શક્તિ તો ઇચ્છાશક્તિ છે.

o પુણ્યશાળીને ઝેર પચી જાય,
પાપીને દૂધ પણ ન પચે!

o ભમીએ રે જીવ ભમીએ, ભમીએ તો ક્યાંય ન ભમીએ.
રહીએ રે જીવ રહીએ, રહીએ તો સિદ્ધના સુખ લહીએ.

માગસર સુદી-૧૪

નમસ્કાર એ આત્મા છે,

સમભાવ એ પ્રાણ છે, સત્ક્રિયા એ શરીર છે. સત્ક્રિયા કરી પણ જિનેશ્વરને હૃદયમાં ધાર્યા નહિ, એટલે જિનેશ્વર સર્વ જગત્વિષયક ભાવને હૃદયમાં ન સ્થાપ્યો. સર્વ જગત્વિષયક સમભાવ વિના થતી સામાયિકની અહિંસા કે તપની ક્રિયાઓ જિનેશ્વર દેવની નહિ, પણ પોતાના અહંભાવની છે. સામાયિકની ક્રિયાની ઉત્પત્તિ જગત્વિષયક સમભાવમાંથી થયેલ છે, તેથી તે ભાવ સહિતની ક્રિયા સફલ અને જિનોક્ત છે. તેના વિરુદ્ધની ક્રિયા અસંગત, અપ્રશસ્ત, મિથ્યા, નિષ્ફલ, અહંપ્રેરિત છે. ભાવસહિતની ક્રિયા સારરૂપતાને સમજાવે છે અને દ્વાદશાંગીના સંદોહને આચરણમાં ઉતારવાનું કરે છે. દ્વાદશાંગી એ દૂધ, નમસ્કાર માખણ, સામાયિક માવો છે. માખણ સ્નિગ્ધ છે, તેથી નમસ્કાર એ સ્નેહનો પરિણામ છે. માવો રૂક્ષ છે, તેથી સ્નેહરહિત સ્વતંત્ર પૌષ્ટિક વસ્તુ બને. દૂધના બધા ગુણ માવામાં આવે, પણ ઘીના આવતા નહિ. ઘીમાં માવાના બધા ગુણ આવે છે, તે ઉપરાંત બીજી વસ્તુઓ સાથે ભળીને બધાને પણ ગુણકર બનાવે છે.

એટલું ઘી કે અનાજ ગુણકારક બને, પણ અનાજ સાથે મળેલું ઘી કે ઘી સાથેનું અનાજ ગુણકર બને છે.

સામાયિક એ સમભાવની ક્રિયારૂપ છે.

નવકાર એ સમભાવની અનુમતિરૂપ છે.

નવકાર એ જ્ઞાન-દર્શન, સામાયિક એ ચારિત્ર છે. નવકાર વડે સર્વ જીવો આત્મતુલ્ય છે એવું જ્ઞાન અને સર્વ જીવો તરફ આત્મતુલ્ય જોવાનું દર્શન પમાય છે. સામાયિક વડે તેને જીવનમાં ઉતારવાની ક્રિયા થાય છે.

નવકાર એ ભાવની વિશુદ્ધિ કરાવે છે.

સામાયિક એ દ્રવ્યની વિશુદ્ધિ કરાવે છે.

'દ્રવ્ય' એટલે વર્તનક્રિયા, 'ભાવ' એટલે મન-બુદ્ધિ ભાવવિશુદ્ધિ એ સંક્ષેપ છે. ધર્મ એ જ્ઞાન-ક્રિયારૂપ છે. દ્વાદશાંગીનો સાર એ સમભાવની બધી જ ક્રિયાનો સરવાળો એટલે કે સમભાવ છે, જેનો પ્રારંભ નવકાર છે.

નવકાર = ચંદ્ર (મન). અરિહંતાણં = સૂર્ય (આત્મા).

નમો એ મન છે. અરિહંતાણં એ આત્મા છે.

મનને આત્મસન્મુખ કરવાની ક્રિયા એ નમસ્કાર છે. બહિર્ગામી અને ઈંદ્રિયાભિમુખ મનને અંતર્મુખ કરી આત્મગામી બનાવવાની ક્રિયા એ નમસ્કારની ક્રિયા છે.

સંસારને જોતું મન જ્યારે સંસારથી પરાઙ્મુખ બની પોતાને જોતું થાય, ત્યારે નવકારનો ભાવ આવ્યો કહેવાય. આત્મભાવની અભિમુખ થયેલો ભાવ જ્યારે આત્મભાવનું આસ્વાદન કરવા લાગે, ત્યારે સામાયિક શુદ્ધ થાય.

સંક્ષેપ = ગાગરમાં સાગર, સાર = સાગરનું અમૃત.

સાગરના સઘળા ગુણ ગાગરમાં નહિ,
પણ તેના મંથન દ્વારા ઉત્પન્ન થતા અમૃતમાં છે.

દૂધનો સંક્ષેપ માવામાં અને સાર નવનીતમાં છે.

ભાવવિશુદ્ધિનું કારણ નવકાર છે.

આત્મભાવનું આસ્વાદન એ સામાયિક છે.

નવકાર એ આત્મભાવનું સાધન છે.

સામાયિક એ આત્મભાવનું આસ્વાદન છે.

આત્મસમદર્શિત્વનો અનુભવ કરાવનાર નવકાર છે.

આત્મસમદર્શિત્વનું આસ્વાદન કરાવનાર સામાયિક છે.

નવકારનું ફળ એ સામાયિક છે.

સામાયિકનું મૂળ એ નવકાર છે.

ભાવવિશુદ્ધિ એ ચૌદ પૂર્વનો સાર હોવાથી જ
નવકાર પણ ચૌદ પૂર્વનો સાર છે.

સંક્ષેપ એ quantity, સાર એ quality છે.

સંક્ષેપ એ ક્રિયાની અપેક્ષાએ છે. સાર એ ભાવની અપેક્ષાએ છે. સંક્ષેપ એ કલેવર, ભાવ એ પ્રાણ છે.

ક્રિયાનું ફળ સમભાવ છે.

અભવ્યને સામાયિકમાં સારરૂપ નવકાર નહિ,
તેથી નવકાર સહિત સામાયિક જ સ્વરૂપ છે.

૦ શ્રી વર્ધમાનવિદ્યાના પ્રથમના પાંચ પદો સામાન્ય સ્વરૂપને જણાવે છે, પછી વર્ધમાન સ્વામીના નામ દ્વારા વિશિષ્ટનું ધ્યાન કરાવે છે, પછી સિજ્ઝઉ આદિ પદ દ્વારા પ્રણિધાન કરાવે છે, પછી અધિષ્ઠાયકોના સ્મરણ દ્વારા ઈષ્ટસિદ્ધિનું કારણ પણ તે થાય છે. શેષ મંત્રાક્ષરો દ્વારા તો પૂર્ણ સ્વરૂપ વિદ્યા બને છે. સૂરિમંત્ર એ પણ સામાન્ય, વિશેષ, પ્રણિધાન, અધિષ્ઠાયક, અને મંત્રાક્ષરો દ્વારા ઈષ્ટસિદ્ધિનું કારણ થાય છે. ઉપદેશ ગુરુ પાસે ગ્રહણ કરાય. યોગ એ મંત્ર સાધનાની લેણા - દેણા છે. પૂર્વસેવા એ પ્રારંભનું વિધિકાર્ય છે અને ઉત્તરસેવા એ સ્તોત્ર, મંત્ર, જાપ, હોમ છે. દેવનું અને અધિષ્ઠાયકોનું ધ્યાન એ ઈષ્ટસાધક છે.

નવકારનું ફળ જેમ અભિષ્ટની પ્રાપ્તિ છે,
તેમ અનિષ્ટનું નિવારણ પણ છે અને
અનિષ્ટની પ્રાપ્તિ વખતે ચિત્તની સમાધિ પણ છે.

અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં ચિત્તનું સમાધાન એકસરખું ટકી રહેવું એ જ નવકારની પ્રાપ્તિનું મુખ્ય ફળ છે.

મોક્ષનું મુખ્ય કારણ ચિત્તનું સમાધાન છે,
તેથી નવકાર એ મોક્ષનું અંગ છે.

નવકાર એ સર્વ અર્થ અને ક્રિયાને ફરનારૂં છે.
પ્રથમ ગુણસ્થાનકથી લઈને ચતુર્દશ ગુણસ્થાનક સુધીના
સર્વ જીવોને તે આરાધનાની સામગ્રી પુરી પાડે છે.
અન્ય મંત્રોની આ સ્થિતિ નથી,
તેથી જ 'નમો અરિહંતાણં।' એ મહામંત્ર છે.

નવકારના પહેલાં પદમાં

ૐ હ્રીં અર્હં એ સૂરિમંત્ર છે, અક્ષરાકૃતિ એ યંત્ર છે, વર્ધમાન વિદ્યા એ વિદ્યા છે, પાંચ વર્ણનું ધ્યાન એ તંત્ર છે, મંગલ-શ્રેષ્ઠ-શરણાદિ એ શાસ્ત્ર છે, દ્રવ્યભાવ એ ઔષધ છે, રોગ મટાડવાની તાકાત છે.

તીર્થ ઉત્પત્તિમૂલ: નમો = સૂરિમંત્ર = ગણધર ભગવંત.
અરિહંતાણં = વર્ધમાનવિદ્યા = તીર્થંકર ભગવંત.

મંગલં નમો અરિહંતાણં ।
પઢમં (ઉત્તમ) નમો અરિહંતાણં ।
શરણં નમો અરિહંતાણં ।

સં. ૨૦૬૭, માગશર વદી-૩

વલ્લભીપુરમાં નાગાર્જુનસૂરિની વાંચના અને મથુરામાં આર્ય સ્કંદિલસૂરિની વાંચના સમસમયમાં લગભગ થઈ. ત્યારબાદ લગભગ ૧૫૦ વર્ષ પછી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે તે બંને વાંચનાઓના આધારે આગમોનું લેખન કાર્ય કર્યું.

વીર નિર્વાણ સં. ૯૮૦ - મતાંતરે ૯૯૩માં
માથુરી વાંચનાને મુખ્ય માનવામાં આવી હતી.

o मैत्र्या सर्वेषु सत्त्वेषु प्रमोदेन गुणाधिके ।
माध्यस्थ्येनाविनीतेषु कृपया दुःखितेषु च ॥
सततं वासितं स्वान्तं कस्यचित्पुण्यशालिनः ।
वितनोति शुभं कर्म द्विचत्वारिंशदात्मकं ॥
इह लोए परलोए य सन्निकम्मं अणुत्तरं तस्स ।
जह पेच्छइ अप्पाणं तह जो सव्वे सया जीवे ॥

- समराइच्च कहा

સદૃતિ: જીવ મૈત્રી, ગુણાધિક પ્રત્યે પ્રમોદ, અવિનીત પ્રત્યે માધ્યસ્થ, દુઃખી પ્રત્યે કૃપા કે કરુણાની ભાવનાથી સતત વાસિત એવું અંતઃકરણ કોઈક પુણ્યશાળીનું હોય, અને તે ૪૨ પ્રકારે શુભકર્મ બાંધે છે. આ લોક-પરલોકમાં પણ અનુત્તર એવું શુભકર્મ તેનું નિશ્ચિત છે, જે સર્વદા સર્વ જીવોને વિશે આત્મસમો ભાવ રાખે છે.

શ્રી ગણેશ્વર બ્રહ્માંડ દર્શન

Visualization of cosmic unity.

શ્રી સ્વાનુભૂત બ્રહ્માંડ દર્શન

Realisation of cosmic unity.

આસ્થાનું સમજણ = Intelligence of heart.

To think with the heart and to love with the brain is called faith with reason or reasonable faith.

આત્મૌપમ્ય = Self in relation to all or Universalisation of the individual means and developement of universal values.

સર્વાત્મ્ય = Everything in relation to self

Philosophy = ઉપનિષદ્‌વિચાર, Psychology = માનસશાસ્ત્ર

Whether they may be pertaining to mathematics, astrology or science.

Ethics = a branch of science.

વૈજ્ઞાનિકોની બધી સંમતિ

ગીતા ભગવદ્ ગ્રંથ હૃદયમાં બાંધ કરેલા દર્શન ઇ.

જેમ તત્ત્વજ્ઞાન વિજ્ઞાન તરફ ઝુક્યું,
તેમ હવે વિજ્ઞાન તત્ત્વજ્ઞાન તરફ ઝુકવા લાગ્યું છે.
વૈજ્ઞાનિક પોતાના ગૂઢ વિચારોને કહેવા લાગે છે,
ત્યારે તે તત્ત્વ વિજ્ઞાન મટીને 'તત્ત્વજ્ઞાન' બની જાય છે.
તત્ત્વજ્ઞાન જીવનની સ્થિતિને ઉન્નત કરવાનું સાધન છે,
એટલું જ નહિ પણ તે પોતે પોતામાં જ
સાધ્યરૂપ જીવન ઉપરાંતનો કોઈ તીવ્ર અનુભવ છે.
જેમ અર્થ અને કામની વાસના એક અનુભવ છે, તેમ
તત્ત્વજ્ઞાન તરફનું ખેંચાણ પણ એક તીવ્રતમ અનુભવ છે.

| | | |
|---|---|---|
| Reality | - સત્તા | એ ત્રણેનું અસ્તિત્વ છે. |
| Truth | - તથ્ય | |
| Valuation | - મૂલ્ય | |

વસ્તુની પસંદગી-નાપસંદગી મૂલ્ય ઉપર આધાર રાખે છે.
સંસ્કૃતિના મુખ્ય ૪ અંગ: વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કલા, નીતિ.
ધર્મનું સ્થાન એ ચારેમાં ઓતપ્રોત છે.
નીતિ ૨ પ્રકારની: વૈયક્તિક વ્યવહાર, સામાજિક વ્યવહાર.
રાજનીતિ, જે સામાજિક વ્યવહારને નિશ્ચિત કરે છે,
એ નીતિનો જ એક ભાગ છે.
મનુષ્યની પ્રકૃતિમાં રહેલાં ૩ તત્ત્વો: રાગ, ભય અને કર્મ.

પરીક્ષણ એ વિજ્ઞાનનું કાર્ય છે,
કારણકે તેને ઈંદ્રિયોનો આધાર છે.
મનન તત્ત્વજ્ઞાનનું કાર્ય છે, કેમકે તે ઈંદ્રિયોથી સ્વતંત્ર છે.
ભાવનું કાર્ય અનુભવ કરવાવાળી વ્યક્તિ અને અનુભૂત પદાર્થ વચ્ચે થોડા કાળ માટે ભેદને મિટાવી દેવાનું છે.
ભાવથી સુંદર ચિત્ર કે મધુર રાગ દેખતા કે સાંભળતાં જ
એટલી તન્મયતા આવી જાય છે કે
પોતાનું ભાન રહેતું નથી, સુધ-બુધ ચાલી જાય છે.
કર્મનું કાર્ય સારા-ખોટાનો વિચાર છે,
સારાનો સ્વીકાર અને ખોટાનો ત્યાગ છે.
વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો ઉદ્દેશ સત્યને જાણવું તે છે.
કલાનો ઉદ્દેશ સૌંદર્યને પેદા કરવું, તેમાં રસ લેવો તે છે.
નીતિનો ઉદ્દેશ આચરણને વ્યવસ્થિત કરવું તે છે.
એ ત્રણેનો સંબંધ માનસિક જીવનની એકેક બાજુ છે.
ધર્મનો સંબંધ સમસ્ત જીવનની સાથે છે.
એ કોઈપણ પક્ષની ઉપેક્ષા કરી શકતું નથી.
પરિણામસ્વરૂપ કોઈ એને જ્ઞાનથી સંયુક્ત કરી જુએ છે,
કોઈ ભક્તિમાં એનો મર્મ દેખે છે, તો કોઈ નીતિથી ધર્મને અભિન્ન માને છે. વસ્તુતઃ ધર્મમાં ત્રણેનો સમન્વય છે.

નાદજ્ઞાનનું ક્ષેત્ર ધર્મ હતું, હવે તે વિજ્ઞાન બનતું જાય છે.
ભૌતિકવિજ્ઞાન પ્રકૃતિનું રૂપ-ક્રિયાઓનું અધ્યયન કરે છે.
રસાયણવિદ્યા પ્રકૃતિના વિવિધ ગુણો ઉપર ધ્યાન આપે છે.
પ્રાણવિદ્યા જીવનના વિવિધ પ્રકારોનો અભ્યાસ કરે છે.

:પ્રકૃતિ ત્રણ રૂપમાં વ્યક્ત થાય છે:

Solid - ઘન વસ્તુના વિસ્તાર અને આકાર સ્થિર છે.
Liquid - પ્રવાહીનો વિસ્તાર સ્થિર છે, આકાર નહિ.
gas - વાયુનો વિસ્તાર કે આકાર એકપણ નિશ્ચિત નથી.
અહિં પ્રકૃતિની ક્રિયા ગતિના રૂપમાં થાય છે.

## વિજ્ઞાન અને નાદજ્ઞાન

નાદજ્ઞાનનો વિષય સમગ્ર સત્તા છે,
વિજ્ઞાનનો વિષય સત્તાનો કોઈ એક અંશ છે, પણ
સમગ્ર વિશ્વ એના વિવેચનનો વિષય છે.
વિજ્ઞાન સીમિત છે, નાદજ્ઞાન સમગ્રને સ્પર્શે છે.
વિજ્ઞાન વસ્તુની ઉપરની બાજુ જુએ છે,
નાદજ્ઞાન ઉપર સાથે નીચે-પેલી પારને પણ જુએ છે.
વિજ્ઞાન બહાર જુએ છે અને તેને વ્યવસ્થિત કરે છે,
મનોવિજ્ઞાન અંદર જુએ અને તેને વ્યવસ્થિત કરે છે.
ધર્મ ઉપર જુએ અને આદર્શોની દુનિયામાં લઈ જાય.

Science and psychology are looking
only on the reals and truths,
Religion goes up.

ધર્મ સત્યની દુનિયાની પાર આદર્શોની દુનિયામાં પહોંચે છે.
તે પોતાના અલ્પ સ્વત્વને વિશ્વનું કેન્દ્ર નહિ,
પણ વિશ્વનો એક ક્ષુદ્રભાગ સમજે છે.

centre is soul, not the self.

'આપણે વિશ્વના સર્વસ્વ નહિ પણ એક અલ્પ અંશ છીએ',
એ વિચાર ધર્મ શીખવે છે.

ધર્મ કેવળ માન્યતા નહિ, પણ જીવનનું એક સ્વરૂપ છે.
તેનું લક્ષ્ય વિવેચન નહિ, પણ આત્મસિદ્ધિ છે.
એમાં માન્યતા અને કર્તવ્ય ઉભય સંમિલિત છે.

ચંદ્ર ઉપર કેવી રીતે જવાય તે જાણવું જુદી વાત છે
અને જવું જુદી વાત છે. કેવી રીતે તરવું એ જાણવું
અને સ્વયં તરવું એ બે વસ્તુ એક નહિ. ધર્મ અને
તત્ત્વજ્ઞાનનું લક્ષ્ય અંતિમ સત્તાનો સાક્ષાત્કાર કરવો તે છે.
એને 'આત્મસિદ્ધિ' કહે છે.

તત્ત્વજ્ઞાન બુદ્ધિ ઉપર ભરોસો રાખે, જ્યારે
ધર્મ તો આત્મજ્યોતિનો સ્વીકાર કરે છે.

બુદ્ધિનું કામ Anylysis કે તોડફોડ છે.
આત્મજ્યોતિનું કાર્ય સાક્ષાત્કાર છે.
તત્ત્વજ્ઞાન 'દર્શન' કહેવાય. સાક્ષાત્કારનું શાસ્ત્ર એટલે દર્શન.
બુદ્ધિનું કાર્ય સત્યને જાણવાનું નહિ પણ જાણેલા સત્યને
બીજાની આગળ નિરૂપણપૂર્વક રજુ કરવાનું છે.
ધર્મમાં કલ્પના ભળે છે, કેમકે
તેમાં ભાવાત્મક અંશ પ્રસ્તુત હોય છે, જ્યારે
તત્ત્વજ્ઞાન કલ્પનાથી પોતાને બચાવવા પ્રયાસ કરે છે.
તત્ત્વજ્ઞાનને શ્રદ્ધા અને કર્મની સાથે સંબંધ નહિ.
ધર્મનો ઉદ્દેશ માત્ર જાણવું નહિ, પરંતુ આત્મસિદ્ધિ હોવાથી
તેમાં જ્ઞાન-ભક્તિ-કર્મ ત્રણે મહત્ત્વવાન છે.
વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને ધર્મ
ત્રણે સત્યજ્ઞાન પ્રાપ્ત કરવા ચાહે છે,
પણ તેને પ્રાપ્ત કરવાની રીત બધાની જુદી છે.
વિજ્ઞાનમાં પ્રત્યક્ષ પ્રમાણ, તત્ત્વજ્ઞાનમાં અનુમાન પ્રમાણ,
ધર્મમાં આગમ પ્રમાણ મુખ્ય છે.
આગમ પ્રમાણથી તથ્યના મહત્ત્વનું જ્ઞાન થાય છે, જ્યારે
પ્રત્યક્ષ અને અનુમાનથી માત્ર તથ્યનો બોધ થાય છે.
વિજ્ઞાનમાં પ્રધાનતા તથ્યની, ગણિતમાં મુખ્યતા સંબંધની છે.

વિજ્ઞાન ત્રણ પ્રશ્નના સમાધાન માટે યત્ન કરે છે:

*What is it? How is it that? Why is it so?*

*Causality is the fundamental principle of Science.*

લાભ-હાનિ, ભદ્ર-અભદ્ર એ વિજ્ઞાન તત્ત્વની દુનિયાનો નહિ, પણ મૂલ્યની-ધર્મશાસ્ત્રની દુનિયાનો વિષય છે.

પ્રકૃતિ અને પુરુષનો ભેદ કરવો એ સાંખ્યનું લક્ષ્ય છે.

આત્મા અને પરમાત્માનો યોગ કરવો એ યોગનું લક્ષણ છે.

નૈતિક સંયમ : યમ, નિયમ.

શારીરિક સંયમ : આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર.

માનસિક સંયમ : ધારણા, ધ્યાન, સમાધિ.

સમ્યગ્જ્ઞાનમાં તત્ત્વના સ્વરૂપને જાણવું અને તત્ત્વને જાણવાના સાધનોના સ્વરૂપને પણ જાણવું.

પવિત્ર જ્ઞાન સૌને શુદ્ધ આચારમાં સંપન્ન કરે છે.

परोपकार: सततं विधेय:
स्वशक्तितो ह्युत्तमनीतिरेषा ।
न स्वोपकाराद्य स विद्यते तत्
तं कुर्वतीतद् हितदं कृतं स्यात् ॥

-उपदेश रत्नाकर पीठिका, श्लोक १३, पृ-२

(પરિશિષ્ટ-૭)

સાદડી - રાજસ્થાન, પોષ સુદી ૧૫

## મોક્ષમાર્ગની સંક્ષિપ્ત આરાધના

સર્વ જીવો, સમકિત, રત્નત્રયી, નમસ્કાર, પોતાનો આત્મા અને પંચપરમેષ્ઠિ ભગવંતો - એ સૌની એકતા ભાવવાથી આત્મા મોક્ષનો અધિકારી થાય. સર્વ જીવોમાં પોતાના આત્માને જોવો અને પોતાના આત્મામાં સર્વ જીવોને જોવાથી સમકિત ભાવ દૃઢ થાય. એ જ રીતે અભ્યાસ વધીને પંચ પરમેષ્ઠિમાં પોતાના આત્માને જોતાં શીખવું અને પછી પોતાના આત્મામાં પંચપરમેષ્ઠિને જોતાં શીખવાથી નમસ્કાર ભાવ દૃઢ થાય. પછી નમસ્કારમાં સમકિતને જોતાં શીખવું અને એ દર્શન દૃઢ થાય પછી સમકિતમાં નમસ્કારને જોવો. એ અભ્યાસ દૃઢ થયા પછી સમકિતમાં પોતાના આત્માને જોવો અને પોતાના આત્મામાં સમકિતને જોતાં શીખવું. આ રીતે સર્વ જીવો, પંચ પરમેષ્ઠિ ભગવંતો અને પોતાનો આત્મા, એ ત્રણેની એકતા ભાવવી તથા આત્મામાં સમકિત અને નમસ્કારની એકતા ભાવવી. આમ કરવાથી રત્નત્રયીની પ્રાપ્તિ સુલભ બનશે અને પછી રત્નત્રયી સાથે આત્માની એકતા દૃઢ થશે.

વળી મોક્ષ કરતાં સકલ કર્મના નિર્મોક્ષથી પ્રાપ્ત થતું
અવ્યાબાધ સુખ જીવને હસ્તગત થશે.

૦ નવકારનું પ્રયોજન નક્કી કરવું જોઈએ, તે વિના મંદ
મનુષ્ય પણ પ્રવૃત્તિ ન કરે. તે પ્રયોજન બે પ્રકારનું છે:
એક પાપનો ક્ષય અને બીજું મંગળનું આગમન.
નવકારનો જાપ પાપના ક્ષય માટે કરવાનો છે.

<u>સંસારીજીવ જે પાપમાં જોડેલો છે, તે પાપ બે પ્રકારનું છે:</u>
<u>એક મિથ્યાત્વ અને બીજું સ્વાર્થ.</u>

આત્માને સ્વરૂપથી પરમાત્મસમ ન માનવો, કિન્તુ માત્ર
વર્તમાનપર્યાયરૂપ સ્વીકારવો, તે મિથ્યાત્વરૂપી મોટું પાપ છે.
<u>મિથ્યાત્વનો અંત નવકારથી આવે છે.</u>

નવકાર એવું શીખવે છે કે આત્મા દેહસ્વરૂપ નહિ પણ
જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાન એ જ્યોતિસ્વરૂપ છે,
તેથી આત્મા નિશ્ચયથી પરમજ્યોતિસ્વરૂપ છે.

બીજું સ્વાર્થરૂપી પાપ છે તે પણ નવકારથી નાશ પામે છે.
<u>'સ્વાર્થ' એટલે પોતાને બીજા સર્વથી અધિક જોવો.</u>
સર્વ જીવો આત્મતુલ્ય હોવા છતાં બીજા સૌને પોતાનાથી
ઉતરતા માની બીજાના ભોગે પણ સ્વાર્થ સિદ્ધ કરવો.
આ પાપનો નાશ પણ નવકારથી થાય છે,

કેમકે નવકારના જાપથી આત્મસમદર્શિત્વનો ભાવ વિકસે અને તેથી અનાત્મસમદર્શિત્વ વડે બંધાતું પાપ અટકે છે.

'આત્મા એ સત્તાથી પરમાત્મસ્વરૂપ છે'
એવી માન્યતા દૃઢ થવાથી અનાદિ અવિદ્યાજનિત
મિથ્યાત્વરૂપી મહાપાપનો નાશ થાય છે.

નવકારની પ્રવૃત્તિમાં પ્રેરક જેમ જો મોટા પાપથી છૂટવાનો પરિણામ છે, તેમ નવકારની પ્રવૃત્તિ વડે થતાં પાપક્ષયનું પરિણામ પણ મંગળકારક અને ફળ પણ સર્વ પ્રધાન છે.

o ઉત્તમલોકનું સુખ અને પરંપરાએ મુક્તિ એ નવકારનું ફળ છે, તેથી નવકારનો આદર એ પરમ કર્તવ્ય છે.

o આત્મસમદર્શિત્વથી પાપક્ષય અને પરમાત્મસમદર્શિત્વથી મંગળનું આગમન કે અનાત્મસમદર્શિત્વરૂપી પાપનો ક્ષય અને પરમાત્મસમઅદર્શિત્વરૂપ અમંગળનો નાશ એ બે નવકારનાં મુખ્ય પ્રયોજન છે. એ પ્રયોજન સિદ્ધ થવાથી ઉત્તમલોકમાં સાનુબંધ સુખરૂપી પ્રધાન ફળોની પ્રાપ્તિ થાય છે, તેથી પણ નવકારનો આદર એ કર્તવ્ય છે.

o જે રાગ સાથે દ્વેષ રહે, તે રાગ દુર્ગુણ સ્વરૂપ જ છે,
દ્વેષનો અસ્તકારી રાગ એ
પ્રેમસ્વરૂપ હોવાથી પરમ સદ્ગુણ છે.

'વીતરાગ' એટલે દ્વેષરહિત, રાગરહિત, સર્વ પ્રતિ સમાનભાવ સહિત, કેવળ પરહિત માટે જેમનું અસ્તિત્વ છે તેવા, કેમકે તેમને સ્વ માટે કોઈ ઈચ્છા નથી.

0 'કર્મ' એટલે જીવન જીવવા માટેની ક્રિયા.

'સત્કર્મ' એટલે પરોપકારાર્થે થતી પુણ્યની ક્રિયા.

'અકર્મ' એટલે ફલેચ્છાના અંશ વિનાની સર્વ માટે થતી ક્રિયા.

0 'ભૌતિક પ્રકાશ' એટલે અંધકાર અને પ્રકાશ.

'આધ્યાત્મિક પ્રકાશ' એટલે સર્વજ્ઞ પ્રકાશ.

નમસ્કાર = અહંનો ત્યાગ કરવા થતી વિનયની ક્રિયા.

ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે ।
મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ ॥ (પરિશિષ્ટ-૮)

આ સંક્ષિપ્ત પ્રતિક્રમણ છે. જ્યાં ક્રમણ હોય ત્યાં પ્રતિક્રમણ જોઈએ. રોગ એ ક્રમણ, ઉપવાસ એ ક્રમણનું પ્રતિક્રમણ છે. અનશન એ પ્રતિક્રમણ અને ઔષધ એ આક્રમણ છે. સાકર, મેંદો, પોલીશ ચોખા વગેરે કૃત્રિમ ઉપાધિ ત્યાજ્ય છે.

ઉણોદરી એટલે અન્યૂનાતિરિક્ત એવું ભોજન. એ ભોગ વધારવાનો ઉપાય છે. Nature wants little.

There is nothing new under the sun.
We go where others went.

ન ઓછું લેવો, ન અધિક એટલે જરૂરી પોષણ મળી શકે.

'એક પ્રહર દિવસ ચઢ્યા પછી જમવું'

એનો અર્થ એ કે અન્ય જીવોને ખવડાવ્યા પછી ખાવું.

જેમ મનુષ્ય અન્ય પ્રાણી કરતાં કાયાથી ઉંચો છે,

તેમ ભાવનાથી પણ તેણે ઉંચું બનવું જોઈએ.

'સવ્વે જીવા ખમંતુ મે |'

એ અન્ય જીવો ઉપર પ્રેમ સૂચવનારી પ્રાર્થના છે.

પોષ વદી ૨, સોમ

૦ 'નમ' એટલે 'ન મમ' એટલે મમત્વનો ત્યાગ.

'અરિહં' એટલે 'અહં' એટલે અહંનો ત્યાગ.

'ન મમ', 'ન અહં' એ મોહમંત્રને જીતનાર મહામંત્ર છે. મોહનો મંત્ર 'અહં' અને 'મમ' છે. તેને જીતનાર 'નાહં' છે. 'ન મમ' મંત્રને જપવા માટે 'નમો અરિહંતાણં' છે. 'ન મમ-ન અહં' 'મારાપણા અને હુંપણા'ની + ભાવના મિથ્યા છે, અનાદિ અવિદ્યાજનિત છે, તેનો ત્યાગ કરવા માટે જ 'હુંપણા'ની + ભાવના આત્મામાં અને 'મારાપણા'ની + ભાવના આત્માના ગુણોમાં થવી જોઈએ. તે માટે મહામંત્ર નવકારનો જાપ છે. તેનો જાપ કરવાથી 'હું આત્મદ્રવ્યે સ્વરૂપ છું, પણ પરપુદ્ગલાદિ સ્વરૂપ નહીં' અને 'પરદ્રવ્યના રૂપ-

રસાદિગુણથી મારા નહિ પણ જ્ઞાનાદિગુણથી જ મારા છો'
એ ભાવ દૃઢ થાય છે.
'અરિહંતોને નમસ્કાર થાઓ'
એનો ગૂઢાર્થ એ છે કે:
અહં-મમ બુદ્ધિનો ત્યાગ થાઓ અને
'હું આત્મસ્વરૂપ છું' એવી બુદ્ધિ દૃઢ થાઓ.
o तेन कुत्सितेन मार्गेण कः इष्टस्थानं याति ।
न कश्चिदित्यर्थः । तेन कुमार्गेण भोगान्धः पुमान्
सद्गतिस्थानं न प्राप्नोतीत्यर्थः ।
तत्त्वध्यानं - चिन्ता - भावनापूर्वकः स्थिरोऽध्यवसायः ।
द्रव्यतश्चार्तरौद्रे भावतस्तु आज्ञाऽपाय-
विपाकसंस्थानविचयमिदं धर्मध्यानम् ।
शून्यं - चिन्ताया उपरमः ।
द्रव्यतो शून्यं क्षिप्तचित्तादिना द्वादशधा,
भावतो व्यापारयोगस्याऽपि चेतसः सर्वथोपरमः ।
(પરિશિષ્ટ-૯)
o ચિન્તન એ મનનો ખોરાક છે,
તે ચિંતનનો અભાવ તે મનનું અનશન છે.
ટૂંકમાં મનનું મૃત્યુ તે 'ઉન્મનીકરણ'.

આદરી, પોષ વદી ૨-૯

## શ્રી નમસ્કાર એ કૃતજ્ઞતાનો મંત્ર

નવકાર એ કૃતજ્ઞતા અને પરોપકાર ગુણનું પ્રતીક છે.
સંસારમાં પ્રત્યેક પદાર્થની પ્રાપ્તિ પરની સહાયને લીધે છે,
તેથી કૃતજ્ઞતાગુણ અનિવાર્ય છે.

બીજાના કરેલા ગુણને જાણવો તે 'કૃતજ્ઞતા' છે,
તેથી જ્ઞાનાદિ અને ક્ષાન્ત્યાદિગુણોની વૃદ્ધિ થાય છે,
અન્યથા જ્ઞાનાદિ અને ક્ષમાદિગુણોનો હ્રાસ થાય છે.
બધી વસ્તુ પરના લીધે છે, તેથી કૃતજ્ઞતા જેમ કર્તવ્ય છે,
તેમ પર વસ્તુનો ઉપયોગ પર માટે કરવારૂપ પરોપકારગુણ
પણ અનિવાર્ય છે. અન્યથા પરવસ્તુના કેવળ ઉપભોગ
દ્વારા ચિત્ત-સંક્લેશ અને અસમાધિની જ વૃદ્ધિ થાય.
જેમ કૃતજ્ઞતાગુણ પરના ઉપકારના સ્વીકૃતિ છે, તેમ
પરોપકારગુણ પણ તેના ફળરૂપે જ આદરવા યોગ્ય છે.
જ્યાં પરના ઉપકારથી જ જીવવાનું છે, ત્યાં કૃતજ્ઞતા
અને પરોપકાર હોવા જ જોઈએ, એ નૈસર્ગિક છે.
જો ન હોય તો નિસર્ગ વિરુદ્ધ છે, તેથી નિસર્ગ કોપે છે.
એના એ બે ગુણોના પાલનથી જ નિસર્ગ પ્રસન્ન રહે.
નમસ્કારમાં તે ગુણોનો પાલન-વિકાસ એક સાથે થાય છે.

# શ્રી નવકાર એ મહામંત્ર

શ્રી નવકાર એ પરોપકાર, વિનય અને નમ્રતાનો મંત્ર છે.
શ્રી નવકાર એ નિર્ભયતાનો મંત્ર છે.
શ્રી નવકાર એ ભીરૂતાનો, અશઠતાનો,
લજ્જાળુતાનો અને ગુણાનુરાગિતાનો મંત્ર છે.
શ્રી નવકાર સત્કથતાનો, સુપક્ષતાનો, જનપ્રિયતાનો મંત્ર છે.
શ્રી નવકાર એ અક્ષુદ્રતાનો અને મધ્યસ્થતાનો મંત્ર છે.
શ્રી નવકાર એ અક્રૂરતા, સૌમ્યતા,
દયાળુતા અને દાક્ષિણ્યતાનો મંત્ર છે.
શ્રી નવકાર વિશેષજ્ઞતા અને લબ્ધલક્ષ્યતાનો મંત્ર છે.
શ્રી નવકાર એ ન્યાયબુદ્ધિ અને શિષ્ટાચારનો મંત્ર છે.
શ્રી નવકાર એ અદ્રોહ અને અભેદનો મંત્ર છે.
શ્રી નવકાર આત્મસમદર્શિતા-પરહિતાર્થકારિતાનો મંત્ર છે.
શ્રી નવકાર પરબ્રહ્મ પરમાત્માનો મંત્ર છે.

'નમો' = 'દાસોઽહં' તે સોઽહંનો સાર જ નથી, પણ સોઽહં રાજયોગનો મૂળાધાર છે. 'નમઃ' દાસત્વવાચક છે. અરિહંતદેવ પ્રાણીમાત્રના પૂજનીય, યોગીન્દ્રોના આદરણીય, દેવેન્દ્રોના દર્શનીય, સુરેન્દ્રોના સેવનીય, મુનીન્દ્રોના માનનીય, નરેન્દ્રોના નમસ્કરણીય અને સાર્વભૌમ સર્વેશ્વર છે.

प्राणाः द्वित्रिचतुः प्रोक्ता भूतानि तरवः स्मृताः ।
जीवाः पंचेन्द्रिया प्रोक्ताः शेषाः सत्त्वा इतीरिताः ॥

(परिशिष्ट-१०)

o वहमारणअब्भक्खाणदाणपरधणविलोवणाईणं ।
सव्व जहन्नो उदओ दसगुणिओ इक्कसि कयाणं ॥

અર્થ: વધ, મારવું, આળ ચડાવવું અને
પારકાનું ધન લઈ લેવું, આ સર્વ પાપનું
ઓછામાં ઓછું દશગણું (અશુભ) ફળ મળે છે.

o સુદાક્ષિણ્યવાન્ ગ્રાહ્ય વાક્ય અને અનુવર્તનીય બને છે,
લજ્જાળુ અકાર્ય કરે નહિ - પ્રારંભેલા સત્કાર્યને ત્યજે નહિ.
જેમ માટી વિના ઘટ કે બીજ વિના અંકુર ન હોય,
તેમ દયા વિના ધર્મ ન હોય.

ઘણા ગુણવાળા દુર્લભ છે.
એક ગુણવાળા પણ સર્વત્ર હોતા નથી.
દોષ વિનાના પણ ઉત્તમ છે
અથવા થોડા દોષવાળા પણ પ્રશંસાને યોગ્ય છે,
કેમકે અનાદિકાળથી જીવ અનાદિદોષોથી વાસિત છે,
તેમાં કોઈ જીવને ગુણની પ્રાપ્તિ થાય તે મહાઆશ્ચર્ય છે.
એ ગુણચિંતન સાથે જ મોક્ષની સાધના થવી જોઈએ.

ચિંતન એવું કરવાનું કે જે કોઈનામાં ગુણ-દોષ દેખાય છે, તેમાં દોષ દેહના છે અને ગુણ આત્માના છે, તેથી દોષ નશ્વર છે, ગુણ ટકનારા છે.

દૃષ્ટિ ગુણ ઉપર સ્થિર કરવી જોઈએ, કિન્તુ દેહ સાથે લગ્ન થઈ જનારા દોષો ઉપર નહિ.

મૌન રાખીને અંદર જો સદ્વસ્તુનું મનન ન થતું હોય તો એવું મૌન જાનવર પણ રાખે છે અને એના આરોગ્યનું એ પણ એક કારણ છે. મનુષ્યને બોલવું પડતું હોય તેથી તેના શ્વાસ-પ્રશ્વાસમાં અંતર પડે છે. શ્વાસોચ્છ્વાસ વિષમ થાય તો આરોગ્યને હાનિ પહોંચે છે.

વાણી શબ્દથી પણ ભિન્ન છે, વાણી સૂક્ષ્મ છે. શબ્દ તેનું સાધન છે. પરાવાણી સૂક્ષ્મ હોય છે, તેથી અંતરવાણીનું પણ નિયમન થવું જોઈએ.

અંદર જે સંકલ્પ ઉઠે છે, તે રોષ કે ખોટો ન ઉઠે અને જો ઉઠે તો વાણી દ્વારા પ્રગટ ન થાય તેનો ખ્યાલ રાખવો.

0

दुल्लहे खलु माणुसे भवे चिरकालेण वि सव्वपाणिणं ।
गाढा य विवाग कम्मुणो समयं गोयम ! मा पमायए ॥

– उत्तराध्ययन १०-४ (પરિશિષ્ટ-૧૧)

o 'વિશ્વની પ્રત્યેક વસ્તુનો આધાર લઈને જ સંસારી જીવનું જીવન છે, એ હકીકત જ કૃતજ્ઞતા અને પરોપકારને ધર્મસ્વરૂપ અને એથી વિરુદ્ધ કૃતઘ્નતા અને સ્વાર્થલંપટતાને અધર્મસ્વરૂપ ઓળખાવે છે.' પૂજ્ય પુરુષોની આ સનાતન શિખામણ સૂત્ર જેવી છે, તે પ્રકાશ આપે છે, પણ ગરમી આપતી નથી.

'સર્વભૂતેષુ આત્માનં |' સૂત્ર વડે જોતાં સર્વ પ્રત્યે અદ્ભુત સ્નેહ જાગે છે. 'સર્વભૂતાનિ ચાત્મનિ |'નું જ્યારે પણ ધ્યાન કરવામાં આવે, ત્યારે સર્વ જીવોની અદ્ભુત શક્તિઓ આપણને પ્રાપ્ત થાય છે. શ્રી પાર્શ્વનાથ ભગવંતનું અભેદ પ્રણિધાનથી ધ્યાન કરનારને જેમ તેમની અદ્ભુત શક્તિઓ પ્રાપ્ત થાય, તેમ સર્વ જીવોના વિષયમાં સમજવું.

o 'એકાગ્રતા' શબ્દ બહુ મહત્ત્વનો છે. અગ્ર = આત્મા. જેની સાથે ધ્યાનથી એકાત્મતા થાય તે તદ્રૂપને પામે જ. સર્વભૂતોની સાથે એકાત્મ આત્મા શું પ્રાપ્ત ન કરી શકે?

અનુ'ગ્રહ' = પરને આત્મસમ બનાવવા માટેની 'પકડ.'

અનુ'રાગ' = અનુગ્રહ = પરમાત્માની પકડ માટે અનુકૂળ બનવું, એ પકડને અનુરૂપ આપણા આત્માને ઢાળવો.

o ઇંદ્રિયોને વર્ણાદિનું જ્ઞાન થાય તે 'વિષય' રૂપ નહિ,
પણ જ્ઞાનથી જાણેલા મનોજ્ઞ-અમનોજ્ઞ વર્ણાદિ વિષયોમાં
ઇષ્ટાનિષ્ટત્વ થવાથી ઇષ્ટ વિષયોમાં અભિમુખપણું અને
અનિષ્ટ વિષયોમાં વિમુખતારૂપ મોહનો પરિણામ થાય તે.
રાગ-દ્વેષરૂપે પ્રવૃત્તિ કરાવતું જ્ઞાન ઇંદ્રિયોના વિષયરૂપ છે.

અસંયમ = ચારિત્રમોહના ઉદયથી

નહિ રમણ કરવા યોગ્ય પરભાવમાં રમણ કરવું તે.

વર્ણાદિ માત્ર જાણવા યોગ્ય છે એમ નહિ,
પણ રાગ હોવાથી તેમાં રમણ કરવાનું થાય છે.

વિષયને ગ્રહણ કરનાર ઇંદ્રિય દ્વારા પ્રવૃત્ત થયેલ
જ્ઞાનનું ઇષ્ટાનિષ્ટપણે પરિણમન કરવું, તેનો જય
કરવો એટલે ઇષ્ટાનિષ્ટપણે પરિણમતા જ્ઞાનને રોકવું.
જ્ઞાન થાય પણ ઇષ્ટાનિષ્ટપણું ન થાય, તે 'ઇંદ્રિયજય' છે.

(૧) હેયોપાદેયના વિવેકરહિત જ્ઞાન તે વિષય પ્રતિભાસ છે,
જેમાં કેવળ ઇંદ્રિયગોચર વિષયોનો પ્રતિભાસ થાય, પણ
તેમાં પ્રવૃત્તિથી થતા તાત્ત્વિક અર્થ-અનર્થનો ખ્યાલ ન હોય.

(૨) જ્ઞાનથી થતી પ્રવૃત્તિના પરિણામનો જેમાં ખ્યાલ છે,
એવું હેયોપાદેય તત્ત્વના વિવેકવાળું પણ તેમાં
પ્રવૃત્તિ-નિવૃત્તિરહિત જ્ઞાન તે આત્મપરિણતિ રૂપ છે.
આ જ્ઞાન અત્યંત દુર્લભ એવા રાગ અને દ્વેષ રૂપ

મિથ્યાત્વની ગ્રંથિનો ભેદ થયા પછી સમ્યગ્દૃષ્ટિને હોય.

(3) જેમાં તત્ત્વનો-પરમાર્થનો સ્પષ્ટ ખ્યાલ હોય, હેયોપાદેય અર્થનો વિવેક હોય તથા તેમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ સહિત હોય, તે તત્ત્વસંવેદન રૂપ જ્ઞાન છે.

આ પ્રકારનું જ્ઞાન વિશુદ્ધ ચારિત્રવાળાને હોય.

o જો ગ્રંથિનો ભેદ થવાથી હેયોપાદેય અર્થના વિવેકવાળું જ્ઞાન હોય, તો હેયોપાદેયનો વિવેક બતાવનાર શાસ્ત્રરૂપ સાધનની શી આવશ્યકતા? જ્ઞાન એ આત્માનું પોતાનું લક્ષણ હોવાથી સ્વ-પર વસ્તુના બોધ થવારૂપ છે, પરંતુ તેમાં ઇષ્ટ-અનિષ્ટપણારૂપ વિભાગ જે પરવસ્તુના સંગથી થયેલ અનાદિ પરંપરાજન્ય અશુદ્ધ પરિણામ છે, તે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. 'દ્રવ્યેન્દ્રિય' ઇંદ્રિયોની પ્રવૃત્તિનો સંકોચ છે, 'ભાવેન્દ્રિય' એ આત્માના ચેતના અને વીર્યગુણોના સ્વરૂપને અનુકૂલ પ્રવૃત્તિ કરવારૂપ છે.

o द्रव्येन्द्रियाणि स्पर्शनेन्द्रियाद्याकारपरिणतानि पुद्गलद्रव्याणि। भावेन्द्रियाणि स्पर्शादिविषयाभिलाषोपयोगरूपाणि। तयोः जयो लौल्यपरिहारेणावस्थानम्।

द्रव्यमनो विशिष्टाकार-परिणताः पुद्गलाः। भावमनस्तु तद् द्रव्योपाधि संकल्पात्मक आत्मपरीणामः।

આકૃતિ: સ્પર્શેન્દ્રિય વગેરે આકાર ધારણ કરનારા પુદ્ગલ દ્રવ્ય રૂપ દ્રવ્યેન્દ્રિયો છે. સ્પર્શાદિ વિષયોની ઇચ્છા અને તેનો ભોગ કરાવનાર ભાવેન્દ્રિય છે. આ બન્ને પ્રકારની ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો એટલે તેમાં લોલુપતા દૂર કરીને રહેવું. વિશિષ્ટ આકારમાં પરિણામ પામેલા પુદ્ગલો તે 'દ્રવ્યમન' છે અને તે દ્રવ્યના આધારથી સંકલ્પાત્મક આત્માનો પરિણામ તે 'ભાવમન' છે.

પોષ વદી 3, બુધવાર

વિષયો પ્રત્યે વૈરાગ્ય અને જીવો પ્રત્યે મૈત્રી કેળવવા 'નમો અરિહંતાણં|' પદનો પુનઃ પુનઃ જાપ કર્તવ્ય છે.

નવકારના જાપથી વિષયો પ્રત્યે ભેદબુદ્ધિ અને
જીવો પ્રત્યે અભેદબુદ્ધિ કેળવાય છે.
વિષયોનો નાશ 'નમો' પદથી છે.
કષાયોનો નાશ 'અરિહંતાણં'નાં સ્મરણથી છે.
'નમો' પદ પરમાત્મપદની સાથે તાદાત્મ્ય કરે છે,
તેથી વિષય-વાસના નાશ પામે છે.
'અરિહંતાણં|' પદ જીવાત્માઓ સાથે તાદાત્મ્ય સાધે છે,
તેથી કષાય પરિણતિ દૂર કરે છે.
વિષયો વિરુદ્ધ 'નમો' - કષાયો વિરુદ્ધ 'અરિહંતાણં' પદ છે.

વિષયો રમ્ય હોવાથી રમણ કરવાની બુદ્ધિ પેદા કરે છે. તે બુદ્ધિ બંધક છે. પરબ્રહ્મ અને પરમાત્મપદ એ બન્ને પરમ રમ્ય હોવાથી તેમાં રમણ કરવાની બુદ્ધિ વડે વિષયોમાં રમણ કરવાની બુદ્ધિ ચાલી જાય છે. કષાયો વિકૃતિથી પેદા થાય, તેનું કારણ જીવો પ્રત્યે ભેદબુદ્ધિ છે. તેનો નાશ અભેદબુદ્ધિથી થાય, જે અરિહંતોમાં રહેલ છે, તેથી તેમના સ્મરણથી જીવોમાં અભેદબુદ્ધિ જાગે છે અને ભેદબુદ્ધિજનિત કષાય પરિણતિનો નાશ થાય છે.

વિષયોમાં રમ્યતાની બુદ્ધિનો નાશ વૈરાગ્યથી અને કષાયોમાં આ બુદ્ધિનો નાશ મૈત્ર્યાદિના અભ્યાસથી થાય છે.

અભ્યાસ - વૈરાગ્યાભ્યાં તન્નિરોધઃ ।

: અર્થ :

અભ્યાસ અને વૈરાગ્યથી દ્રવ્ય-ભાવમનનો નિરોધ થાય. 'નમો'થી વૈરાગ્ય, 'અરિહંતાણં' આદિ પદોથી અભ્યાસ સધાય. વૈરાગ્ય અને અભ્યાસ મળીને ચિત્તવૃત્તિનો નિરોધ થાય.

વૈરાગ્યથી ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓ રોકાય છે.

અભ્યાસથી અક્લિષ્ટ વૃત્તિઓનો પણ રોધ થાય છે. વિષયોમાં અભેદબુદ્ધિ અને જીવોમાં ભેદબુદ્ધિ અનાદિ મિથ્યાબુદ્ધિના કારણો છે અને તે બંને સંસારીનો રોગ છે.

તેનું નિવારણ કરવા માટે વિષયોમાં 'અસારત્વ' બુદ્ધિ
અને જીવોમાં 'સારત્વ' બુદ્ધિ પેદા કરવી જોઈએ.
એ બંને માટે વૈરાગ્ય અને આત્માસક્તિ સહાયક છે.

વિષયો વિષમય છે અને જીવો પ્રેમમય છે.
વિષયો જડ છે, જીવો ચેતન છે.
વિષયો અનિત્ય છે, જીવો નિત્ય છે.
વિષયો અપકારક છે, જીવો ઉપકારક છે.
વિષયો વિરસ છે, જીવો સરસ છે.
એ રીતે વિચાર કરવાથી વિષયોમાં વૈરાગ્ય અને
જીવોમાં મૈત્રી સિદ્ધ થાય છે.

વિષયો ઈચ્છામાત્રથી દુર્ગતિનાં કારણ થાય છે.
જીવો ચાહવામાત્રથી અનુપમ સમતારસને પેદા કરનારા થાય.
વિષયોનો રાગ દુઃખનું અને અરાગ સુખનું કારણ છે.
જીવો પ્રત્યે રાગ સુખનું અને અરાગ દુઃખનું કારણ છે.
જે જે ઉપાયોથી જીવો પ્રત્યે રાગ કે મૈત્રી અને વિષયો
પ્રત્યે અરાગ કે અમૈત્રી કેળવાય, તે મોક્ષના હેતુભૂત છે.
રાગ-દ્વેષનો નાશ ન થઈ શકે પણ માત્ર પલટી શકાય છે.
રાગનું સ્થાન વિષયોના બદલે જીવોને અને દ્વેષનું સ્થાન
જીવોના બદલે વિષયોને બનાવવા એ સાધનાનો માર્ગ છે.

જેમ જેમ વિષયો પ્રત્યેનો વિરાગ વધતો જાય,
તેમ તેમ જીવો પ્રત્યે રાગ વધે છે.
જેમ જેમ જીવો પ્રત્યે રાગ વધતો જાય,
તેમ તેમ વિષયો પ્રત્યે વૈરાગ્ય પણ વધતો જાય છે.
રાગ અને દ્વેષ એ ચેતનાનું સ્ફુરણ છે. ચૈતન્ય સ્વભાવ કાયમ રહેનારો છે, તેથી તેનો નાશ અસંભવિત છે, પરન્તુ તે ચૈતન્ય વિપરીતપણે વર્તે છે, તેને અવિપરીત બનાવવું એ પુરૂષાર્થ છે. અવિપરીત બનાવવાનું કાર્ય વિષયો પ્રત્યેનો મિથ્યારાગ જીવો પ્રત્યે વાળવો અને જીવો પ્રત્યેનો મિથ્યાદ્વેષ વિષયો પ્રત્યે ફેરવવો તે છે.
'વિષયો અનુપકારી, નિરૂપયોગી અને અનર્થકારક છે'
એ વિચારથી અયોગ્ય રાગ ટળે છે.
'જીવો ચૈતન્ય સ્વરૂપી હોવાથી પરસ્પર સહાય કરનારા છે'
એ વિચારથી જીવો પ્રત્યે અરૂચિભાવ ટળે છે.
રાગ-દ્વેષ જીવના આનંદસ્વરૂપનો વિકાર, અન્યથા ભાવ છે.
આનંદસ્વરૂપ એ પ્રેમમય છે,
તે સર્વ જીવો સાથેના મૈત્રીભાવ વડે પ્રગટ થાય છે.
૦ શ્રી નવકાર એ સામાયિકના બહુમાન સ્વરૂપ છે
અને શ્રી સામાયિક એ જીવત્વના બહુમાન સ્વરૂપ છે.

'શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોમાં આપણો આત્મા અને
આપણા આત્મામાં શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનું દર્શન
શાસ્ત્રકાર મહર્ષિઓને અભીષ્ટ છે.' તેનો અર્થ છે કે:

$x = z$ and $y = z$ means $x = y$ અથવા

The friend of a friend is a friend

અથવા ન્યાયની પરિભાષામાં:

'તદભિન્નાભિન્ને સતિ તદભિન્નત્વમ્।' છે. (પરિશિષ્ટ-૧૨)

ભેદબુદ્ધિ સંસારજનક છે,

તેથી એ ભેદબુદ્ધિનો નાશ કરવા માટે
જીવ સાથેની અભેદબુદ્ધિની વાસના આવશ્યક છે, તે શ્રી
પરમેષ્ઠિના ધ્યાનથી અને સામાયિકના સેવનથી શક્ય છે.

o 'નમો અરિહંતાણં' એ
'દાસોઽહં', 'સોઽહં' અને 'અહં'નું જ રૂપાંતર છે.
'દાસોઽહં' એ 'નમો અરિહંતાણં'નો જ એક ધ્વનિ છે.
'સોઽહં' એ સીધા ઇલેક્ટ્રીકના કરંટનો સ્પર્શ કરવા
બરાબર છે જ્યારે 'નમો અરિહંતાણં' એ સ્વીચ
દ્વારા કરંટનો ઉપયોગ કરવા બરાબર છે.
'નમો અરિહંતાણં।' એ 'સોઽહં' ઉપર આવેલ
આવરણને ઉતારવાનો અનાદિસિદ્ધ ઉપાય છે.

અર્થથી 'નમો અરિહંતાણં' અને 'સોઽહં' અભિન્ન છે.

બધા મંત્રોનું મૂળ નવકાર છે.

ચિંતામણિ મંત્રના ૨૮ અક્ષરો એ પણ
શ્રી નવકારના અક્ષરોની જ એક વિશિષ્ટ રચના છે.
નવકારના અક્ષરોથી બહારનો એક પણ અક્ષર એમાં નથી.

૦ આત્મસમદર્શિત્વરૂપ સામાયિક ૫ સમિતિમાં પ્રેરક છે.
પરમાત્મસમદર્શિત્વરૂપ સામાયિક મન-વચન-કાયાની
૩ ગુપ્તિના પાલનમાં પ્રેરક તત્ત્વ છે.

ગુપ્તિ નિવૃત્તિરૂપ છે, સમિતિ એ કેવળ પ્રવૃત્તિરૂપ છે
અથવા ગુપ્તિ એ પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભયસ્વરૂપ છે,
સમિતિવાળો નિયમથી ગુપ્તિવાળો છે.
ગુપ્તિવાળો નિયમથી સમિતિની ભજનારૂપ છે.

પર એટલે ઉત્કૃષ્ટ.

ઉત્કૃષ્ટ = કોઈપણ વસ્તુ પોતાના ઉપકારમાં આવે તે.
પરના ઉપકારથી જીવનાર માનવમાં પર પ્રત્યે કૃતજ્ઞતાનો
ભાવ ન હોય, તો તેને મળેલ માનવનો જન્મ અને તેમાં
મળેલ મનન કરવાનું મન અને વિવેક કરવાની બુદ્ધિ,
તેને નિષ્ફળ બનાવવાને કૃતઘ્નતાનો એવો ગુનો કર્યો કે
ફરી મન-બુદ્ધિયુક્ત માનવભવની પ્રાપ્તિ દુર્લભ બનાવે છે.

પોષ વદી ૪, બુધવાર

કૃતજ્ઞતાને જગાવનારો મહામંત્ર તે નવકાર મંત્ર છે.
નવકારના 'નમ'થી મન જાય અને સમ આવી જાય,
તેવી એમાં ઉત્કૃષ્ટશક્તિ છે.
જેનામાં 'નમ' નહિ આવતું, તે નિર્ગુણ છે.
જેનામાં 'નમ' આવે છે, તેનામાં
નિર્ગુણતા ટકતી નહિ અને સમનું પ્રાબલ્ય આવે છે.
તેથી 'નમો' એ જગનો મહા મંત્ર છે.
'સ્વાર્થ' એટલે અક્કડતા. 'પરમાર્થ' એટલે નમનતા, લઘુતા.
'નમસ્કાર' એટલે સ્વાર્થત્યાગ.
પરાર્થવૃત્તિ એ માનસિક આરોગ્ય છે.
મનમાં 'નમ' આવ્યું એટલે 'ન મમ' અર્થાત્ મમભાવનો
ઇન્કાર અને સમભાવનો સ્વીકાર શ્રદ્ધાથી થાય છે.
પરમાર્થ એ સમભાવ - સંસારી એ મમભાવ સ્વરૂપ છે.
જ્યારે સંસારીઓ મમભાવને છોડીને નમભાવમાં આવે,
ત્યારે સમભાવ પ્રત્યે શ્રદ્ધાવાળા બને છે.
સમભાવ પ્રત્યેની શ્રદ્ધા પરમાર્થભાવ પેદા કરે છે.
સમ્યગ્દર્શન = જ્ઞાનપૂર્વકની ભાવના.
સમ્યગ્જ્ઞાન = ભાવપૂર્વકનું જ્ઞાન.

ભાવશૂન્ય જ્ઞાન કે જ્ઞાનશૂન્ય ભાવ સાધનામાં ઉપકારક નથી.
શાસ્ત્ર એ નિમિત્ત, ગુરુ સાક્ષી, દેવ ગતિશીલ પરિબળ છે.
દેવ, ગુરુ અને શાસ્ત્ર એ ત્રણેય
દર્શન - જ્ઞાન - ચારિત્રને સમ્યક્ બનાવવામાં સહાયક છે.

<u>પોષ વદી ૫, શનિવાર</u>

પંચ પરમેષ્ઠિના ગુણગાનમાં ભક્તનું ગુણગાન રહેલું છે, કેમકે તેઓ ભક્તના ગુણગાનથી ભરેલા છે. તેઓના ધ્યાનથી આપણું ભક્ત તેમાં અને પછી આપણા ભક્તમાં તેઓ ઝળકે છે. એનો અર્થ સામાયિકમાં આપણો આત્મા અને આપણા આત્મામાં સામાયિક છે. કેમકે પંચપરમેષ્ઠિ સામાયિકમય છે, તેમાં આપણો આત્મા દેખાય અને પછી આપણામાં પંચ પરમેષ્ઠિ દેખાય છે, અર્થાત્ સામાયિક દેખાય છે. શાસ્ત્રમાં તેથી કહ્યું છે કે: સામાયિક એ આત્મા અને આત્મા એ સામાયિક છે. એ રીતે જ્યારે આત્મા સામાયિકમય બને, ત્યારે કર્મનો સંબંધ છૂટી જાય અને આત્મા સ્વસ્વરૂપે પ્રકાશે છે.
તેનું જ નામ 'મોક્ષ' છે.

એ રીતે મોક્ષની સાથે નવકાર અને સામાયિકનો
શાશ્વત સંબંધ રહેલો છે.

## ધ્યાનના મુખ્ય ૪ હેતુઓ

ગુરુનો ઉપદેશ, શ્રદ્ધા, સદા અભ્યાસ અને સ્થિરમન.

ધર્મધ્યાન - શુક્લધ્યાન એટલે શું ?

'જગતમાં જે કાંઈ બની રહ્યું છે અને જે કાંઈ બનવાનું છે, તે બધું બરાબર જ છે' એમ જોવું અને વર્તવું તે. તે સિવાય બધું આર્તધ્યાન-રૌદ્રધ્યાન, રાગ-દ્વેષરૂપ છે.

'માધ્યસ્થ્યં સમતોપેક્ષા, વૈરાગ્યં સામ્યમસ્પૃહઃ ।
વૈતૃષ્ણ્યં પરમાશાન્તિરિત્યેકોઽર્થોઽભિધીયતે ॥'

-તત્ત્વાનુશાસન, ૧૩.૮

અર્થ: સમતાયુક્ત ઉપેક્ષા તે માધ્યસ્થ્ય, સમતા સહિતની સ્પૃહારહિતતા તે વૈરાગ્ય અને તૃષ્ણા વગરની પરમશાંતિ આ બધી સમાનાર્થી કહ્યા છે.

માધ્યસ્થ્યં વૈરાગ્યં વિરાગતા શાન્તિરુપશમઃ પ્રશમઃ ।
દોષક્ષયઃ કષાયવિજયશ્ચ વૈરાગ્ય-પર્યાયાઃ ॥

પ્રશમરતિના આ શ્લોકનો અર્થ એ છે કે: માધ્યસ્થ્ય, વૈરાગ્ય, વિરાગતા, શાંતિ, ઉપશમ, પ્રશમ, દોષક્ષય અને કષાયવિજય સર્વે વૈરાગ્યના સમાનાર્થી છે.

°

*We should live upto the best that we know.*

રાધનપુર, પોષ વદી ૬, ૨૦૨૯

'નમો' એ શક્તિ છે, 'અરિહંતાણં' એ શિવ છે.

'નમો' એ શૂન્યતા છે, તે સિદ્ધ થયા પછી જ
અરિહંતપદનું વૈશિષ્ટ્ય ખ્યાલમાં આવે છે.

મનની શુદ્ધિ એટલે મતિની શુદ્ધિ.

હૃદયની શુદ્ધિ એટલે ભાવનાની શુદ્ધિ.

શારીરિક તપ એટલે દેવ-ગુરુની ભક્તિ કરવી.

વાચિક તપ એટલે શાસ્ત્ર-સ્વાધ્યાય-મંત્ર-જાપ કરવો.

માનસિક તપ એટલે ભાવોની પવિત્રતા રાખવી.

મનુષ્ય ફક્ત શરીર, મન, બુદ્ધિ કે ઇંદ્રિયો નહિ પણ તેના મૂળ સ્વરૂપમાં આત્મા છે. એ દેહ વગેરે કરણોમાં ખોવાઈ ગયેલો છે. એને શોધવા કાજે સાધન લેવાં જોઈએ.

|| સત્ય શોધવાની તીવ્ર ઇચ્છા એ આત્મકૃપા. ||
|| શાસ્ત્રાભ્યાસ માટે પ્રીતિ થવી તે શાસ્ત્રકૃપા. ||

તપ : શરીર-મન-વચન વડે થાય.

જપ : સ્વાધ્યાય વડે થાય. પાપ : પ્રભુ આજ્ઞાનો દ્રોહ.

પ્રભુ પ્રાણીમાત્રમાં ગૂઢ છે, તેથી પ્રાણીમાત્ર તરફ સદ્ભાવ રાખો.

સૌને અન્ન, જળ, વસ્ત્ર અને વાસ મળો.

વિષયસુખ તિર્યંચમાં પણ મળે. તેને ઇચ્છવું તે પશુતા છે.

## દાનનો અપૂર્વ મહિમા

'દાનરુચિ' એટલે બાળ ચેતનની સેવા.

દાનરુચિ વિના માનવભવ મળતો નથી.

ચૈતન્યની સેવા માનવ બનાવે અને એ જ દેવગતિ આપે.

'પશુ ટાળી સુરરૂપ કરે જે...'

તિર્યંચમાં દાન નથી, મનુષ્યને જ તે છે.

જે દાની નથી, તે હજુ પશુ છે કે પશુ થવા સર્જાયેલો છે.

દાન એટલે મમતાને શિથિલ કરવી.

દાન દેશ-કાળ અને પાત્રનો વિચાર કરીને કરવું.

૦ જેના ચરણકમળોના ધ્યાન-સમાધિ દ્વારા ધોવાયેલી
બુદ્ધિ વડે આત્માનું પરમાત્મપણું સમજાય છે,
તે પરમાત્મા મારા ઉપર પ્રસન્ન રહો.

મંત્ર જાપ પરમ પ્રેમ, શ્રદ્ધા અને એકાગ્રતાથી થવો જોઈએ.

દરેક કર્મ પ્રભુ આરાધનાર્થે જ કરવું, તો
અંતરાત્મા તુષ્ટ-મન પ્રસન્ન બનશે, ક્લેશ ઊભો નહિ રહે,
'દરેક કર્મનો સાક્ષી પ્રભુ છે' એ ન ભૂલવું.

'જાણવું' એટલે જોવું, 'માનવું' એટલે બનવું.

'ઈશ્વરમાં માનવું' એટલે અનુભૂતિ લેવી.

માનવું એ અગત્યનું નથી, પણ બનવું એ અગત્યનું છે.

અધિકાર માગવો એ મરવા બરાબર છે.
માગવા કરતાં મરવું બહેતર છે.
<u>પીડા દૂર કરવાનો ઉપાય પરાયા પીડા અનુભવવી તે છે.</u>
સૌમાં આપણે જ વસ્યાં છીએ.
જેણે ઈશ્વરની કરૂણાનો સ્વાદ ચાખવો હોય,
તેણે જાતે કરૂણાવાન બનવું જોઈએ.
સમસ્ત જગતમાં કયો જીવ કરૂણાને પાત્ર નથી?
કરૂણા એ સર્વજ્ઞ આત્મદર્શનમાંથી વહેતી પાવન ગંગા છે.
કરૂણા એ સર્વજ્ઞ આત્મદર્શનનું દ્વાર છે.
'ઉપકાર કરે' એટલે અનિચ્છાએ પણ આવું પોષાય.
પારકાનું દુઃખ આપણા માટે દીવાળી બને.
<u>પોતાનું દુઃખ દૂર કરવામાં કોઈ બલિદાન લેતો નથી,</u>
તેમ <u>બીજા માટે પણ બલિદાન લેવું યોગ્ય</u> નથી.
ઉપકાર પુણ્ય છે, તો બલિદાન પાપ છે.
તે બે નો સ્પર્શ કેમ કરાવાય?
દૂધમાં વિષનો કણ કેમ ભેળવાય?
ધૂળના કણ કરતાં પણ પોતાને તુચ્છ ગણાવાથી
અહં દબાય છે, 'નમ' શિરે ધરાય છે.
વંદના = પૂજ્યતા, સન્માન, ગૌરવ, સત્કારની ભાવના.

સાચી સમજણે નમ્રતા સ્વયં આવે છે.

નિર્દોષ જગતમાં દોષ જોવાની દૃષ્ટિ એ મોટો અપરાધ છે.

પારકાની નિંદા કરવાથી વિશ્વાત્મા દૂભાય છે.

વિશ્વશાંતિ અને વિશ્વવિગ્રહ - બન્ને પરસ્પર વિરુદ્ધ
વસ્તુઓ જીભને ટેરવે એટલે કે વાણીમાં જ વસે છે.

o 'નામ લેવું' એટલે પ્રભુને સાથે જોડાવવા.

નામજપ એ સાધનાનો સાર - શાસ્ત્રનું હીર છે.

જ્યારે બુદ્ધિ ઢળી જાય, ત્યારે પ્રભુનામમાં
પ્રીતિ, શ્રદ્ધા, ભક્તિ અને નિષ્ઠા જન્મે.

પ્રભુનામ કરતાં વધુ પાવન પદાર્થ હજુ ઉત્પન્ન થયો નથી.

o ભેદમાં અભેદ, વિવિધમાં એકત્વ, દ્વૈતમાં અદ્વૈત.

અભેદના સ્થૈર્ય બાદ ભેદદર્શન આનંદકારક છે,
તે પહેલાં ક્લેશકારક છે.

o ભોજન ખાધા પછી તરસ લાગે જ,
તેમ ભોગાનુભવની પાછળ તૃષ્ણાનુભવ આવે જ.

પદાર્થની ભૂખ એ આત્માનું અપમાન છે. અંતે સત્યનો
જય છે, તો પહેલેથી જ તેને વિજય કેમ ન આપવો?

ભોગ તજે તેનો ભાવિ જન્મ ટળે.

અંતર્યામી સવિતા - સર્વ સાક્ષી છે.

(૧) 'અહિંસા' એટલે કોઈપણ પ્રાણી પ્રત્યે, કોઈપણ કાળે
કોઈપણ પ્રકારે, કોઈપણ બહાને દ્રોહનો અભાવ.

આત્મભાનની દશા સિવાય અહિંસા અશક્ય છે.

પઢમં નાણં તઓ દયા | અર્થાત્: પહેલાં જ્ઞાન પછી દયા.

પ્રાણીમાત્રને આત્મપ્રેમે ચાહવાની મનઃકળા તે 'અહિંસા'.

અહિંસા સીધાં આત્મદર્શન લાવે છે.

કામ, ક્રોધ અને લોભ આત્મદર્શનમાં જ બાધ.

નિર્વૈરઃ સર્વભૂતેષુ | અર્થાત્: સર્વ જીવો પ્રત્યે વૈરરહિત થવું.

(૨) 'સત્ય' એટલે યથાર્થ ચિંતન, ઉચ્ચારણ.

સત્યસેવનનું ફળ અમોઘ વચન અને અમોઘ સંકલ્પ.

આત્માની રમણીયતા વિષયોને ઉછીની મળે છે.

વિષયોની રમણીયતા નકલ છે, આત્માની અસલ છે.

આપ = દૂર કરવું, રાધ = પ્રસન્નતા.

'આત્મા કદી અપ્રસન્ન થતો જ નથી, એટલે એનો કોઈ
અપરાધ છે જ નહિ' એ માન્યતાનું નામ સાચી ક્ષમા.

આત્મા સૌથી સબળ છે.

સબળે નિર્બળના અપરાધને સહી લેવો એ કર્તવ્ય છે.

પશ્ચાત્તાપ એ ચોરીનું મુખ્ય પ્રાયશ્ચિત છે.

વૈરાગ્ય એ રાગ-દ્વેષ વિનાની સમજણ છે.

० માટીનો દીકરો કામ અને કામનો દીકરો ક્રોધ છે.
જીવવું, મરવું, ફરી જનમવું અને મુક્ત થવું એ જીવનચક્ર.
સુખ-સમાધિ-શાંતિ, નિર્ભય, અ-શોક, નિઃસંગ, અક્લેશ-આનંદમય જીવન જીવે તે આ ભવચક્રમાં ઉત્તમ, ઉત્તમતર, ઉત્તમ જન્મ મેળવી જીવતાં જીવ મુક્તિ અનુભવી અને મર્યા બાદ મુક્ત થઈ સિદ્ધશિલામાં વસે છે.

<u>ભક્તને ભાવે તે પ્રેમમય-ભક્તિપ્રધાન થાય.</u>

<u>ભક્તિમાન જીવનભર નિષ્કામ કર્મ કરે જ.</u>

અદ્વેષ્ટા સર્વભૂતાનામ્ । અર્થાત્ : સર્વ જીવને પ્રેમ કરવો.

० પદાર્થ ત્રણ જ છે : જીવ, જગત, ઈશ્વર.

કુસંગ એ દોષકારક સંબંધ છે, જે સૌમાં રાગ-દ્વેષને જન્માવે, પોષે, સમૃદ્ધ કરે એવો સંબંધ ગણાયો છે.
સત્સંગ એ દુઃસંગને હણે છે, અસંગને જન્માવે છે.

<u>શુદ્ધ પ્રેમમાંથી ક્ષમા જન્મે છે.</u>

<u>ક્ષમા ન આપવી એ કાયરતા છે.</u>

જગતને પ્રેમનું દાન કરવાથી સાચું આનંદ મળે છે.
આપણને જે ન ગમે તે બીજાને ગમતું પણ હોય!
અને દરેક બીજાને પણ આપણી જેમ જીવવાનો તથા પોતાની મરજી મુજબ જીવવાનો અધિકાર ધરાવે છે.

આદિ આપણને ન ગમતું પણ બીજાને ગમતું એવું નભાવી લેવાની સહનશક્તિની શક્તિ તે 'તિતિક્ષા' છે. આત્મા સર્વવ્યાપી અને સર્વરૂપ છે, તેથી તિતિક્ષા તેને સહજ હોવી ઘટે. સર્વ વસ્તુનો સ્વીકાર અને સત્કાર, કશાંનો પણ પડકાર નહિ, એ તિતિક્ષાનું સ્વરૂપ છે. તિતિક્ષા દુઃસંમર્ષ| તિતિક્ષા = દુઃખને જરવવાની શક્તિ.

પોષ વદ ૭, સોમવાર

૦ બુદ્ધેઃ સન્નિષ્ઠતા શમઃ | જિહ્વોપસ્થજયો ધૃતિઃ |
કામત્યાગસ્તપઃ સ્મૃતઃ | (પરિશિષ્ટ-૧૩)

તપ = વિચાર પણ થાય. વિચારક જ ઇચ્છાને જીતી શકે. વિચારમય જીવન જ તપ. ઇચ્છા કરવાની જરૂર જ નથી.

વસ્તુની પ્રાપ્તિ ઇચ્છાનુસાર નહિ,
પણ કર્માનુસાર હોવાથી સત્કર્મની ઇચ્છા જ કર્તવ્ય છે.

૦ સામાયિકને પૂર્ણ બનાવનાર નવકાર છે.
સામાયિક અનુષ્ઠાન છે, તેથી તેની ક્રિયા મર્યાદિત છે.
નવકાર ભાવના છે, તેથી અમર્યાદિત છે.

ક્રિયામાં રહેલી મર્યાદા - અપૂર્ણતાને ભાવનામાં રહેલી અમર્યાદા પૂર્ણ કરી આપે છે. સામાયિક શબ્દનો પ્રયત્ન - નવકાર એ પૂર્ણનો પક્ષ છે. પૂર્ણતાના પક્ષપાતપૂર્વક શબ્દનો આરંભ-યતનાપૂર્ણ ફળને આપનાર થાય છે.

શબ્દારંભ અને શુદ્ધિના પ્રકૃષ્ટ શુભાનુબંધ પડે.
ઉચિતનો પ્રારંભ અને પરિસમાપ્તિનો રાગ એ સાનુબંધ-શુભાનુષ્ઠાન છે, જેમાં સમાપ્તિનો પણ અને શબ્દનો પ્રારંભ નહિ, તે નિરનુબંધ - અલ્પફલક - તુચ્છાનુષ્ઠાન છે.

નમસ્કાર એ ભિન્નતાદર્શક છે.

મમતાની તુચ્છતાનો સ્વીકાર તે નમસ્કાર છે.
સમતા એ ઉચ્ચતા-પૂજ્યતાને બતાવે, એથી અહંતા જાય.
<u>અહંતા સમતાની અને મમતા એ નમનતાની વિરોધી છે.</u>
અરિહંતના નમસ્કાર વડે સમતાનો લાભ અને મમતાનો નાશ થાય છે અને તેનો નાશ એ પાપનો પ્રણાશ છે.

સમતાનો લાભ એ સર્વ મંગળોમાં શ્રેષ્ઠ મંગળ છે, કેમકે એક સમતા વડે જ મોક્ષપર્યંતના સુખો મળે છે.
સર્વ દુઃખોની જનની મમતા - સર્વ સુખોની જનેતા સમતા.
મમતાનો નાશ કરવા અને સમતાનો લાભ મેળવવા માટે પરમેષ્ઠિ નમસ્કાર કરવાનો છે. તેઓને નમવાથી

'સંસારમાં જે મળ્યું છે, તે ન + મમ = મારું નહિ'

એવો બોધ થાય છે અને

'પરમેષ્ઠિ ભગવંતોને મળ્યું છે તે મારું છે'

એવું ભાન થાય છે.

સ + મમ = તે મારા છે.

'સંસાર તથા તેના સંબંધો એ મારા નહિ' અને 'પંચ પરમેષ્ઠિ અને તેમના ગુરુસ્થાનકો એ મારા છે'; એવી બુદ્ધિ પેદા કરવા માટે પંચ મંગલનો ઉપદેશ છે. પંચમંગલ પંચ પરમેષ્ઠિ નમસ્કારરૂપ હોવાથી પોતાના અપકર્ષના બોધને અનુકૂલ પ્રવૃત્તિ કરાવનાર છે, તેથી પોતાનો અપકર્ષ-મમતાનો અપકર્ષ અને પરમેષ્ઠિઓનો ઉત્કર્ષ-સમતાનો ઉત્કર્ષ, એવા બોધને અનુકૂલ વ્યાપાર થાય છે. એ વ્યાપારથી મમતાની તુચ્છતા અને સમતાની ઉચ્ચતાનો બોધ સુસ્થિર થાય છે. એ બોધ સ્થિર થવાથી સર્વવિરતિ ચારિત્રની પ્રાપ્તિ કરી સકલ કર્મના મોક્ષસ્વરૂપ અવ્યાબાધ પદના અધિકારી થવાય છે. મમતાનો નાશ, તેની તુચ્છતાનો સ્વીકાર અને તેના વિષયભૂત પદાર્થોની અપકારકતાનો નિર્ણય સુદૃઢ કરવા માટે સમતાને વરેલા પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવાનો છે. તેથી સમતાની ઉચ્ચતા, ભવ્યતા, દિવ્યતા, સ્વાભાવિકતા અને સર્વ જીવો ઉપરની ઉપકારકતાનો બોધ સુસ્પષ્ટ થાય છે.

મમતા સર્વને અપકાર કરનારી છે.
સમતા સર્વને સુખ આપનારી છે,
તેથી સમતાને જે પામેલા હોય,
તેને નમવાની સર્વ મમતાધીનની ફરજ છે.

જો તે રીતે ન કરવામાં આવે, તો મમતારૂપી રોગની
વૃદ્ધિ થાય અને સમતારૂપી આરોગ્ય દુર્લભ થાય.

મમતા એ રોગ છે, જેનું મૂળ અહંતા છે.

એ અહંતાનો નાશ અર્હંતાની ભાવનાથી થાય છે.

અર્હં સર્વનો છે, અહં પોતાનો છે.

સ્વનો મટી સર્વનું થવું = અહંમાંથી છૂટીને અર્હં બનવું.

સ્વાર્થ એ જ પાપ છે, તે પાપ પરાર્થ વડે જ જાય છે.
તેથી પરાર્થને વરેલાઓને નમવું, ઉચ્ચ માનવા, તે સ્થિતિ
મેળવવાનો મનોરથ સેવવો એનું જ નામ 'નમસ્કાર' છે.

પરહિતનિરત થવા વડે જ સ્વહિત થાય છે.

અહિત કરનાર સ્વાર્થભાવનો ત્યાગ થવાથી હિત થાય.
તે તો જ થાય કે સ્વ કરતાં પરની કીમત વધારે લાગે.
તે એટલા માટે કે સ્વના ઉપકારમાં પર જ નિમિત્ત છે.
જે જેને ઉપકાર કરે, તે તેનાથી ચઢીયાતો ગણાય.
સ્વથી પર થવા માટે આલંબન સ્વથી ભિન્ન પર છે,
તેથી પરને ઉપકારી માની, એ ઉપકારનો પ્રત્યુપકાર
કરવા માટે સદા સજ્જ રહેવું, એનું જ નામ 'પરમાર્થ' છે.
પરમ અર્થ = જે મોક્ષ સાધી આપનારો અર્થ તે પરમાર્થ.
પરના આલંબન વડે જ પરમ સુધી પહોંચી શકાય છે.

'સર્વ જગતનું કલ્યાણ થાઓ' ભાવનાને સિદ્ધ કરવા
'સર્વ જગજંતુઓ પરહિતમાં રક્ત બનો' ભાવના કરવી.
પરહિતરક્તતાથી સ્વાર્થપરાયણતારૂપી મહાદોષ નિવૃત્ત થાય.

રાગ-દ્વેષના વિષમભાવાદિ જવા ત્રીજી પ્રાર્થના
'પરહિતરક્તતા વડે સર્વના દોષો નાશ પામો' કરવાની છે.
રાગ-દ્વેષ આદિ મોહરૂપી દોષો નાશ પામતાની સાથે
સર્વત્ર (દેશ), સુખી (ભાવ), ભવતુ (કાળ), લોકઃ (દ્રવ્ય)
એ ફળ સિદ્ધ થાય છે.

<u>દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિ 'શિવમસ્તુ'ની ભાવનાની અનુપ્રેક્ષા:</u>

<u>દ્રવ્ય</u> - સર્વ - ભૂતગણાઃ - (સર્વેષાં) લોકઃ
<u>ક્ષેત્ર</u> - જગતઃ - (સર્વત્ર) - (સર્વત્ર) સર્વત્ર
<u>કાળ</u> - અસ્તુ - ભવન્તુ - પ્રયાન્તુ ભવતુ
<u>ભાવ</u> - શિવમ્ - પરહિતનિરતાઃ - દોષાનાશં સુખી

આમ એક જ શ્લોકમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવાદિ
'સમગ્ર વિશ્વ સ્વકર્તવ્યપરાયણ બની
દોષમુક્ત - સુખયુક્ત થાઓ' એવા આશીર્વાદ દર્શાવાયા છે.
સુખી થવાનો ઉપાય દોષક્ષય, તેનો ઉપાય પરહિતરક્તતા,
પરહિતરક્તતાનું ફળ મોક્ષ, મોક્ષનો ઉપાય પરહિતરક્તતા.
પરહિતરક્તતાનું કાર્ય દોષક્ષય અને દોષક્ષયનું ફળ સુખ.

સ્વાર્થરૂપી પાપનો નાશ અને પરાર્થરૂપી મંગળની પ્રાપ્તિ કરવા માટે સ્વાર્થાદિ પર તથા પરાર્થમાં લીન એવા પંચ પરમેષ્ઠિની ઉચ્ચતા - પોતાની હીનતા ભાવવા તથા હીનતા નિવારી ઉચ્ચતા મેળવવા માટે વારંવાર પંચપરમેષ્ઠિ ભગવંતનો નમસ્કાર શાસ્ત્રોમાં વિહિત કરાયેલો છે.

શાસ્ત્રવિહિત પંચ પરમેષ્ઠિ નમસ્કારનું આલંબન લેવાથી સ્વત્વ-સ્વામિત્વ અને અહંત્વ-મમત્વના ભાવથી મુક્તિ અને સર્વોચ્ચત્વ, સમત્વ, ઉત્કૃષ્ટત્વભાવથી ભાવિત થવાય છે.

સમત્વ એ સર્વ મંગળોમાં પહેલું મંગળ છે.

મમત્વ એ સર્વ પાપોમાં મોટું પાપ છે.

સમત્વની ઉત્પત્તિ અર્હત્વ-તીર્થંકરત્વ-પરમેષ્ઠિત્વમાંથી છે.

અને મમત્વની ઉત્પત્તિ અહંત્વમાંથી છે.

સમત્વ પામેલા પુરુષો જ પરમપદે બિરાજમાન

સર્વ જીવના હિતકારી બને છે,

તેથી તેમને પૂજવાથી પૂજ્યતાનો ઉપાય-સમત્વનો લાભ થાય અને હીનતાનું કારણ મમત્વવૃત્તિનો અંત આવે છે.

નવકારનું પ્રયોજન = મમતાનો નાશ - સમતાનો લાભ.

એ પ્રયોજન જેમ જેમ સિદ્ધ થતું જાય છે,

તેમ તેમ આ લોક-પરલોકના સુખોનો લાભ થતો જાય છે

અને પરંપરાએ મુક્તિપદની પ્રાપ્તિ થાય છે.

o અરિહંતનો નમસ્કાર સ્વાર્થભાવનો નાશ કરી
પરાર્થભાવ કેળવવા માટે છે.

સ્વાર્થભાવ મમતારૂપ છે. પરાર્થભાવ સમતા સ્વરૂપ છે.
સ્વને પરથી અધિક માનવો તે મમતા છે.
પરને સ્વની સમાન માનવો તે સમતા છે.
વળી પર એ સ્વના વિસર્જનમાં ઉપકારક હોવાથી
સ્વથી અધિક માનવો તે પણ સમતા છે.

અરિહંતોના નમસ્કારથી સમતા સધાય છે, કારણ કે અરિહંતોએ પરને સ્વતુલ્ય અને સ્વઅધિક માનીને તેમ જ તે જ મુજબ વર્તન કરી અરિહંતપદ પ્રાપ્ત કર્યું છે. 'અરિ' એટલે સ્વ. તેને હણનારા અથવા 'અરિહં' એટલે પૂજ્ય, સમતાભાવને વરેલા. તેમને નમસ્કાર કરવાથી પૂજ્યતા, વીતરાગતા અને તેનો હેતુ સમતા આવે છે. પૂજ્યતાનો હેતુ વીતરાગતા અને તેનો હેતુ સમતા છે.

તે સમતાને પામેલા અરિહંતો છે,

તેથી તેમનો નમસ્કાર સમતાભાવ, સર્વ જીવો સાથે તુલ્યતાનો - આત્મીયતાનો ભાવ લાવી આપીને જીવનું મમતાભાવથી રક્ષણ કરે છે, જે ભાવ દુર્ગતિપાતનો હેતુ છે.

તેનું નિવારણ સમતાભાવથી થાય છે.

એ સમતાભાવ મમતાનો નાશ કરનારા અને સમતાભાવની
ટોંચે પહોંચેલા અરિહંતોના નમસ્કારથી પ્રાપ્ત થાય છે.
અરિહંતોનો નમસ્કાર અનાત્મસમદર્શિત્વ મિથ્યાભાવનો
નાશ કરી આત્મસમદર્શિત્વરૂપ સમ્યક્ભાવને લાવનારો છે,
તેથી પરમ ઉપાદેય - સર્વ શાસ્ત્રોનો સાર છે.
તે સર્વ શાસ્ત્રોના પ્રયોજનરૂપ સમતાભાવને લાવે છે
કે સર્વ શાસ્ત્રોના પ્રયોજનરૂપ મમતાભાવનો નાશ કરે છે.
પાપનાશ અને મંગળનું આગમન એ
સર્વ શાસ્ત્રોનું અને નવકારનું પણ પ્રયોજન છે.
મમતા પાપસ્વરૂપ છે,
કેમકે તેથી હિંસા અને ક્રોધાદિ પાપો પેદા થાય છે.
સમતા ધર્મસ્વરૂપ છે,
કેમકે તેનાથી અહિંસા-ક્ષમાદિ ધર્મો ઉત્પન્ન થાય છે.
મમતાનો નાશ અને સમતાનો લાભ
આત્મસમદર્શિત્વ ભાવથી સધાય છે,
તેથી નવકારનું સાક્ષાત્ પ્રયોજન આત્મસમદર્શિત્વ છે.
આત્મસમદર્શિત્વ સર્વ જીવો સાથે સમતા સાધી આપે છે
અને પરમાત્મપદ પ્રત્યે ભક્તિ જગાડી આપે છે,
કેમકે પરમાત્મપદ પામેલો આત્મા પોતાનો હોય તો પણ
તે ભક્તિને પાત્ર છે એમ માને છે, તો પછી જેઓ

પરમાત્મપદને પામી ચૂકેલા છે, તે અવશ્ય ભક્તિને પાત્ર છે અને માનવામાં જ આત્મસમદર્શિત્વ સિદ્ધ થાય છે, એટલું જ નહિ, પણ પોતાના આત્માની જેમ સર્વ આત્માઓ પરમાત્મપદ પામવાને લાયક છે, તેમ પોતાના આત્માની જેમ જ સર્વ આત્માઓ સાથે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થનો ભાવ જાગે છે. એ રીતે શાસ્ત્રોનું અને વ્યવહારનું સાક્ષાત પ્રયોજન આત્મસમદર્શિત્વ સિદ્ધ થાય છે અને તેની સિદ્ધિ કૃતજ્ઞતા અને પરોપકારગુણના પાલનથી થાય છે. એ ગુણોનું માહાત્મ્ય વિશેષજ્ઞતા અને લબ્ધલક્ષ્યતા ગુણથી પમાય છે. એની પ્રાપ્તિ પંચેન્દ્રિયપટુતા - દીર્ઘદર્શિતા ગુણથી થાય, તેમ માનવનો ભવ દુર્લભ ગણાય છે. તેમાં ભદ્રકભાવ પણ હોય તો જ મળેલ મન અને બુદ્ધિ સાર્થક થાય છે.

: નિમ્નલિખિત ગુણો મુખ્ય છે :

ભદ્રકભાવ, વિનીતતા, વૃદ્ધાનુસારિતા, દયાળુતા, દાક્ષિણ્યતા, અક્રૂરતા, પ્રકૃતિ સૌમ્યતા, અક્ષુદ્રતા, મધ્યસ્થ, સૌમ્યદૃષ્ટિતા. ટૂંકમાં આત્મસમદર્શિતાની ભૂમિકાવાળાને મન-બુદ્ધિ મળે ત્યારે કૃતજ્ઞતા અને પરોપકાર ગુણનો મહિમા સમજવાથી ન્યાયબુદ્ધિનો વિકાસ થાય છે.

જેમ જેમ વ્યવહારશુદ્ધિ વિકસે છે, તેમ તેમ ભીરુતા,
અશઠતા, લજ્જાળુતા, ગુણાનુરાગિતા, સત્કથતા વધે છે.
ટૂંકમાં બીજા પાસેથી પોતે ઈચ્છે તેવું વર્તન
બીજા પ્રત્યે કરવા પ્રેરાય છે,
એથી સાત્ત્વિક વાર્દગુણ વધે, એકવચનીપણું પ્રાપ્ત થાય,
લોકપ્રિયતા અને સુપક્ષતાદિ ધર્મની શીઘ્ર સિદ્ધિ થાય છે
અને સમતાભાવની સિદ્ધિ વડે મોક્ષ પામે છે.

૦ 'નમો' શબ્દ ભયસૂચક છે, ભયભીત જ ભયથી
નમી શકે અને અરિહંતાદિના શરણે જઈ શકે.
અહીં ભય ભવનો લેવો, ઉપરાંત
૪ ગતિના પરિભ્રમણનો, જન્મ-મરણનો,
તેના કારણભૂત મિથ્યાત્વાદિ દોષોનો, હિંસાદિ પાપોનો,
કામક્રોધાદિ વિકારોનો અથવા અશાંતિ-અસમાધિ-અસુખનો,
નિરાધારતાનો, અશરણતાનો, અસહાયતાનો, વિનશ્વરતાનો,
ક્ષણભંગુરતાનો, દુર્ગતિની દુઃખદાયકતાનો, સંસારવૃદ્ધિનો,
આજીવિકાનો, અકસ્માતનો, અપયશનો, રોગનો, વૃદ્ધાવસ્થાનો,
મરણનો, મનુષ્યનો, દેવનો, તિર્યંચનો, શત્રુનો, ખલનો,
અજ્ઞાનીનો, મિથ્યાદૃષ્ટિનો, કુશીલસેવાનો, હિંસકનો, જૂઠનો,
ચોરનો, લોભીનો, કષાયી-વિષયીનો, રક્ત-દ્વિષ્ટ-મૂઢ-
વ્યુદ્‌ગ્રાહિનો, અશુભ કર્મનો, અશાતા વેદનીયનો, અંતરાયનો,

આયુષ્યકર્મનો, જ્ઞાનાવરણ - દર્શનાવરણ - મોહનીયની
પ્રકૃતિઓનો, બંધનો, ઉદય - ઉદીરણા - સત્તાનો, પ્રકૃતિ,
સ્થિતિ, રસ, પ્રદેશ વગેરેનો ભય લાગતો હોય છે.
એ બધા જ ભય વખતે શરણ આપવાની શક્તિ
આત્માની, પરમાત્માની, મૈત્રી - પ્રમોદ - કરુણા - માધ્યસ્થ્ય
ભાવની છે, અભય સમજાય ત્યારે નિર્ભયતા આવે.
તેથી નમસ્કાર એ નિર્ભયતાનો, અદ્વેષનો, પરોપકારનો,
કૃતજ્ઞતાનો, દાન - શીલ - તપ - ભાવનો, સર્વ સદ્ગુણોનો,
સર્વ દોષ નિવારણનો, વૈરાગ્ય, ત્યાગ, સદ્ગુણ વિકાસ
અને સદાચાર નિર્માણનો મંત્ર છે.

નમસ્કારની મંત્રમયતા જેમ અર્થથી સાબિત છે,
તેમ શબ્દથી પણ તેની મંત્રમયતા સિદ્ધ છે.
માત્ર મનને તેના શબ્દોમાં પરોવવું જોઈએ.
તે માટે સતત અભ્યાસ કરીને સિદ્ધિ મેળવવી જોઈએ.
નવકાર એ મમતાનાશનો મંત્ર છે. મમતા એ અશાંતિનું
કારણ છે, તેથી નવકાર એ સમતાલાભનો મંત્ર છે.
સમતા - અશાંતિને પ્રકાશ - અંધકારની જેવો વિરોધ છે.
જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર ન હોઈ શકે,
તેમ જ્યાં નવકાર હોય ત્યાં મમતા ન હોઈ શકે,

કેમકે નવકાર એ સમતાનો પુંજ છે,
સમતાની પૂજ્યતાને, ગ્રાહ્યતાને, આદેયતાને માનનારો છે.
સમતાના શરણે ગયેલો મમતાની વિડંબનાથી બચી શકે છે.

મમતારૂપી પિશાચીનીથી પરાભવ પામેલાને
આશ્વાસન આપનારો સમતાસમુદ્ર જેવો નવકાર મંત્ર છે.
મમકાર નમ્ર કેવી રીતે બને? જ્યારે તેને કોઈ આપત્તિ આવે
કે કોઈ અગત્યની ચીજની જરૂર હોય અને તે ન મળે, ત્યારે
જેની પાસેથી મળવા શક્ય હોય તેને નમ્યા વિના ન રહે.
જેને નમવાથી આપત્તિ ટળે તેમ હોય, તેને અવશ્ય નમે.

અરિહંતોને નમવાથી ભવઆપત્તિ ટળે છે,
ભવના કારણભૂત મમત્વની વાસના જાય છે, મોક્ષસુખ
મળે છે, મોક્ષસુખના કારણભૂત સમત્વભાવ આવે છે.

o વિષયોના રાગના કારણે જેમ જીવો પ્રત્યે ભેદબુદ્ધિ
ઉત્પન્ન થાય છે, તેમ જીવો પ્રત્યે ભેદબુદ્ધિના કારણે
પણ વિષયો પ્રત્યે મમત્વબુદ્ધિ જાગે છે.
વિષયોનો વૈરાગ્ય અને જીવો પ્રત્યે રાગને અન્યોન્ય સંબંધ છે.
જેમ જેમ જીવો પ્રત્યે રાગ - અનુરાગ વધે છે,
તેમ તેમ વિષયો પ્રત્યે વૈરાગ્ય જાગે છે અને
જેમ જેમ વિષયોની તુચ્છતા અને અસારતા સમજાય,

તેમ તેમ જીવો પ્રત્યે અનુરાગ કેળવાય છે.

રાગ અને અનુરાગમાં ફરક છે. અનુરાગ રાગ પછી રહેય.
સામાના ઉપકારને હૃદયમાં લેવાથી અનુરાગ જાગે, તેથી
રાગ જેમ વિવેક-વિચારથી વિહીન છે, તેમ અનુરાગ નથી.

અનુરાગની પાછળ વિચાર અને વિવેક છે.

રાગ સ્વાર્થ છે, અનુરાગ ઉદાત્ત છે.

જો જીવો પ્રત્યે અનુરાગ ન પ્રગટે, તો જીવ કૃતઘ્ની બને,
સ્વાર્થલંપટ થાય, પાપી બનીને નરકનો અધિકારી થાય.
અનુરાગ કૃતજ્ઞતાગુણને સૂચવે, પરોપકારનો પ્રેરક છે.
વિષયોની નિર્ગુણતાનો, જીવોની ગુણમયતાનો અને
ઉપગ્રાહકતાનો વિચાર અનુરાગ પેદા કરે છે,
તેથી અનુરાગ ઉદાત્ત છે. જીવો પ્રત્યે અનુરાગ અને
પંચપરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે ભક્તિરાગ એ અશુભરાગને
નિવારી દે છે અને વીતરાગતાને ખેંચી લાવે છે.

વીતરાગતાનું કારણ શુભરાગ છે.

રાગની શુભતા રાગના વિષયની શુભતાને આશ્રયીને છે.
જ્યારે રાગનો વિષય જીવમાત્રનું જીવત્વ અને તેના
બહુમાનથી ભરેલા પંચ પરમેષ્ઠિઓનું સાધુત્વ બને છે,
ત્યારે તે અશુભરાગ મટી જાય છે,

બંધનો હેતુ થતો નથી, કિન્તુ શુભભાવને પામીને નિર્જરાનો, સંવરનો, શુભાસ્રવનો, પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ બનીને જીવની ઉત્તરોત્તર ઉર્ધ્વગતિ કરે છે.

૦ શાસ્ત્ર વિરુદ્ધ બોધ હાનિકારક છે, તેમ શાસ્ત્રોના ઐદંપર્યને શોધ્યા વિનાનો બોધ પણ હાનિકારક છે.

ઉત્સૂત્રનો ભય એવો ન હોવો જોઈએ,
કે જે શાસ્ત્રોનાં રહસ્યો શોધતાં મૂંઝવે.
શબ્દાર્થમાં બંધાઈ રહેવું અને ટૂંકા અર્થને પૂર્ણ માની લેવો
એ વિકાસમાં રોધક છે.

## ધર્મ મહાસત્તા

ધર્મ એ વસ્તુસ્વભાવરૂપ છે,
વસ્તુનો સ્વભાવ અચિન્ત્ય શક્તિને ધારણ કરે છે.
અગ્નિ ભડકો મહા જંગલને બાળી શકે છે.
પવન ઘનઘોર વાદળની ઘટાને એક પળમાં વિખેરી શકે.
પાણી મોટા દાવાનળને બુઝવી શકે છે.
પૃથ્વી આધાર વિના રહીને સર્વને આધાર આપી શકે.
આકાશ અમૂર્ત, અરૂપી રહીને સર્વને અવકાશ આપે છે.
શરીર, ઇંદ્રિયો, મન અને બુદ્ધિ ભૌતિક
હોવા છતાં જ્ઞાનનાં સાધન અને વાહક બની શકે છે.

વસ્તુમાત્રનો સ્વભાવ અચિન્ત્ય શક્તિયુક્ત છે.
આત્મા પણ એક વસ્તુ છે. તેને પણ પોતાનો સ્વતંત્ર
સ્વભાવ છે. આત્માનું ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ છે.
સકલ વિશ્વને એક પલકમાં જાણી લેવું અને તેના જંતુઓ
ઉપર પ્રેમભાવ ધારણ કરી, અનંત આનંદનો ઉપભોગ
કરવો એ આત્માનો જાતિ સ્વભાવ છે. જાતિ સ્વભાવરૂપ
ધર્મના અચિન્ત્ય સામર્થ્યનું જ બીજું નામ 'ધર્મમહાસત્તા.'
જે જે ભાવો, વિચારણાઓ, અનુષ્ઠાનો અને ક્રિયાઓથી
આત્માનો મૂળ સ્વભાવ પ્રગટ થાય, તે ભાવો વગેરેને
પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને 'ધર્મ' કહ્યો છે.
જેમ કે દાન, શીલ, તપ, ભાવ એ ૪ પ્રકારનો ધર્મ
આત્માના મૂળ સ્વભાવને પ્રગટાવવામાં સહાયક થાય છે,
તેથી 'ધર્મ' કહેવાય છે.

દાન ધનની, શીલ વિષયોની, તપ આહાર-શરીરની અને
ભાવ જાતની મમતા છોડાવે અને જાતિની મમતા કરાવે.
જાતમમતા ક્લેશોત્પાદક છે, જાતિમમતા ક્લેશનાશક છે.
તેથી તેને 'સમતા' પણ કહેવાય છે.

સમતા, તુલ્યતા, તુલ્ય પદાર્થોમાં અભેદબુદ્ધિનો આભાસ,
અભેદભાવની જેમ જ અહિંસાદિ વ્રતો, ક્ષમાદિ ધર્મો,

મૈત્ર્યાદિભાવો અને ઔદાર્યાદિ ગુણો આત્મસ્વભાવને
પ્રગટાવનાર હોવાથી 'ધર્મ' ગણાય છે.

આત્માનો સ્વભાવ અચિન્ત્ય શક્તિયુક્ત, સ્વયં જ્ઞાનાનંદ સ્વરૂપ છે અને પોતાના અસ્તિત્વમાત્રથી અન્ય સજાતીય આત્માઓને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિમાં ઉપકારક હોય છે.

ભક્તને મન ગુરુ ઈશ્વરમૂર્તિ અને ઈશ્વર ગુરુમૂર્તિ છે.

શાંતિની ગેરહાજરીમાં જ્ઞાનનું સાફલ્ય નથી.

ભગવાન પ્રિયતમ છે, કેમકે તે સર્વ નામ-રૂપવાળા છે.

જેમાં સ્વાર્થ-ભાગભાગી હોય તે સાચો પ્રેમ નથી.
જેમાં કશું ઉમેરી ન શકાય કે જેમાંથી કશું કાઢી શકાય
નહીં એવો હોય, તેને જ પરમપ્રેમની સંજ્ઞા મળે છે.

પ્રિયતમ વસ્તુ કદી પરોક્ષ હોતી નથી, તે
હૃદયે સદા પ્રત્યક્ષ હોય છે, ન હોય તે પ્રિય+તમ નથી.

પ્રેમ અતિશય કંજૂસ હોય છે.

ભાગ ઉપરની રીતિને તે સહી શકતો નથી.

પ્રિયના વિયોગથી શોક છે, અપ્રિયના સંયોગથી ક્રોધ છે.

ત્યાગ વડે મળેલી કીર્તિ ગૌણ અમરતા છે.

વિષય માત્ર પર પ્રકાશી છે, માટે નીરસ અને તુચ્છ છે,
મહાપુરુષોથી ઉચ્છિષ્ટ છે, જ્યારે ભગવાન મહાન છે.

આત્માનો કોઈ ક્ષય કરી શકતું નથી.

સર્વત્ર સમઆત્માને જોનારને પછી ક્ષય રહેતો નથી.

ભક્તિની પ્રાપ્તિ થતાં મનુષ્યનું મન

નિરોગ-વીતશોક-શાંત-વીતરાગ-નિર્વેર બની જાય છે.

ભક્તિ ઇચ્છાના ત્યાગરૂપ છે, સર્વસ્વના સમર્પણરૂપ છે,

કેમકે તે પરમ પ્રેમસ્વરૂપ છે.

પરમાત્મા પ્રેમસ્વરૂપ છે, તેથી ભક્તિ પણ પ્રેમસ્વરૂપ છે.

જ્યાં આનંદ હોય, ત્યાં પ્રેમ હોય જ.

'નમસ્કાર' એટલે આત્મસમર્પણ.

મારો આત્મા જ તમારો છે,

તો પછી બીજું બધું તો તમારું છે જ.

લોભ એ આત્મઘાતી અને પ્રેમનો વેરી છે.

માણસને પોતાના આત્મામાં નિરતિશય વિશ્વાસ હોય છે.

પ્રિયને અનુકૂળ વર્તન એ પ્રેમનું રહસ્ય છે.

અદ્વિતીયતા, અનન્યતા, અભિન્નતા, એકાત્મતા પર્યાય છે.

મેધા એટલે અર્થ ધારણ કરવાની શક્તિ.

નાયમાત્મા પ્રવચનેન લભ્યો, ન મેધયા, ન બહુના શ્રુતેન।

અર્થાત્: આ આત્મા પ્રવચન વડે, બુદ્ધિ વડે કે ઘણાં શ્રુતજ્ઞાન વડે પણ મેળવાતો નથી.

o કર્મ કાં તો સ્વાર્થે, કાં તો પરાર્થે થાય.
લોકસંગ્રહ એ સત્પુરુષનો સ્વભાવ ધર્મ છે.
વિવિધ મતોમાં ભક્તિના પ્રકાર બદલાય છે, તત્ત્વ નહિ.
પોતાનો આત્મા એ સર્વભૂતોના અંતરાત્મરૂપ છે.
છેવટે યમ-નિયમનું આચરણ જ આત્મરતિમાં પરિણમે છે.
ભગવાન જ ઉત્કૃષ્ટ સ્વાર્થ છે.
કલ્પના નહિ પણ અનુભવ જ શ્રેષ્ઠ પ્રમાણ છે.
શ્રદ્ધા ભક્તિની જનેતા છે.
પ્રેમમાં પોતાની વિસ્મૃતિ પણ
પ્રેમાધારની અખંડ સ્મૃતિ હોય છે.
તેમાં 'મમ' નહિ 'તવ' હોય છે.
પ્રભુને ગર્વ સાથે વેર અને દૈન્ય સાથે પ્રેમ છે.
જે પોતે સર્વ શક્તિમાન હોવા છતાં અભિમાન કરતાં
નથી અને અલ્પ શક્તિવાળા સાથે પણ અભેદભાવ
ધારણા કરે છે, તે અભિમાન કોણ સહન કરે?
અનુભવ એ ભક્તિથી ભિન્ન નથી.
કર્મયોગ તથા રાજયોગ તો
અનુભવનાં સાધનમાત્ર છે અને
ભક્તિયોગ વડે કૃપા મળે છે.

પોષ વદી ૮

નમો = નાનું ન મન, અરિહંતાણં = મોટું સ મન.

'નમો' એ જગતથી વિમુખ થઈ અરિહંતાદિની સન્મુખ થવા માટેનો મહામંત્ર છે. એકવાર સન્મુખ થયા પછી બાકીનું કાર્ય અરિહંતાદિના પ્રભાવથી આપોઆપ થાય છે. જેમ વિષયોની સન્મુખ થયા પછી જીવને આર્તધ્યાન, સંક્લેશ આદિ આપોઆપ વિષયોના પ્રભાવથી થાય છે, તેમ જ અરિહંતાદિનું પણ સમજવું.

અરિહંતાદિની સન્મુખ થયા બાદ તેમના પ્રભાવે સહજમલનો હ્રાસ અને ભવ્યત્વનો પરિપાક આપોઆપ થાય છે.

પાપક્ષય એટલે સહજમલનો હ્રાસ.

મંગલનું આગમન એટલે તથાભવ્યત્વનો પરિપાક.

જીવમાં બે પ્રકારની યોગ્યતા અનાદિકાલીન છે:
(૧) કર્મસંબંધમાં આવવાની (૨) મુક્તિસંબંધમાં આવવાની.

જેવાં જેવાં નિમિત્તો મળે છે, તેવી તેવી યોગ્યતા પાકે છે, તેથી હંમેશાં ઉત્તમ નિમિત્તના સંબંધમાં રહેવાની આજ્ઞા છે. અધમ નિમિત્તના સંયોગો છોડવા અને ઉત્તમ નિમિત્તના સંયોગોમાં રહેવું એટલું જ જીવને આધીન છે. એ જ જીવનો પુરુષાર્થ, બાકીનું કાર્ય નિમિત્તબળે થનારું છે.

તેથી જ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે કહ્યું છે કે:

ચાહે ચકોર તે ચંદને, મધુકર માલતી ભોગી રે...
તિમ ભવિ સહજ ગુણે હોવે ઉત્તમ નિમિત્ત સંયોગી રે,
વીર જિનેસર દેશના...

-યોગદૃષ્ટિ સજ્ઝાય, ઢાળ ૬

'નમો' પદ - મુખ્ય પદ

નમસ્કારનું 'નમો' પદ ઉપાસ્યની સન્મુખતા કરાવે છે. નમસ્કાર વડે ઉપાસ્યની અભિમુખતા, અનુકૂળતાનો સંકલ્પ, પ્રતિકૂળતાનું વિસર્જન, અસહાયતાનું પ્રકટન, સંરક્ષણનો વિશ્વાસ, આત્માનું સમર્પણ, રક્ષણ માટે પ્રાર્થના અને ભગવદ્‌ભાવમાં આત્મવિસર્જન થાય છે.

નવકારમંત્ર ભગવદ્‌ભાવની સન્મુખતા કરાવી જીવની ભવભ્રમણની યોગ્યતાને દૂર કરી આપે છે અને મોક્ષ પામવાની યોગ્યતાનો વિકાસ કરી આપે છે.

પ્રબળ કર્મથી બંધાયેલ જીવને છોડાવવા માટે
પ્રબળ નિમિત્તોની જે આવશ્યકતા છે,
તે જ નવકાર મંત્ર વડે પુરાં પડે છે.

How = કારણ, Why = કાર્ય, What = સ્વરૂપ.
સમ્યક્ત્વ પરમાત્મભાવના પરિચય પ્રત્યે લઈ જાય છે.

વિરતિ પરમાત્મભાવના પરિણમન પ્રત્યે લઈ જાય છે.

મંત્ર- नमः श्रुतदेवतायै भगवत्यै ।
नमस्कारार्हायै वन्दनार्हायै
सर्वोपकारिण्यधिष्ठात्र्यै वैयावृत्त्याय ।१।
सर्वजिनभावार्होचित्येन मे धर्मे प्रवृत्तिरस्तु ।२।
सर्वे सत्त्वाः सुखिनो भवन्तु ।३। (પરિશિષ્ટ-૧૪)

ઉપરના ત્રણ સંકલ્પો છે.

નમસ્કારથી સન્માન પ્રાપ્ત તથા મમત્વભાવનો નાશ કરીને નિર્મમત્વ તથા સમત્વભાવનો વિકાસ થાય છે.

વળી અનાત્મસમદર્શિત્વનો નાશ કરી પરમાત્મસમદર્શિત્વનો લાભ થાય છે.

નમસ્કાર થવામાં નમસ્કાર કરનારનો પ્રયત્ન પ્રધાન કારણ નથી, કિન્તુ નમસ્કાર્ય ભગવંતોની યોગ્યતા મુખ્ય છે.

અગ્નિ પાસે જનારમાં જનારના પુરુષાર્થ કરતાં અગ્નિમાં શીતત્રાણનો ગુણ એ જ મુખ્ય હેતુ છે.

રત્ન તરફના આકર્ષણમાં આકર્ષનારની યોગ્યતા કરતાં રત્નની યોગ્યતા કારણ છે.

આકર્ષનારમાં પણ આકર્ષવાની અપ્રગટ યોગ્યતાને પ્રગટ કરવામાં રત્નનો ફાળો છે.

પરમાત્મનમસ્કારમાં પણ નમસ્કાર કરનારમાં નમસ્કાર કરવાનો લાભ પરમાત્મશક્તિથી પ્રગટ થાય છે. શરણે જનારમાં શરણે જનારની શક્તિ કરતાં પણ શરણ આપનારની શક્તિ જ પ્રબળ મનાય છે. શરણ લેનારની અશક્તિ અને શરણ આપનારની શક્તિ એ જ શરણાગતિની ક્રિયામાં હેતુ છે. શરણ આપનારનો પ્રભાવ ગવાય છે, લેનારનો નહિ, તેમ નમસ્કારની ક્રિયા થવામાં નમસ્કાર્યનો પરમ પ્રભાવ કારણ છે.

નમસ્કાર કરનાર તો પ્રભાવહીન છે.

તેનામાં પણ જાગૃતિ લાવનાર નમસ્કાર્ય જ છે. રોગની ચિકિત્સામાં રોગીનો પ્રભાવ ગણાતો નથી પણ ચિકિત્સા કરનાર વૈદ્ય અને રોગ દૂર કરનાર ઔષધ જ પ્રભાવશાળી મનાય છે. ઔષધના પ્રભાવે રોગ દૂર થયો મનાય, વૈદ્યની કૃપાથી રોગ ગયો એમ સ્વીકાર કરાય છે. એ જ રીતે કર્મરોગથી ગ્રસ્ત રોગીને પણ નમસ્કારરૂપી ઔષધ અને તેને બતાવનાર જિનેશ્વરોરૂપી વૈદ્ય જ રોગ હરનાર છે, તેથી પૂજ્ય, પ્રધાન અને મુખ્ય હેતુ છે. રોગ અથવા રોગી તો આશ્રિત છે, વૈદ્ય અને ઔષધ આશ્રય આપનાર અને રોગ હરનાર છે, તેથી માનનીય છે.

વિષાપહારમાં મંત્ર સાંભળનાર નહિ પણ સંભળાવનાર જ ઉપકારી ગણાય અથવા મંત્ર એ વિષને હરનાર મનાય છે. જેનો વિષ વિકાર દૂર થાય છે, તેનો પ્રયત્ન આભાર મનાતો નહિ કેમકે તે પ્રયત્નને પણ પેદા કરનાર મંત્ર-શક્તિના અચિંત્ય પ્રભાવનું ભાન છે અને તે ભાનનું કારણ પણ મંત્રશક્તિનો અચિંત્ય પ્રભાવ છે, તેથી મંત્ર અને ગારુડિક જ પૂજ્ય છે, વિષ કે વિષગ્રસ્ત માનવ નહિ.
અહંકાર કરવા લાયક નહિ, પણ નમસ્કાર કરવા લાયક છે.
એ રીતે પરમાત્મપ્રીતિ થવામાં પરમાત્મભાવ કારણ છે.

પરમાત્મભાવ એ પ્રેમ, વીતરાગતા અને
સર્વજ્ઞ-સર્વદર્શિતાથી ભરેલો છે,
સર્વ પ્રત્યે સમાન ઉપકાર કરવાની શક્તિથી ભરેલો છે, ગુણના પ્રકર્ષને પામેલો છે, અચિન્ત્ય શક્તિથી યુક્ત છે, સર્વનું હિત કરવાના સામર્થ્યવાળો છે, તેથી પૂજ્ય તો પરમાત્મભાવ જ છે, નહિ કે પૂજકમાં જાગેલો પૂજકભાવ.

પૂજકભાવને પેદા કરવામાં પણ પૂજ્યભાવ અને
પૂજ્યમાં રહેલો કરુણાભાવ જ કારણ છે,
તેથી નમસ્કાર કરનારનો અહંકાર સર્વથા ત્યાજ્ય છે.
ઈન્દ્રભાવ, નમ્રભાવ, શરણભાવ, ઋણભાવ, દરિદ્રભાવ,

રાગાત્મક અને દુઃખાત્મક જ સ્વાંતરવા યોગ્ય છે.
ભય સંસારને જગાડનાર ભયધર્મ છે.
ભયની ઉત્પત્તિ સ્વના વિચારમાંથી છે.
સર્વનો વિચાર આવતાં જ સ્વના વિચારથી ઉત્પન્ન થયેલ
ચિંતા, ભય, વિષાદની લાગણીઓ વિખેરાઈ જાય છે.
'સર્વમાં હું છું અને મારામાં સર્વ છે.'
આ વિચાર સમ્યગ્દૃષ્ટિ અને સર્વવિરતિધરનો છે.
'સર્વમાં હું છું' એ સમ્યગ્દર્શન છે.
'મારામાં સર્વ છે' એ સર્વવિરતિ છે.
'સર્વવિરતિ' એટલે સર્વ માટે સર્વસ્વનો ત્યાગ.
'સમ્યગ્દર્શન' એટલે સર્વ પ્રત્યે સ્વસમાન લાગણી.
સર્વમાં હું અને મારામાં સર્વ,
બ્રહ્માંડમાં હું અને મારામાં બ્રહ્માંડ,
પરમેષ્ઠિમાં હું અને મારામાં પરમેષ્ઠિ,
એ રીતે અભેદનો અધ્યાસ જેમ જેમ વધતો જાય,
તેમ તેમ રાગ-દ્વેષની લાગણીઓ શમતી જાય,
વિષયોનું આકર્ષણ ઘટતું જાય, મન શુદ્ધ થતું જાય.
શુદ્ધ મનમાં શાંતિ અને શાંતિમાં આત્મદર્શન થાય.
આત્મદર્શન થવાની સાથે સંસારનો અંત આવે.

## નમસ્કાર એટલે તારનાર

નમસ્કાર એ ભયનું ત્રાણ, રોગોની ચિકિત્સા, વિષનો અપહાર, અભિમાનનો ગ્રાસ, ભક્તવત્સલભાવનો વિકાસ, નમસ્કાર્યના પ્રભાવનો સ્વીકાર, પોતાની અલ્પતાના અને એ સામર્થ્યનો એકરાર, આત્મભાવનું દાન અને સર્વસ્વનું સમર્પણ છે.

પાત્રના પ્રમાણે દાતાર દાન દેવા લલચાય છે.
દેનાર કરતાં લેનાર ચઢિયાતો છે,
કેમકે દેનાર તરવાવાળો છે, લેનાર તારવાવાળો છે. તરનાર કરતાં તારનાર હંમેશાં પૂજ્ય છે. તારનારમાં તારક શક્તિ છે, તો તરનાર તારનારનો હાથ પકડે છે. તરનારમાં તારનારનો હાથ પકડવાની ભાવના પૈદા કરનાર તારનાર છે, તેથી તરનારે તારનારની અદબ હંમેશાં નમ્ર, કૃતજ્ઞ, ભક્તિમાન રહેવું જોઈએ. તારનારી શક્તિના ભાનમાંથી નમ્રતા પ્રગટે છે, તેથી નમસ્કારમાં મુખ્ય કારણ નમસ્કાર્યની જ પ્રભાવસંપન્નતા છે. જ્યાં સુધી નમસ્કાર્યની ઉપકારકતા સમજાય નહિ,
ત્યાં સુધી નમસ્કાર ભાવથી થતો જ નથી,
પછી તેના ફળની આશા જ ક્યાંથી રખાય?

ભગવાન સર્વ જીવો પ્રત્યે ભાવથી ભરેલા, સ્વ પ્રત્યેના રાગથી સર્વથા મુક્ત થયેલા, સર્વ પ્રત્યે સમાનભાવને પામેલા છે, તેથી ભગવાનમાં ભક્તમાત્રને તારવાનું અચિંત્ય સામર્થ્ય પેદા થાય છે. જે ગુણ પ્રકર્ષવાન હોય તે અચિંત્ય શક્તિવાન હોય જ અને જે અચિંત્ય શક્તિમાન હોય તે સ્વરૂપથી અવિચલિત અને પરાર્થમાત્ર રસિક હોય. પરાર્થ એ જ માત્ર તેમનું પ્રયોજન છે, તેથી તેમની પૂજા, નમન, સત્કાર અને આધિક્ય સર્વ કાળ માટે સિદ્ધ છે. તેને સાબિત કરવાનું નથી, પણ તે સ્વયંસિદ્ધ છે.

*ગુણપ્રકર્ષવાન, અચિંત્ય શક્તિયુક્ત, સર્વદા, તથાભાવાવસ્થિત, પરાર્થમાત્ર રસિક : આ ચાર વિશેષણ ભગવાનમાં ઘટે છે, તેથી જ તે જીવમાત્રના ઉપકારક છે.* ભગવાન ઉપર જે ભક્તિ કે આકર્ષણ પેદા થાય તેમાં પણ તેમનો જ પ્રભાવ, દયા, પ્રસન્નતા અને પસંદગી છે.

o 'પ્રત્યુપકાર' એટલે પર ઉપર ઉપકાર કરવો એમ નહિ, પણ 'પરનો પોતા ઉપર ઉપકાર છે' તેનો સ્વીકાર કરવો અને એના બદલામાં આભાર માનવાની ક્રિયા છે. *બીજાનો આભાર માનવાથી જ પોતા ઉપર ભાર ઓછો થાય.*

જ્યાં સુધી આભાર માનવાની વૃત્તિ નથી આવતી,

ત્યાં સુધી ભાર વધતો જ જાય છે.

ભાર ઘટાડવાની ક્રિયા એટલે જ આભાર માનવાની ક્રિયા. પરોપકાર એ પરનો પોતા ઉપર થતાં ઉપકારનો આભાર માનવાની ક્રિયા છે, તેના બદલે જો બીજા ઉપર આભાર મનાવવાનો પ્રયાસ કરવામાં આવે, તો પોતાનો ભાર ઓછો થતો નથી. એ જ કારણે આત્માનુગ્રહ બુદ્ધિથી થતું દાન જ પ્રશંસાને પાત્ર અને પ્રસન્નતાનું ઉત્પાદ કહ્યું છે. પરાનુગ્રહ બુદ્ધિથી થતું દાન ચિત્તની પ્રસન્નતાને પેદા કરી શકતું નથી, તેથી તે પ્રશંસાને પાત્ર પણ થતું નથી.

બીજા ઉપર આપણો હક્ક નથી.

આપણા ઉપર સર્વનો હક્ક છે, કેમકે

સર્વના ઉપકાર તળે આપણે ભૂતકાળમાં આવ્યા, વર્તમાનકાળમાં આવીએ ને ભવિષ્યકાળમાં આવવાના છીએ. પરના હિતની ચિંતા કર્યા વિના જો આપણે ધિક્કાર અશાંત રહીએ તો આપણા વિકાસમાં પર માત્ર નિમિત્ત છે, તેથી ઉપકારક છે. આપણા ઉપર આપણા આત્મા સિવાય બીજું કોઈ અપકાર કરી શકતું નથી. પરનો આભાર ન માનવાથી જ અપકાર થાય છે, તેથી અપકાર કરનાર પર નહિ, પણ પરનો ઉપકાર ન માનનાર પોતે જ બને છે.

'આત્મા જ આત્માનો બન્ધુ અને રિપુ છે'
એમ શાસ્ત્રો કહે છે તે આ અર્થમાં સમજવાનું છે.
પરનો આભાર ન માનનાર આત્મા આત્માનો શત્રુ છે.
પરનો ઉપકાર પોતાના માથે ચઢાવનાર આત્મા જ
આત્માનો બંધુ છે. પર હંમેશા ઉપકાર જ કરે છે.
તે ઉપકારને પોતે સ્વીકારે, તો પોતાનો બંધુ બને છે.
અસ્વીકાર કરે, તો અસ્વીકાર કરનારો પોતે જ
પોતાના હાથે પોતાનો શત્રુ બને છે.

પરના ૨ પ્રકાર:

(૧) સામાન્ય સ્થિતિમાં રહેલા (૨) પરમપદે પહોંચેલા.
પરમપદે પહોંચેલા પરમર્ષિ ભગવંતો છે, તેમાં પણ
કારણ પરનો ઉપકાર અને તેનો સ્વીકાર જ છે.
'વિષયો પર છે અને તે તો અપકાર કરનાર છે'
એમ શાસ્ત્રોમાં કહ્યું છે.

તો પછી પર માત્ર ઉપકારક કેવી રીતે?

સજીવ સૃષ્ટિ ઉપકારક છે જ, પણ નિર્જીવ સૃષ્ટિ પણ
પોતાની નિર્જીવતાનું ભાન કરાવીને ઉપકારક થાય છે.
નિર્જીવતાનું ભાન થવાથી તેના પ્રત્યેનો રાગ ઘટી જાય છે,
વિરાગ જાગે છે અને એ વિરાગ જ વીતરાગતાના

પંથે લઈ જવામાં સહાયક બને છે, તેથી સજીવ સૃષ્ટિ અને નિર્જીવ સૃષ્ટિ ઉભય જીવને મંગળમય અને વિરાગભાવ ઉપજાવવા વડે મોક્ષમાર્ગમાં ઉપકારી થાય છે.

જ્ઞાનીને એ રીતે આખું વિશ્વ ઉપકારક બને છે. અજ્ઞાનીને અજ્ઞાનના કારણે એ વિશ્વ અપકારક બને છે તેમાં પણ કારણ વિશ્વ નહિ, પોતાની અજ્ઞાનતા જ છે, તેથી અજ્ઞાનને જ શાસ્ત્રો મોટો શત્રુ, મોટું વિષ, મોટું શસ્ત્ર, મોટો ભય અને મોટો રોગ માન્યો છે. તે અજ્ઞાનરોગમાંથી બચવા માટેની સામગ્રી મનુષ્યભવમાં જ મળે છે કેમકે અજ્ઞાનથી બચવા માટે જ્ઞાનનાં સાધન પાંચ ઇંદ્રિય અને છઠ્ઠું મન જોઈએ, શાસ્ત્ર પણ

મનવાળા પ્રાણીને જ ઉપકાર કરનારું થાય છે, તેથી જેને મન સહિત મનુષ્યનો ભવ મળ્યો છે, તેને તેનો ઉપયોગ શાસ્ત્ર વડે વિશિષ્ટ થવામાં, લબ્ધલક્ષ બનવામાં, પારકાનો ઉપકાર પોતા ઉપર થઈ રહ્યો છે તે સમજવામાં અને તેના બદલામાં પારકા ઉપર ઉપકાર કરીને નમ્રભાવે તેનો સ્વીકાર કરવામાં રહેલો છે.

મનુષ્ય ભવ દાનરુચિવાળાને જ મળે છે, તેથી મનુષ્યભવમાં ભવના કારણે જ જે જે ગુણો મળે છે,

તે દયા, દાક્ષિણ્ય, લજ્જા, ભય, વિનય, સંકોચ વગેરે છે.
તેથી જ માનવભવ એ
ભવ નિસ્તાર માટે પરમ પ્રવહણ સમાન ગણાયેલ છે.

<u>પોષ વદી, ૯</u>

'બાપનો આભાર માન્યા વિના પોતાનો ભાર ઉતરતો નથી'
એનો અર્થ એ થયો કે કૃતજ્ઞતાગુણ ધારણ કર્યા વિના
કોઈની પણ મુક્તિ થઈ શકતી નથી.
જેના જેનાથી ઉપકાર થયો તે બધાનો આભાર માનવો,
અને હૃદયથી સ્વીકારવો જોઈએ, તો જ પાત્રતા વિકસે.

<u>પાત્રતા વિકસાવવાના ૨ ઉપાય</u>

(૧) આભાર માનવો (૨) કૃતજ્ઞતાગુણનું પાલન કરવું.
પરમર્ષિઓએ આપણને પરમ આદર્શ પૂરો પાડ્યો છે
અને ઉચ્ચમાં ઉચ્ચ કોટિનું આલંબન આપ્યું છે,
તેથી તેઓના ઉપકારનો ભાર આપણા માથે છે.
તે ભારનો આભાર માનવો એટલે તેમનું આપણા
ઉપરનું ઋણ કબુલ રાખવું, કૃતજ્ઞતા દર્શાવવી. તે માટે
કોઈપણ શ્રેષ્ઠપદ-સર્વોત્તમ શબ્દ હોય તો તે નમસ્કાર છે.
'નમો' પદ વડે જેવી કૃતજ્ઞતા દાખવી શકાય છે,
તેવી બીજા કોઈપણ પદ વડે શક્ય નથી.

Thank you શબ્દ કરતાં 'નમો'માં એ વિશેષતા છે કે હું આભાર માનીને છૂટી જતો નથી, પણ જેનો મારા ઉપર ઉપકાર છે, તેનું જીવનપર્યંત દાસત્વ સ્વીકારું છું. જેણે પહેલાં ઉપકાર કર્યો તેનો પ્રત્યુપકાર પાછળથી થઈ શકતો નથી, તેથી તે જીવનપર્યંત, ભવપર્યંત, તેમનો ઋણી થઈ ચૂકે છે, તે જણાવવાનું સામર્થ્ય 'નમો' પદમાં રહેલું છે.

એક સાધવાથી બધું સધાય છે,
બધાને સાધવા જતાં એક પણ સાધી શકાતું નથી.

કર્મના સંબંધમાં આવવાની અનાદિકાલીન યોગ્યતાનો નાશ કરી, મુક્તિના સંબંધમાં આવવાની સહજ સિદ્ધ યોગ્યતાનો વિકાસ કરવો એ નમસ્કારનું પ્રયોજન છે.

યોગ્યતાનો વિકાસ કૃતજ્ઞતાગુણ વડે જ થાય છે,
તેથી નમસ્કાર એ કૃતજ્ઞતાસૂચક છે.

નમસ્કાર એ શરણાવાચક છે,
ભયભીતને શરણ આવશ્યક છે.

નમસ્કાર એ ચિકિત્સાવાચક છે,
કર્મરોગીને ચિકિત્સા આવશ્યક છે.

નમસ્કાર એ વિષાપહારક મંત્રવાચક છે.
મોહરૂપી સર્પથી ડસાયેલાને મંત્ર આવશ્યક છે.

પરોપકારની જનની કૃતજ્ઞતા છે અને કૃતજ્ઞતાની ઉત્પત્તિ ભગવાનના ઉપકારનો આભાર માનવાની વૃત્તિ છે. જેના જેનાથી ઉપકાર થયો, થઈ રહ્યો, થવાની શક્યતા છે, તે સર્વ પ્રત્યે કૃતજ્ઞ રહેવાથી જ પાત્રતા વિકસે છે. તેથી નમસ્કાર પાત્રતાનો વિકાસ કરવા અનિવાર્ય છે.

દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥

(પરિશિષ્ટ-૧૫)

ભગવાન પોતાનું કર્મ નિરંતર કરે છે અને પોતાના કર્મરૂપ જગત તમામ જીવોને આપી દે છે. તે જ મુજબ ભક્ત પણ કર્મો કરે અને તેને ભગવાનને સોંપી દે છે.

કર્મના ફળનું સમર્પણ ન કરનારો ભાગચોર છે.

દ્રવ્યથી ભક્તિ કરવા છતાં ભાવથી એ ભક્ત નથી.

'અધ્યાત્મવાદ' શબ્દ પ્રમાણ ઉપર અવલંબે છે.

શાસ્ત્ર કહે માટે 'પરમાત્મા જીવનો પ્રિયતમ છે' એમ નહિ પણ પરમાત્મા તેવો છે તેથી શાસ્ત્ર તેનું વર્ણન કરે છે. પરમાત્માના અસ્તિત્વનો સ્વાનુભવથી પરિચય થયા બાદ શાસ્ત્ર નિષ્પ્રયોજન છે. માર્ગ બતાવવા ભોમિયો પાછો ફરે, તેમ પરમાત્મદર્શનનો માર્ગ બતાવવા શાસ્ત્રો પાછા વળે છે.

o ગરૂડની પદવી ગુણગરુડ છે, શબ્દગરુડ નહિ.

बहूनां जन्मनामन्ते ज्ञानवान् मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥१॥

(પરિશિષ્ટ-૧૬)

o 'અનુભવ' એટલે અનુ = પાછળ, ભવ = થનારી.
પ્રેમપાત્રના રૂપની પાછળ તેનું રૂપ ધરનારી, પોતાનું રૂપ
ઢાંકી તે પ્રેમપાત્રના રૂપે જે થાય તે 'અનુભવ' ઇત્યાદિ.

સત્વનાં કાર્ય - પ્રકાશ અને સુખ આપે.
રજસ્‌નાં કાર્ય - પ્રવૃત્તિ અને દુઃખ આપે.
તમસ્‌નાં કાર્ય - આવરણ અને મોહ આપે.

પ્રેમ આત્મરૂપ હોવાથી પ્રકાશ, પ્રવૃત્તિ, આવરણશૂન્ય છે
તથા તે સુખ-દુઃખ કે મોહરૂપ નથી,
કેમકે ગ્રાહ્ય નહિ, ગ્રાહિતા છે.

આત્મનિષ્ઠારૂપ પ્રેમને સુખાદિ સાથે સંબંધ નથી.
સ્વરૂપ ત્યજી પરમાત્મરૂપ થવું=પરમાત્માનો અનુભવ કરવો.
અર્થાર્થી, જિજ્ઞાસુ, આર્ત એ ત્રણે ઉત્તરોત્તર ચઢિયાતા છે.
ભક્તિ અને પ્રેમ પર્યાયવાચી છે.
નિરૂક્તિ, નિર્વચન, કથન, પ્રતિપાદન એકાર્થક છે.
વસ્તુ નિર્વચનના ૪ પ્રકાર: જાતિ, ગુણ, ક્રિયા, સંજ્ઞા.

શબ્દપ્રમાણમાં શાસ્ત્ર કુશળ, અનુમાનપ્રમાણમાં ન્યાય
કુશળ છે અને પ્રત્યક્ષપ્રમાણમાં ૫ ઇંદ્રિયો કુશળ છે.

ભક્તિ સ્વયં પ્રમાણ છે,
કેમકે તે બુદ્ધિપ્રધાન નહિ, પણ હૃદયપ્રધાન છે.
હૃદય સૌનું સરખું છે, ભેદ માત્ર બુદ્ધિમાં છે, હૃદયમાં નહિ.
ભક્તિ હૃદયમાં સ્ફુરે, બુદ્ધિમાં નહિ, તેથી સ્વયં પ્રમાણ છે.
ભક્તિ સ્વાનુભવે દીસે છે, પરાનુભવે નહિ.
સ્વાનુભવ સ્વતંત્ર પ્રમાણ છે, પરતઃ નહિ.
ભૌતિકસુખ માટે જેને તૃષા ન હોય,
તેને જ પરમસુખ મળતું હોય છે. ભક્ત આશ્રિતભાવ છે.
વ્યથિત ભક્ત ભગવાનમાં આશ્રિતા વ્યક્ત કરે છે અને
તે ઈશ્વર ભગવાનના આગમને સૂચવે છે.
દાસભાવમાં પોતે સેવક અને ભગવાન સ્વામી છે
અને બંનેની વચ્ચે સંબંધ સ્થાપનારી સેવા છે.
કાન્તાભાવમાં પોતે કાન્તા, ભગવાન કાન્ત છે.
એ ભાવ બંને વચ્ચે સંબંધસાધક છે.
સેવ્યની સેવા એ દાસનું જીવન છે.
પ્રેમાર્થ હૃદય, કંઠાવરોધ, રોમાંચાચિતવપુ, અશ્રુપરિપ્લુત
લોચન વગેરે ભાવો સાત્ત્વિક ભાવનાં વિકારો છે.

## સાધુ તો જગતનું શરણ છે.

સાધુનું જીવન જ શરણ ઉપર ભાષ્ય જેવું છે.

સન્તો તીર્થરૂપ, સુકૃતમૂર્તિ, સાક્ષાત્ શરણાવિગ્રહ છે.

ભક્તિ ભાવનિષ્ઠ રહે છે, ઉપાધિનિષ્ઠ નહિ.

પ્રેમ અંતરંગ છે. ભગવાન ભાવને પકડે, ઉપાધિને નહિ.

ભક્તિથી ભગવાન ખરીદાય છે.

ભગવદ્ભક્ત શ્રદ્ધાળુ અને તત્ત્વજિજ્ઞાસુ રહે છે.

સંશય એ જ સંસાર છે. શ્રદ્ધા અને ભક્તિનો અભાવ છે.

મત વૈવિધ્ય એ બુદ્ધિનું ભૂષણ છે, હૃદયનું નહિ.

ભક્ત બુદ્ધિનો ચમત્કાર નહિ, હૃદયનો સંતોષ ઇચ્છે છે.

બુદ્ધિ પુરુષથી જન્મેલી હોઈ પુરુષનો પાર પામી શકે નહિ.

પ્રભુના માર્ગે બુદ્ધિનયન અંધ છે, હૃદયનયન દેખતો છે.

હૃદયયોગ સિવાયના બુદ્ધિવિલાસથી પરમાત્મા પ્રસન્ન ન થાય.

મુંડે મુંડે તુંડે તુંડે મતિર્ભિન્ના ।

મતિ એક વિષયમાં કદી ન થાય.

પરમાત્મનિષ્ઠ મતિ તર્કગ્રાહ્ય નથી, પણ હૃદયગ્રાહ્ય છે. બુદ્ધિને તર્ક રહે, અનુભવ નહિ. હૃદયને અનુભવ રહે, તર્ક નહિ. અનુભવ રત્નત્રયાત્મક છે, તેથી અનુભવમાત્ર પ્રેમ, જ્ઞાન અને ક્રિયાથી યુક્ત જ રહે છે.

'બુદ્ધિ' એટલે બહિરાત્મા. 'હૃદય' એટલે અંતરાત્મા.

બુદ્ધિ નિરીક્ષણ-પરીક્ષણ કરે છે.

હૃદય પ્રેમ કરે છે, ભગવાન બનાવે છે.

ભજન = સાધક - બાધક વૃત્તિપૂર્વકનું તત્ત્વચિન્તવન.
સાધકવૃત્તિના સ્વીકારથી અને બાધકવૃત્તિના ત્યાગથી
અભ્યાસની પરિપક્વતાના કર્મે પુરુષ પ્રબુદ્ધ થાય છે.
ભગવાનને સંતોષ થાય તે કર્મ ભક્તિની જાગૃતિ કરનારું છે.
કર્મમાં અદ્ભુતતા નહિ, પણ તેને કરવાની ભાવનામાં છે.
અહિંસાદિ યમો એ ભક્તિરૂપી વેલીની વાડના સ્થાને છે.
સર્વસ્વના અર્પણરૂપ આત્મનિવેદન ભક્તિયોગથી પરમાત્મા
પ્રસન્ન થાય છે. ભક્તમાં જે ભાવની અધિકતા કે
પ્રધાનતા હોય, તે રૂપે તેની ભક્તિનો નિર્દેશ થાય છે.

'લોકો કહે તે જ કરવું પણ શાસ્ત્રાર્થ ન વિચારવો'
એવી બુદ્ધિ તે લોકસંજ્ઞા.

o અનંત વિરોધમાં પણ એક સૂક્ષ્મતમ સહજ
અવિરોધ રહેલો છે, તે શોધી કાઢવામાં જ ધન્યતા છે.

o ન એ અરધો ઓંકાર સ્વરૂપ છે.
બે ના મ અને કાનો-માત્રા ભેળવવાથી પૂર્ણ ઓંકાર બને.

ૐકાર = ન + કાનો + માત્રા + મ.

'સહજમલ' એટલે કર્મના સંબંધમાં આવવાની યોગ્યતા.

'ભવ્યત્વ' એટલે ધર્મના સંબંધમાં આવવાની યોગ્યતા.

મમતાનું કારણ કર્મ અને તેનું કારણ સહજમલ છે.

સમતાનું કારણ ધર્મ અને તેનું કારણ તથાભવ્યત્વ છે.

કર્મ એ મમકર છે, ધર્મ એ સમકર છે.

કર્મ એ પાપ છે અને ધર્મ એ મંગળ છે.

નમસ્કાર મમકારથી વિરૂદ્ધ હોઈ સહજમલનો નાશ કરે છે.

નમસ્કાર સમકારને પોષક હોઈ ભવ્યત્વનો પરિપાક કરે છે.

સહજમલના કારણે મમકાર અને તેના કારણે કર્મ બંધાય.

ભવ્યત્વના કારણે સમકાર થાય છે.

સમકારના કારણે કર્મક્ષય થાય છે.

ધર્મ અને તથાભવ્યત્વને સંબંધ છે.

કર્મ અને સહજમલને સંબંધ છે.

ધર્મલાભ માટે તથાભવ્યત્વનો પરિપાક કરવો અને કર્મક્ષય માટે સહજમલનો હ્રાસ કરવો એ જ ઉપાય છે.

ધર્મ સ્વભાવરૂપ છે અને કર્મ વિભાવરૂપ છે.

સ્વભાવને મેળવવા-વિભાવ છોડવાનો ઉપાય નમસ્કાર છે.

'નમવું' એટલે પરિણમવું, આદરવાળા બનવું.

અયોગ્યને નમવાથી કર્મ બંધાય, યોગ્યને નમવાથી કર્મ છૂટે છે.

આદરને અયોગ્ય પ્રત્યે આદર એ અયોગ્યને નમસ્કાર છે.

પંચ વિષયો જડ, નિઃસ્નેહ, અસાર હોવાથી આદર યોગ્ય નથી.

પંચપરમેષ્ઠિ ચેતન ભરપૂર, સારભૂત હોવાથી આદર યોગ્ય છે.

ચૈતન્યમાત્ર પૂજનીય છે. જડમાત્ર અપૂજનીય છે.

અપૂજ્યની પૂજા અને પૂજ્યની અપૂજા
એ જ જીવની અયોગ્યતા તથા સહજમલ છે.

પૂજ્યની પૂજા અને અપૂજ્યની અપૂજા
એ જ જીવનું ભવ્યત્વ અને મુક્તિગમન યોગ્યત્વ છે,
ધર્મની સાથે સંબંધ કરાવી આપનાર છે.

વસ્તુસ્વભાવરૂપ ધર્મ નિર્મળ આત્માનો સ્વભાવ છે.
વિષયો પ્રત્યે આદરવાળા જીવને પરમેષ્ઠિઓ પ્રત્યે
આદરવાળા બનાવવા એ નવકારનું કાર્ય છે, એથી
સહજમલ હ્રાસ અને ભવ્યત્વપરિપાક આપોઆપ થાય.

'વિષયો પ્રત્યે અનાદરવાળા બનાવવા'
એટલે જડ માત્ર પ્રત્યે નિઃસારતાની બુદ્ધિ કેળવવી.

જેમ જડની પૂજાથી લાભ નથી,
તેમ અપૂજાથી કાંઈ હાનિ નથી, તેથી નિઃસાર છે.
જીવને ગુણ-અવગુણ કરવાનું સામર્થ્ય જડમાં નથી.

જીવને લાભ-હાનિ, નિગ્રહ-અનુગ્રહ કરવાનું સામર્થ્ય ચૈતન્યમાં છે, તેથી ચૈતન્યતત્ત્વ સામર્થ્યવાન છે, માટે સારભૂત છે. તેથી જ તે પૂજનીય છે. ચૈતન્યના આદરથી જીવની ઊર્ધ્વગતિ અને અનાદરથી અધોગતિ થાય છે.

વ્યવહારમાં ચેતનનો આદર અને અચૈતન્યનો અનાદર છે.

ચૈતન્યના આદરમાત્રથી જીવની ઊર્ધ્વગતિ થાય છે અને સર્વ ચૈતન્યનો અનાદર કરવાથી અધોગતિ થાય છે.

કર્મનો નિયમ પણ આમ જ કહે છે.

જીવની હિંસાથી કર્મબંધ, અહિંસાથી કર્મક્ષય, દાન-દયાથી શુભકર્મ અને હિંસાવિરોધથી અશુભકર્મ, એ રીતે જીવને અનુગ્રહ-નિગ્રહ કરવાનું સામર્થ્ય ચૈતન્યતત્ત્વમાં છે.

ચૈતન્યની પૂજા કર્તવ્ય છે, અવજ્ઞા અકર્તવ્ય છે.

અહીં 'પૂજા'નો અર્થ માનની નજરે જોવું થાય.

તેની પૂજા લાભ કરનારી હોવાથી ઉપાદેય તરીકે માનવી, અવજ્ઞા હાનિ કરનારી હોવાથી હેય તરીકે સ્વીકારવી. આ રીતે હિંસા-અહિંસા, દાન-ચોરી, દયા-કઠોરતા, વિનય-અવિનય, પરોપકાર-પરહાનિ, ક્ષુદ્રતા-અક્ષુદ્રતા, કૃતજ્ઞતા-કૃતઘ્નતા, મધ્યસ્થતા-પક્ષપાતિતા, ક્રૂરતા-સૌમ્યતા વગેરે ધર્મ-અધર્મનાં કારણો ગણાય છે.

નવકારમંત્ર પંચપરમેષ્ઠિઓની પૂજા દ્વારા સર્વ ચૈતન્ય
જ્ઞાનની આદરણીયતાને શીખવે છે. બાહ્યજ્ઞાન કરતાં
આંતરજ્ઞાનનું મૂલ્ય અધિક છે, એમ શીખવે છે.

બાહ્યજ્ઞાન = ઇંદ્રિયગ્રાહ્ય પદાર્થ.

આંતરજ્ઞાન = અતીન્દ્રિય અનુભવગ્રાહ્ય પદાર્થ.

એક દ્રવ્યાત્મક જ્ઞાન છે, બીજું ભાવાત્મક જ્ઞાન છે.

આત્મા આંતરજ્ઞાનનો - પુદ્ગલ બાહ્યજ્ઞાનનો વિષય છે.

પુદ્ગલનો રાગ સહજમલની વૃદ્ધિ છે.

તેને પલટીને ચૈતન્યનો અનુરાગ જગાડવો એ નવકારનું
પ્રયોજન છે. એ અનુરાગ ભવ્યત્વને વિકસાવે છે.

ચૈતન્ય ઉપરનો અનુરાગ એ શુભભાવરૂપ છે,
તેથી તેના વડે બે કાર્ય એક સાથે થાય છે:
ભવ્યત્વનો પરિપાક અને સહજમલનો હ્રાસ.

गुणप्रकर्षरूपो यत् सर्वैर्वन्द्यस्तथेष्यते ।
देवतातिशयः कश्चित् स्तवादेः फलदस्तथा ॥१॥

(પરિશિષ્ટ-૧૭)

એનો ભાવાર્થ એ જ છે કે ગુણપ્રકર્ષનું બહુમાન એ કર્મરૂપી
વનને બાળવા માટે દાવાનળતુલ્ય છે.
ગુણસ્વરૂપ ચૈતન્યનું બહુમાન કરવાથી ગુણપ્રકર્ષવાન થવાય,

તેમ ચૈતન્યના ઉત્કૃષ્ટ બહુમાનરૂપ ગુણ પ્રકર્ષપણાનું બહુમાન સર્વ મુમુક્ષુઓને અત્યંત ફલપ્રદ તરીકે માન્ય છે. નવકાર વડે વિશ્વને આ મહત્વનું શિક્ષણ મળે છે, તેમ જ જિનશાસનમાં તે મહામંત્ર ગણાય છે. પરિણામ વિશુદ્ધિ માટે તેનો આદર શ્રુતકેવળિ ભગવંતો પણ કરે છે. સકલશ્રુતમાં નવકાર એ શિરોમણિભૂત તરીકે પંકાય છે. નવકારના ઉપકાર અમાપ છે. તે ગુણરત્નોની પેટી છે, સર્વ મુમુક્ષુજનોને માન્ય છે, આત્માના સાક્ષાત્કાર તથા પરબ્રહ્મના મિલન માટે તેનું શ્રવણ, મનન, નિદિધ્યાસન અહર્નિશ કર્તવ્ય છે. ટૂંકમાં સર્વ શાસ્ત્રોનું આ નવનીત

જીવરાશિ પ્રત્યે સ્નેહસાગરને છલકાવે છે,
વિષયતૃષ્ણા અને કષાયકંદને દૂર કરી દે છે,
કર્મવનને બાળી નાંખે છે અને મોહસાગરને શોષવે છે.

નવકાર એ મુમુક્ષુજનના હૈયાનો હાર છે.
નિરંજન આત્માઓના માથાનો એ મુકુટ છે.

તે ગુણવાન પુરુષોના હસ્તની મહત્ત્વવાન મુદ્રિકા છે. સમ્યગ્દર્શની, જ્ઞાની, ચારિત્રશીલ આત્માના હૈયાનો પ્રાણ છે. તેઓ તેનું સ્મરણ-શ્વાસોશ્વાસની જેમ સદા જતન કરે છે. આ નવકારને હૃદયમાં સ્થાપવાથી દ્વાદશાંગી હૃદયમાં

સ્થપાઈ જાય છે અને દ્વાદશાંગી હૃદયમાં આવવાથી તેને
કહેનાર વીતરાગ ભગવંત હૃદયમાં આવી જાય છે.

હૃદયમાં વીતરાગ ભગવંત આવવાથી
સર્વ જીવરાશિ પ્રત્યે આત્મતુલ્યભાવ આવી જાય છે.

'વીતરાગતા' એટલે સમદર્શિતા.

સર્વ જીવો પ્રત્યે આત્મસમદર્શિતાનું નામ જ વીતરાગતા છે.
વીતરાગતા રાગના અભાવરૂપ છે, પણ પ્રેમના નહિ.

'રાગ' એટલે માગવું, 'પ્રેમ' એટલે આપવું.

રાગી માંગે છે, પ્રેમી આપે છે.

વીતરાગ વિશ્વના જીવોને પોતાનો આત્મા આપે છે
તેથી તે 'વિશ્વપ્રેમી' છે.

તે કોઈની પાસે કાંઈ માંગતા નથી માટે સંપૂર્ણ વિરાગી છે.
પ્રેમ આત્મધર્મ પણ રાગ મોહોદય કે આત્મવિકાર છે.

વીતરાગમાં વિકાર નથી, પણ ધર્મ છે.

પ્રેમ આત્મધર્મરૂપ હોઈ સર્વ વીતરાગ ભગવંતોમાં રહેલો છે.
તે નિષ્કામ હોઈ અકારણ વત્સલ છે, કરુણાથી ભરપુર છે.
દુઃખીઓનાં દુઃખનાશ કરવાના જ સ્વભાવવાળો હોવાથી
પ્રેમ એ વિશ્વોદ્ધારક, પતિતપાવન, નિરાધારનો આધાર
અને સર્વને પ્રિયતમ છે.

વીતરાગ ભગવંત વિશ્વજંતુઓના ઉદ્ધારક છે, કારણ કે વિશ્વના તમામ જંતુઓ પ્રત્યે પ્રેમભાવથી ભરેલા છે. વીતરાગને વિશ્વના જીવો ઉપર જે જાતનો પ્રેમ છે, જે જાતની આત્મીયતાની બુદ્ધિ છે, જે જાતનો કરુણાનો સંબંધ છે, તેવો વિશ્વના કોઈ જીવમાં હોતો નથી, કારણ કે તે પૂર્ણપ્રેમી છે. અન્ય જીવો પ્રેમી હોય છે, પણ પૂર્ણપ્રેમી તો એક વીતરાગ ભગવંત જ છે, તેથી તેઓ જગતના સહુ જીવોને પોતાના તરફ ખેંચે છે. જેમ જેમ જીવોની વિશુદ્ધિ અને સમજણમાં વધારો થાય છે, તેમ તેમ તેઓ વીતરાગ ભગવંત પ્રત્યે ખેંચાય છે, કારણ કે પૂર્ણપ્રેમી તેમના સિવાય બીજું કોઈ નથી અને પૂર્ણપ્રેમી સિવાય જીવને બીજું કાંઈ રુચિકર થતું નથી. જીવને પૂર્ણ સંતોષ અંતે વીતરાગની ગોદમાં જ મળે છે. વીતરાગનું ધ્યાન મળ્યાં પછી જ જીવને નિર્વિકલ્પ સમાધિ લાગે છે, કારણ કે ત્યાં કાંઈ અંતર નથી, સમાનભાવ છે. શુદ્ધ આત્મા અશુદ્ધ આત્માને પણ શુદ્ધતાની દૃષ્ટિથી જુએ, તેથી અશુદ્ધ આત્માનું સ્વાભાવિક ખેંચાણ શુદ્ધ આત્મા તરફ થાય જ છે. વીતરાગ એ શુદ્ધ આત્મા છે, તેથી સર્વ જીવોને પોતાની તરફ ખેંચે છે એટલું જ નહિ,

પરંતુ પ્રીતમના સમાન બનાવે છે. એ સામર્થ્ય ભાવ રહિત પણ સરાગી આત્મામાં આવી શકતું નથી. ઐક્યત્વ પામવા માટે વીતરાગ થવું પડે છે અને તેના માટે બધા જીવો પ્રત્યે સમદૃષ્ટિવાળા બનવું પડે છે.

સમદૃષ્ટિ જીવો જગતના જીવોનું વશીકરણ છે.

સહજમળ સૌ જીવને પૂજ્યની અપૂજા અને અપૂજ્યની પૂજા તરફ ખેંચે છે. તથાભવ્યત્વ જેમ જેમ પરિપક્વ થતું જાય છે, તેમ તેમ જીવ પૂજ્યની પૂજા અને અપૂજ્યની અપૂજાના વલણવાળો જીવ બનતો જાય છે. નમસ્કારનો આદર તથાભવ્યત્વના પરિપાકને સૂચવે છે અને તેનો અનાદર એ સહજમળની વૃદ્ધિ બતાવે છે. સહજમળની વૃદ્ધિથી જીવ વિષયોના આકર્ષણવાળો રહે, ભવ્યત્વના પરિપાકથી પરમેષ્ઠિઓની ભક્તિવાળો બને છે. પરમેષ્ઠિઓની ભક્તિ વડે જીવની ઉર્ધ્વગતિ થાય છે, તેનું કારણ પરમેષ્ઠિભગવંતો ચેતન પ્રત્યે આદરવાળા અને અચેતનને અસારદૃષ્ટિથી જોનારા હોય છે. ચેતનની શક્તિ અચિન્ત્ય છે, કેમકે એક ચેતનનો અનાદર, અવજ્ઞા, ઈર્ષ્યા, અસૂયા, દ્રોહ કે મત્સર ઈત્યાદિ જીવ અનંતકાળ સંસારમાં ભટકે છે અને એક ચેતનને

મદદ કરનાર થવાથી અનંતભવ કાપી [illegible] નાંખે છે. જેના હૃદયમાં પ્રભુની ભક્તિ સ્થિર થઈ ગયેલી છે, એવા સાધુ પુરુષને અન્ન, જળ, શયન, આસન કે વસ્ત્રનું દાન આપી બહુમાન કરવાથી સર્વાર્થસિદ્ધ અને મુક્તિપદનો અધિકારી થાય છે. શાલિભદ્રના ભવે પૂર્વે મુનિની ભક્તિ કરી તો સર્વાર્થસિદ્ધના અધિકારી થયા. મેઘકુમારના ભવે પૂર્વે એક તિર્યંચની દયા પાળી તો મોક્ષના અધિકારી થયા. જે રીતિએ જીવની દયા અને અજીવનો વિરાગ જીવની ઉન્નતિમાં હેતુ થાય છે, એ જ રીતે નિર્જીવનો રાગ અને જીવની અરુચિ જીવને દુર્ગતિમાં લઈ જાય છે. અનુગ્રહ-નિગ્રહ કરવાનું સામર્થ્ય આ રીતે ચેતનતત્ત્વમાં રહેલું છે, અચેતન તત્ત્વમાં નહિ, એમ સમજી પ્રભુની ભક્તિમાં, પ્રભુની ભક્તિવાળાની ભક્તિમાં, જીવને જોડવાનું કાર્ય કરનાર મંત્રને 'મહામંત્ર' કહ્યો છે. નવકાર એ ધર્મની beginning of begining છે અને સામાયિક એ ધર્મનો end of the end છે.

o ધર્મ એ સમત્વની સાથે જોડે છે અથવા
જે સમત્વની સાથે જીવને જોડે તે ધર્મ છે અને
જે મમત્વની સાથે જીવને જોડે તે કર્મ છે.

## કર્મ-ધર્મના મુખ્ય કારણો

કર્મનું કારણ સહજમલ અને ધર્મનું કારણ તથાભવ્યત્વ છે. એ બંને ગુણો જીવમાં અનાદિકાલીન યોગ્યતાથી રહેલા છે, તેથી એકનો નાશ અને બીજાનો લાભ અર્થાત્ કર્મનો ક્ષય અને ધર્મની પ્રાપ્તિ એમ બંને કાર્ય એક સાથે જેનાથી થાય છે, તે નવકાર ઉપર એકાંત રાગ કેળવવો એ જીવનું પરમ કર્તવ્ય છે. એથી ભવભયથી ત્રાણ, કર્મરોગની ચિકિત્સા અને મોહવિષનો અપહાર થાય છે. સહજમલના પ્રભાવે જ મોહનું વિષ, કર્મનો રોગ અને ભવની પીડા જીવને ભોગવવા પડે છે, તેથી ત્રણેથી ઉગરી જવાની ઇચ્છાવાળાએ સહજમલનો હ્રાસ કરી આપનારા સાધનોનું સેવન કરવું જોઈએ. તે સાધનોમાં સર્વશ્રેષ્ઠ, પ્રધાન અને પ્રથમ કારણ શ્રી નવકાર છે.

નવકારના સેવનથી મોહવિષ ઘટે છે,
ભવની પીડાનો ભય મટે છે અને કર્મરોગ જાય છે.
ભવ્યત્વ સ્વભાવ ધર્મની સાથે સંબંધ કરી આપે છે.
સહજમલ જીવને કર્મની સાથે સંબંધ કરી આપે છે.
ધર્મની સાથે સંબંધ થવાથી સમત્વ વધે છે.
કર્મની સાથે સંબંધ થવાથી મમત્વ છે.

જે સાધનો વડે વિષયો પ્રત્યે વૈરાગ્ય અને જીવો પ્રત્યે અનુરાગ કેળવાય, મમત્વ જાય - સમત્વ આવે, કર્મ ઘટે-ધર્મ વધે અને દુર્ગતિના દરેક રસ્તાઓ હ્રાસ પામે

સદ્ગતિના રસ્તાઓ વૃદ્ધિ પામે,

તે સર્વ સાધનો મુમુક્ષુઓએ આદર કરવા યોગ્ય છે.

## પ્રભુનું ત્રિભુવન પૂજ્યત્વ શું?

દેશને પૂજ્ય માનનાર દેશનેતામાં પૂજ્યત્વ આવે છે. દેશને પૂજ્ય માનનારને આખો દેશ પૂજ્ય માને છે. સંઘને પૂજ્ય માનનાર 'સંઘપતિ' કહેવાય છે અને સંઘ વડે પૂજવા લાયક બને છે. જૈન તીર્થને પૂજ્ય માનનાર 'તીર્થપતિ' બને છે, તીર્થ વડે પૂજવા લાયક બને છે, તેમ વિશ્વના જંતુમાત્રને રક્ષ્ય અને તેમાં રહેલ છુપા સિદ્ધત્વને પૂજ્ય માનનાર છે, માટે તીર્થમાં પણ પૂજ્યત્વ આવે છે. જૈન તીર્થ જયવંત છે. 'સર્વ મંગળોમાં રહેલું માંગલ્ય કે સર્વ કલ્યાણોમાં રહેલું કલ્યાણત્વ જૈન તીર્થમાં કે જૈનશાસનમાં રહેલું છે' એટલે જૈનશાસન કે જૈનતીર્થ સર્વમાં રહેલ ગૂઢ, પ્રચ્છન્ન સિદ્ધત્વ અને ભવ્ય જીવત્વની કદર આંકે છે, તે કારણે જ તીર્થની કીમત થાય અને તે તીર્થ 'ધર્મતીર્થ' બની સર્વ ધર્મોમાં પ્રધાન ધર્મસ્વરૂપ થાય.

પરમેષ્ઠિઓ સર્વને પૂજ્ય છે, તેનું કારણ એ છે કે
પંચપરમેષ્ઠિ ભગવંતો સર્વને પૂજ્ય નજરે જુએ છે.
સૌ જીવને પૂજ્ય રીતે જોનાર સૌ વડે પૂજ્ય બને છે
એ નિયમ સાર્વત્રિક છે.

સર્વને સુખ આપવાની, સર્વનું હિત ચાહવાની
અને
સર્વને સ્વસમાન ગણવાની વૃત્તિ
જે કોઈમાં પણ આવે,
તે સર્વને માન્ય, પૂજ્ય અને આદરપાત્ર બને જ.
એ રીતે જગતને શ્રેષ્ઠ દૃષ્ટિએ જોનાર
જગત વડે શ્રેષ્ઠ નજરે જોવાલાયક થાય જ.
ત્રિભુવન પૂજ્યપણું એ ત્રિભુવનપતિના હૃદયમાં રહેલા
ત્રિભુવન પૂજ્યતાને જણાવનાર છે.
જો તેઓના હૃદયમાં ત્રણ ભુવન પ્રત્યે માન ન હોય,
તો તેઓ ત્રણ ભુવનને માન આપવા લાયક બને જ નહિ.
ત્રણ ભુવન વડે માન પામવા લાયક સ્થિતિને અપાવનાર
તેમના હૃદયમાં રહેલ ત્રણ ભુવન પ્રત્યે, ત્રણ ભુવનના
જીવો અને પ્રાણી - પદાર્થો પ્રત્યે રહેલો પૂજ્યભાવ,
કૃતજ્ઞતાભાવ અને પરોપકારભાવ જ કારણ છે.

જાલોર

ગચ્છના ૩ પ્રકારો :

(a) કાષ્ઠ નાવ (b) લોહ-પાષાણ નાવ (c) વડપત્ર સમાન.

ઉપકાર ૨ પ્રકારે :

(a) કોઈને વસ્તુ વિશેષથી સહાય કરવી તે 'દ્રવ્ય ઉપકાર'.
(b) જ્ઞાનાદિ રત્નત્રયીની પ્રાપ્તિ કરાવવી તે 'ભાવોપકાર'.

બે બેમાં સરસવ અને મેરૂ જેટલું અંતર છે.
એક ક્ષણભંગુર છે, બીજો શાશ્વત છે.

o ભાવની સાધના અસર અચેતનપણો જડ ઉપર પણ પડે. આપણે ત્યાં શુભ ભાવનાઓ સામાયિક અંતર્ગત જ આવી જાય છે. 'સમભાવ' એટલે શુભ ભાવનાઓ. પૂ. હરિભદ્રસૂરિજીએ તે કાળમાં તેની જરૂરીયાત જોવાથી સ્પષ્ટ રીતે અલગ વિધાન કર્યું છે.

o સર્વજ્ઞ જે સારું છે, તે જિનેશ્વરપ્રણીત છે.

परमैश्वर्ययुक्तत्वान्मत आत्मैव चेश्वरः ।
स च कर्तेति निर्दोषः कर्तृवादो व्यवस्थितः ॥२०७॥
- શાસ્ત્રવાર્તા સમુચ્ચય

અર્થ: પરમ ઐશ્વર્યવાળો આત્મા જ ઈશ્વર મનાયો છે. તે કર્તા છે. આ પ્રમાણે નિર્દોષ કર્તાવાદ સિદ્ધ થાય છે.

દીસાહુાળ, મહા વદી ૩/૪, શનિ

○ તીર્થ ઉપગ્રહકારક છે. તત્ત્વ ભવોદધિતારક છે.

તીર્થ એ જીવોનો પરસ્પરોપગ્રહકારક સ્વભાવ છે.

તત્ત્વ એ જીવોનો ઉપયોગ સ્વભાવ છે.

ઉપગ્રહ સ્વભાવ માનવાથી તીર્થરક્ષા છે.

ઉપયોગ સ્વભાવ માનવાથી તત્ત્વરક્ષા છે.

વસ્તુના ૨ ધર્મો: સામાન્ય અને વિશેષ.

સામાન્યને જાણનાર દર્શનોપયોગ છે.

વિશેષને જાણનાર જ્ઞાનોપયોગ છે.

ઉપયોગ લક્ષણ પરદ્રવ્યથી ભેદને જણાવે છે.

ઉપગ્રહ લક્ષણ પરદ્રવ્યનો સંબંધ બતાવે છે.

પ્રત્યેક વસ્તુનો આંતિમ નિશ્ચેતા અને નિર્ણેતા પોતે છે,

તે અપેક્ષાએ પોતે સર્વથી બળવાન છે.

મૃત્યુ પડખે જ બેઠું છે. એ આવે છે ત્યારે આપણે ઊભું કરેલ ચિત્ર ભૂંસી નાંખે છે. એનો આગમન સમય અજ્ઞાત છે.

○ अखण्डमण्डलाकारं व्याप्तं येन चराचरं ।

तत्पदं दर्शितं येन तस्मै श्री गुरवे नमः ॥

नमो गुरुभ्यो गुरुपादुकाभ्यो, नमः परेभ्यः परपादुकाभ्यः ।

आचार्य सिद्धेश्वर परपादुकाभ्यो नमोऽस्तु ते श्रीपतिपादुकाभ्यः ॥

(પરિશિષ્ટ-૧૮)

## ૯ આંકડાની નવાઈ

૯નો આંક મૂળ આંકમાં છેલ્લો છે, તેથી તે પૂર્ણ મનાય છે.
તે આંક સદા-નિત્ય ૯ છે. તેને ગમે તેટલા આંકથી ગુણીએ,
પણ એનો છેલ્લો સરવાળો સદા ૯ આવશે.

દા.ત. ૯ × ૨ = ૧૮ = ૧ + ૮ = ૯.

આ રીતે ૯નો આંક ગુણાકારમાં નિર્ગુણ રહે છે.
એમાં વિકાર-વિચ્છેદ થતો નથી. આ એનું સમત્વ લક્ષણ છે.
વળી ૯માં જાણે કોઈ આંકડો ઉમેરો,
તો ઉમેરેલા રકમના આંકડાને તે જાળવી આપે છે.

દા.ત. ૯ + ૨ = ૧૧ = ૧ + ૧ = ૨.

જાણે કોઈ આંક આમ એકસરખો કે અવિકારી રહેતો નથી,
તેથી ૯નો આંક નિર્લેપતા અને નિર્વિકારતાનું પ્રતીક છે.

## સિદ્ધ અને સાધુની ભક્તિ

નમસ્કારનું પ્રેરક મનુષ્યના અંતઃકરણનો ભક્તિભાવ છે.
ભક્તિના ૨ પ્રકારો: સિદ્ધભક્તિ અને સાધુભક્તિ.
સિદ્ધ અવસ્થા ચૈતન્યના વિકાસની આખરી હદ છે.
સાધુ અવસ્થા તેનું સાધન કરનારી પ્રાથમિક અવસ્થા છે.
કૃતકૃત્યની અપેક્ષાએ અરિહંત અને સિદ્ધ બંને સમાન છે.
વ્યવહારની અપેક્ષાએ સિદ્ધ કરતાં પણ અરિહંત શ્રેષ્ઠ છે.

સિદ્ધોનું ખરું સ્વરૂપ જણાવનાર અરિહંતો જ છે.
એ રીતે વ્યવહાર અપેક્ષાએ અરિહંતોને પ્રથમ ગણ્યા,
પહેલો નમસ્કાર તેમને કરવામાં આવે છે.
અરિહંતો યોગસહિત એટલે કે સયોગી છે.
સિદ્ધો અયોગી એટલે કે યોગરહિત છે.
સાધુપદની અપેક્ષાએ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ૩ સમાન છે.
તદુપરાંત ઉપાધ્યાયના ૨૫ ગુણ અને આચાર્યના ૩૬ ગુણ.
આમ આચાર્યમાં ૧૧ ગુણ વિશેષ હોવાથી,
તેઓ વ્યવહાર અપેક્ષાએ અધિક છે.
આચાર્ય અને ઉપાધ્યાય એ સાધુ છે,
પણ સાધુ બધા આચાર્ય-ઉપાધ્યાય નથી, એ વિશેષતા છે.
નિશ્ચયદૃષ્ટિથી અરિહંત અને સિદ્ધ સમાન તથા
નૈશ્ચયિક સ્વરૂપ આંતરિક શક્તિઓના વિકસ્વરૂપ છે.
વ્યાવહારિક સ્વરૂપ બાહ્યવિભૂતિઓની સાથે સંબંધ રાખે છે,
કેમકે અરિહંતો સશરીરી છે. આમ આચાર્ય, ઉપાધ્યાય,
સાધુ એમ ત્રણેનું સ્વરૂપ નિશ્ચયદૃષ્ટિએ એક છે.
ત્રણેમાં મોક્ષમાર્ગની આરાધનામાં તત્પરતા અને બાહ્ય-
આભ્યંતર નિર્ગ્રન્થતા સમાન પણ વ્યાવહારિક સ્વરૂપમાં ભેદ છે.
આચાર્ય તીર્થંકરતુલ્ય છે. ઉપાધ્યાય આચાર્ય પદને યોગ્ય છે.

સાધુ સિદ્ધિની સાધનામાં સર્વ આચાર્ય - ઉપાધ્યાયની સેવા તથા આગમના આરાધનમાં તત્પર છે.

## ૬ પ્રકારે અર્થલક્ષણ

(૧) લક્ષાર્થ : અક્ષરાર્થ

(૨) સંપ્રદાયાર્થ : ગુરુ પરંપરાગત અર્થ

(૩) તત્ત્વાર્થ : પ્રભુ-મન-મંત્રનું ઐક્ય.

(૪) નિગમાર્થ : દેવ-ગુરુ-આત્માનું ઐક્ય

(૫) મૌલિકાર્થ : ગુરુ-મંત્ર-દેવતાનું ઐક્ય

(૬) રહસ્યાર્થ : આત્મા-મન-પ્રભુનું ઐક્ય.

## સ્થૂલદેહનાં ૩ સ્તરો

(૧) સકલ : અકલથી આરાધ્યમાન તે.

(૨) નિષ્કલ : ઉન્મનાથી દેશ-કાલાતીત તે.

(૩) સકલ-નિષ્કલ : બિન્દુથી સમનાપર્યંત તે.

## સાધકની ૫ અવસ્થાઓ

(૧) જાગ્રત (૨) સ્વપ્ન (૩) સુષુપ્તિ (૪) તુરીય (૫) તુરીયાતીત.

## વિષુવની ૭ ભાવનાઓ

(૧) પ્રભુ વિષુવ (૨) મંત્ર વિષુવ (૩) નાડી વિષુવ
(૪) પ્રશાન્ત વિષુવ (૫) શક્તિ વિષુવ (૬) કાલ વિષુવ
(૭) તત્ત્વ વિષુવ.

## એક સામાયિકનું ફળ

૯૫ અબજ ડોલરનું સોનું અત્યારે વિશ્વની તિજોરીઓમાં મોજુદ છે. એક ઔંસ સોનાની કિંમત - ૩૫ ડોલર છે. દેશ ગણિતમાં એક લાખ ખાંડી સુવર્ણ દુનિયામાં છે, તે એક સામાયિકના ફળને પણ પહોંચી શકતું નહિ.

**એક સામાયિક કરનારને કેટલું ફળ છે?**

**એક લાખ ખાંડી સુવર્ણને ૭ ક્ષેત્રોમાં વાપરવાથી**

**જે પુણ્ય બંધાય તેથી પણ અધિક છે.**

૦ કોઈને 'પાપી' કહેવો એ પણ પાપ છે,

માનવ સ્વભાવનું તે સીધું અપમાન છે.

અન્ય પ્રત્યે દાખવેલો સદ્‌ભાવ આપણો જ સ્વાર્થ છે, કારણકે સદ્‌ભાવ વળતા સદ્‌ભાવને જન્માવે છે.

૦ **મારું આંતર - બાહ્ય જીવન**

**જીવંત અને મૃત એવા અનેકના શ્રમ ઉપર નિર્ભર છે,**

**અને તે માટે મારે મારી જાત ઘસી નાંખવી જોઈએ.**

**જગત લેણદાર છે, આપણે દેણદાર છીએ.**

૦

Each of us has inherent free will
which welcomes or rejects all,
even God not being excepted.

## નિત્ય કર્તવ્ય

(૧) સિદ્ધાસન ૨૦ થી ૪૮ મિનીટ સુધી કરવું.
(૨) ૐકારં બિંદુસંયુક્તં સુમધુર સ્વરે ૨૦ મિનીટ જાપ.
(૩) મનને ૫ મિનીટ વિચારરહિત કરવા પ્રયત્ન કરવો.
(૪) આત્મતત્ત્વનું ચિન્તન કરવું. (૫) ચર્ચાનો ત્યાગ કરવો.
(૬) દરેકમાં એક જ આત્મતત્ત્વ જોવા અભ્યાસ કરવો.
(૭) એક કલાક મૌન રાખવું. (૮) માધ્યસ્થ્યભાવ રાખવો.
(૯) પથ્ય - (I) કમ ખાના (II) ગમ ખાના (III) નમ જાના.

૦ સરવર, તરવર, સંતજન, ચોથા બરસત મેહ (સત)
પરમારથકે કારણે, ચારોં ધરિયા દેહ.

૦ માતા કુંતાએ પ્રભુ પાસે માંગેલું વરદાન:
'પ્રભુ મને સતત દુઃખ આપજો, જેથી દુઃખી પ્રત્યે હમદર્દી અને ભગવાન પ્રત્યે ભક્તિ સદા ટકી રહે.'

૦ देहो देवालयः प्रोक्तः, जीवो देवः सनातनः ।
त्यजेदज्ञान - निर्माल्यं सोऽहं भावेन पूजयेत् ॥१॥

(પરિશિષ્ટ-૧૯)

जेण विणा लोगस्स वि ववहारो सव्वहा न निव्वडइ ।
तस्स भुवणेक्क - गुरुणो णमो अणेगंतवायस्स ॥१॥
- सिद्धसेन दिवाकरसूरि (सम्मति प्रकरण)

(પરિશિષ્ટ-૨૦)

o સર્વ જલરાશિ વિષયક સ્નાનપરિધાન સ્પર્શો વિના
ઉદરના ગુહ્યસ્થાનકો ન ધોઈ શકે.

o દેહ સમ દેવળ નહિ, આત્મ સમ નહિ દેવ,
મન શુદ્ધિ સમ તીર્થ નહિ, જાણી અવશ્યમેવ.

o क्षमा तुल्यं तपो नास्ति, न संतोषात्परं सुखं।
न च तृष्णापरो व्याधिः न च धर्मो दया परः॥

અર્થાત્: ક્ષમા સમાન તપ, સંતોષથી શ્રેષ્ઠ સુખ,
તૃષ્ણાથી અધિક વ્યાધિ અને દયાથી શ્રેષ્ઠ કોઈ ધર્મ નથી.

o यात्रार्थं भोजनं येषां दानार्थं च धनार्जनम्।
धर्मार्थं जीवितं येषां ते नराः स्वर्गगामिनः॥

અર્થાત્: જેનું ભોજન માત્ર શરીર નિર્વાણાર્થે,
ધનપ્રાપ્તિ દાન માટે અને જીવન ધર્મ માટે છે,
તે મનુષ્યો સ્વર્ગે જનારા છે.

o कृत्वा पाप सहस्राणि हत्वा जन्तु शतान्यपि।
इदं तीर्थं समासाद्य तिर्यंचोऽपि दिवंगताः॥

वपुः पवित्री कुरु तीर्थयात्रया,
चित्तं पवित्री कुरु धर्म वांछया।
वित्तं पवित्री कुरु पात्रदानतः
कुलं पवित्री कुरु सच्चरित्रैः॥

(પરિશિષ્ટ-૨૧)

જાલોર, ફા. વ. ૮

ॐ = (મંત્રબીજ) સેતુ.

अर्हं = (મુખ્ય બીજ) પરમાત્મપદ.

નમઃ = પલ્લવ શાંતિ-તુષ્ટિ-પુષ્ટિકારક.

ॐ श्रीं ह्रीं अर्हं नमः । એ સર્વ જ્ઞાન પ્રાપ્તિનો મંત્ર છે.

ॐ ह्रीं श्रीं अर्हं नमः । એ સર્વ કર્મનિર્જરા કરવાનો મંત્ર છે.

ચંદ્ર સમ શ્વેત ધ્યાન સહ ૧૨॥ હજાર મંત્રનો જાપ કરવો.

० वीतरागत्वादि भावेन सर्वसत्त्व विभावकं ।
ज्ञात्वा भगवतां रूपं जिनानामेव पावनं ॥१॥

'વીતરાગત્વાદિ ગુણોથી સર્વસત્ત્વોને પ્રગટ કરવાવાળી
જિનેશ્વર ભગવંતોની જ મૂર્તિ છે'

એમ જાણીને આ જિનમૂર્તિનું યુગલ બનાવ્યું છે.
સેંકડો ભવોથી ઉપાર્જિત કઠિન કર્મરજના નાશ માટે અને
સમ્યગ્દર્શન, નિર્મળજ્ઞાન અને ચારિત્રના લાભ માટે
વિક્રમ સંવત - ૭૪૪માં પ્રતિષ્ઠા થઈ.

० तम्हि सव्वसत्तेसु समता कायव्वत्ति
एतं पइण्णाभारूहति साहू । - आवश्यक चूर्णि

અર્થાત્: 'સર્વ જીવો પ્રત્યે સમતા ધારણ કરવી'
આવી પ્રતિજ્ઞા સાધુ ગ્રહણ કરે છે.

દીન - દુઃખીને મદદ કરવા લંબાયેલો એક હાથ પ્રાર્થના કરવા જોડાયેલા બે હાથ કરતાં વધુ સાર્થક છે.

દરેક ધર્મશાસ્ત્રોમાં એક વાત તો સામાન્ય છે જ:

પ્રત્યેક જીવમાં ઈશ્વર છે,

પ્રત્યેક પ્રત્યે સદ્ભાવ રાખવો તે ઈશ્વરની સેવા કરે છે.

પ્રેમ કરવાનું આપણા હાથમાં રાખો અને

વેર લેવાનું ભગવાન ઉપર છોડો.

સજા આપવાનો અધિકાર તેને જ છે,

જે જેના હૃદયમાં સ્નેહભાવ છે.

o સજ્જન ઐસા કીજીએ, ઢાલ સરીખા હોય;
દુઃખમેં તો આગે રહે, સુખમેં પીછે હોય. (૧)
કબીરા કૂવા એક હૈ, પનિહારી અનેક;
બરતન સબકે ભિન્ન હૈ, નીર એક કા એક. (૨)

o તુલસી કહત પુકાર કે, સુનો સકલ દૈ કાન,
હેમદાન - ગજદાન સે, બડા દાન સન્માન. (૧)
તુલસી ઈસ સંસારમેં, ભાત ભાત કે લોગ;
સબ સે હિલમિલ ચાલીયે, નદી નાવ સંજોગ. (૨)
તુલસી યહ જગ આય કે, કર લીજે દો કામ;
દેને કું ટુકડા ભલા, લેને કું હરિનામ. (3)

## નવકારનું ગીત

હે નવકાર મને તુંહિ જ પ્યારો, તું ઘણો પ્યારો.
કરું રટણ દિન-રાત, રટ્યા કરું હું દિન-રાત.
તારા પ્રભાવે આધિ ન આવે,
મુશ્કેલી - મુસીબત દૂર ટળી જાવે,
જપે છે તારા નામની જે માળા,
સુખ લૂટે દિન-રાત ...(૧)

રોમે રોમે તું વાસ કર મારા,
આધાર મુજને ચરણો છે તારા,
તને છોડી ક્યાં જાવું મારા વ્હાલા?
ઝાલી લે ને મુજ હાથ ...(૨)

મને ખબર છે આવ્યા જે ચરણે,
નહિ પડ્યા તે દુઃખને ઉકરડે,
શ્રદ્ધાની અખંડ જ્યોત લઈ આજે,
આવ્યો છું તારે દ્વાર ...(૩)

તારા શરણાની છે બલિહારી,
પાપીને પણ પાવનકારી,
સુરનર મુનિવર ભાવ ધરીને,
ધરે તારું ધ્યાન ...(૪)

## નવપદજીની ઓળીનું સ્તવન

નવપદ ઓળી તપ આરાધન કરતાં શિવસુખ પાવે રે,
રોગ-શોક-દુર્બુદ્ધિ વિઘટે, અષ્ટસિદ્ધિ ઘર આવે રે.
નવપદ ઓળી...(૧)

દ્રવ્યને લબ્ધિ નવનિધિ પ્રગટે, નવપદ ધ્યાનને ધરતાં રે
બ્રહ્મચર્ય નવવાડે ધારી, નરનારી સુખ વરતાં રે.
નવપદ ઓળી...(૨)

નવપદરૂપી આતમ પોતે ઉપાદાનથી જાણ રે,
નિમિત્તથી પર જાણ ભાવે આરાધંતો જ્ઞાની રે.
નવપદ ઓળી...(૩)

ષટ્ચક્રોમાં નવપદ ધ્યાને આત્મસમાધિ પ્રગટે રે,
એકતા-સ્થિરતા-લીનતા યોગે, ઘાતી કર્મો વિઘટે રે.
નવપદ ઓળી...(૪)

જિનવર મહાવીર દેવે ભાખી નવપદ ગુહ્યગુહ્ય ભાવે રે,
બુદ્ધિસાગર આત્મસ્વરૂપી નવપદ સત્ય સુહાવે રે.
નવપદ ઓળી...(૫)

0

બારે પ્રકારના તપ કરતી વેળાએ ધ્યાન રાખવું કે:
તપ કરીએ સમતા રાખી ઘટમાં.

## અંતર આતમાને...

જુવોને વિચારી અંતર આતમા,
    જે બોલે છે બોલણહાર,
તેને તપાસી એણી રીતે ઓળખો,
    હૃદયમાં તેનો કરો નિરધાર. ...(૧)

જે સ્થળ થકી શબ્દ ઉપજે,
    તે થકી પરિબ્રહ્મ જાણી પાર,
મન કલ્પીને જગ ઊભું કર્યું,
    તેણે કરી વાધ્યો આ વિસ્તાર. ...(૨)

વાણીના કર્યા ચારે વેદ છે,
    વાણી કરી બાંધ્યાં સઘળાં ગ્રન્થ,
અઢાર પુરાણ તે વાણી વદે,
    વાણી પ્રગટ્યા નાના પંથ. ...(3)

મન ને વાણી જ્યાં પહોંચે નહીં,
    તે તો તારું છે નિજરૂપ,
દેવા આતેજ તેહને પ્રીછતાં,
    કેવળ તું તે વસ્તુ અનૂપ. ...(૪)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૬૧)**

સાધ્યને સિદ્ધ કરવામાં ચાર ઉપાયો કહેલા છે, પરંતુ તે ઉપાયો તો નામમાત્રથી જ છે. સિદ્ધિ તો સમતામાં રહેલી છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૬૨)**

અતિ તીક્ષ્ણ પણ બળતો દાવાનલ વૃક્ષના મૂળનું રક્ષણ કરે છે અર્થાત્ મૂળને બાળતો નથી, પરંતુ મૃદુ - ઠંડો પવન મૂળ સહિત વૃક્ષને ઉખેડી નાંખે છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૬૨)**

ધ્યાન, અભ્યાસ, દેવપૂજા, સાધુને દાન વગેરે જે કાર્ય જ્યારે કરવું ઉચિત હોય, તે કાર્ય ત્યારે જ કરવું જોઈએ તે તત્ત્વ છે. ઔચિત્ય વિના કરેલું આ અનુષ્ઠાન છાત્ર અર્થાત્ શિખાઉ માણસે કરેલી રત્નની પરીક્ષા જેવું નિરર્થક છે.

જેવી રીતે ભોજન-વસ્ત્રાદિ બધા સુખવાળો પુરૂષ વિશેષ વૈભવની ઈચ્છા હોવાથી રત્નની પરીક્ષા બરાબર કરે, એવી રીતે સાધુના બધા આચારો પાળવાવાળા અને ધર્મધ્યાન - શુકલધ્યાનને યોગ્ય સૂત્રાર્થ ભણેલા સાધુને પ્રભુએ કહેલા બીજા અનુષ્ઠાનને બાધા ન પહોંચે એ રીતે પહેલાં કહેલું ધ્યાન હોય છે. શ્રાવકોને પણ પ્રભુએ કહેલા બીજા અનુષ્ઠાનોને બાધા ન પહોંચે એ રીતે ઉચિત સમયે નમસ્કાર મહામંત્ર વગેરેનું ધ્યાન કરવું ઉચિત જ છે. - ઉપદેશ પદ, ૮૯૭

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૬૩)**

(વિવિધ જીવોને આશ્રયીને) માનસિક પરિણામના મૃદુ, મધ્યમ, તીવ્ર એમ ૩ ભેદ છે. જે જીવને ધર્મનો ઉપદેશ આપવાનો હોય, તે જીવનો આ ત્રણમાંથી જેવો મન પરિણામ હોય, તે પ્રમાણે જ્ઞાની ભગવંત ઉપદેશ આપે. આ અનુકૂળ પ્રકૃતિરૂપ જે નય કે નીતિ છે, એનાથી ભવ્ય જીવોને ધર્મમાર્ગમાં જોડે.

નીતિના ૪ પ્રકાર છે, તેમાંથી અહીં સામનીતિ કહી છે, કારણકે કાર્યની સિદ્ધિમાં એ જ મુખ્ય છે. - ઉપદેશપદ, ૮૮૮

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૬૭)**
શાસ્ત્રોનો અભ્યાસ, પરમાત્માને નમસ્કાર, હંમેશા આર્ય લોકોનો સંગ, સદાચારી પુરૂષોના ગુણોની વાત કરવી, નિંદા કરવામાં મૌન રહેવું, બધાને પ્રિય-હિતકારી વચન બોલવું, આત્મસ્વરૂપની ભાવના ભાવવી - આ બધું મને જ્યાં સુધી મોક્ષ ન મળે, ત્યાં સુધી ભવોભવ પ્રાપ્ત થાઓ.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૯૭)**
'આ મારા અને આ પારકા' એવી ગણતરી સંકુચિત હૃદયવાળાની હોય છે. ઉદાર મનવાળાને તો આખી પૃથ્વી પોતાનું કુટુમ્બ લાગે છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૨૩)**
પોતાની શક્તિ અનુસાર પરોપકાર સતત કરવો. આ ઉત્તમ પુરૂષોની નીતિ કે આચરણા છે. પરોપકાર એ સ્વોપકારથી અલગ નથી અને તેથી જ પરોપકાર કરવાથી બીજું (સ્વોપકાર) થઈ જ જાય છે. - ઉપદેશ રત્નાકર પીઠિકા, શ્લોક ૧૩, પૃ. ૨

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૨૭)**
સર્વ જીવોને હું ક્ષમા આપું છું. સર્વ જીવો મને ક્ષમા આપો. બધા જીવો સાથે મારે મૈત્રી છે. કોઈની સાથે મારે વૈર નથી.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૨૯)**
તે ખરાબ રસ્તા વડે કયું ઈચ્છિત સ્થાન પમાય? કોઈ નહિં. અર્થાત્ ભોગના કુમાર્ગ વડે પુરૂષ સદ્ગતિમાં સ્થાન મેળવી શકતો નથી.

તેમાં ધ્યાન એટલે ચિન્તા અને ભાવનાપૂર્વકનો સ્થિર અધ્યવસાય. દ્રવ્યથી આર્ત્ત અને રૌદ્ર ધ્યાન છે. ભાવથી જે આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય ધ્યાન છે, તે ધર્મ ધ્યાન છે.

શૂન્ય અર્થાત્ ચિન્તન કરતાં અટકી જવું. દ્રવ્યથી શૂન્ય એટલે ક્ષિપ્ત ચિત્ત આદિ ૧૨ પ્રકારથી શૂન્ય હોવું. ભાવથી વ્યાપારયોગ્ય ચિત્તનું સર્વથા અટકી જવું.

### પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૩૨)
બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય જીવોને 'પ્રાણ' કહ્યા છે. વનસ્પતિના જીવોને 'ભૂત' કહ્યા છે. પંચેન્દ્રિય હોય તેને 'જીવ' કહ્યા છે. બાકીના અર્થાત્ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય સુધીના જીવોને 'સત્ત્વ' કહ્યા છે.

### પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૩૩)
ઘણા કાળે પણ મનુષ્ય ભવ પામવો એ સર્વ જીવો માટે ખરેખર દુર્લભ છે. કર્મનો વિપાક ભયંકર છે. (માટે) હે ગૌતમ! એક સમય પણ પ્રમાદ ન કર.

### પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૪૧)
તેનાથી અભિન્ન હોય તે અભિન્ન જ છે (દા.ત. ઘટથી અભિન્ન તે ઘટસ્વરૂપ જ છે).

### પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૫૨)
બુદ્ધિની સમ્યગ્ નિષ્ઠા તે શમ (સમતા), જીભ અને પ્રજનન ઈન્દ્રિયનો જય તે ધીરજ (ધૃતિ) અને ઈચ્છાનો ત્યાગ તે તપ કહેલો છે.

### પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૭૨)
ત્રણ સંકલ્પોઃ

૧ નમસ્કાર અને વંદન કરવા યોગ્ય સર્વ ઉપકારીઓની વૈયાવચ્ચ ઈચ્છીએ છીએ.
૨ સર્વ પ્રત્યે ઔચિત્યપૂર્વકની મારી ધર્મપ્રવૃત્તિ હો.
૩ સર્વ જીવો સુખી થાઓ.

### પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૮૩)
આ ગુણમયી, ન સમજાય એવી દૈવી માયા મારી છે. મને જે સ્વીકારે છે, તેઓ મારી તે માયાને તરી જાય છે અર્થાત્ પાર પામી જાય છે.

### પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૮૪)
ઘણા જન્મો પછી જ્ઞાની આત્મા મને પામે છે અને (પામ્યા પછી પણ) 'વાસુદેવ (ભગવાન) જ મારૂં સર્વસ્વ છે' એમ માનનારા મહાત્મા બનવું તે ઘણું દુર્લભ છે.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૯૧)**
ગુણના પ્રકર્ષવાળા જે ભગવાન બધા વડે વંદન કરવા યોગ્ય ઇચ્છાય છે, તે કોઈપણ ભગવાન હોય, પણ સ્તવન આદિનું ફળ આપનાર છે.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૨૦૧)**
અખંડ મંડલાકારે વ્યાપ્ત એવું ચરાચર જગત જેના વડે બતાવાયું છે, તે ગુરૂ ભગવંતને મારા નમસ્કાર હો. ગુરૂ ભગવંતને - ગુરૂ પાદુકાને નમસ્કાર હો, પરને - પર પાદુકાને નમસ્કાર હો, આચાર્ય સિદ્ધેશ્વરની પાદુકાને નમસ્કાર હો, તમને અને શ્રીપતિની પાદુકાને નમસ્કાર હો.

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૨૦૬)**
દેહ મંદિર કહેલો છે, જીવ છે તે શાશ્વત એવો દેવ છે. અજ્ઞાનરૂપી નિર્માલ્યને છોડવું જોઈએ અને સોऽહં (તે હું છું) એવા ભાવથી પૂજવો જોઈએ.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૨૦૬)**
જેના વડે લોગસ્સનો વ્યવહાર સર્વથા થતો નથી, તે અનેક અપાયનો અંત કરનાર ભુવનના એક ગુરૂને નમસ્કાર થાઓ.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૨૦૭)**
હજારો પાપ કરીને અને સેંકડો જીવોને હણીને પણ આ તીર્થને પામીને તિર્યંચો પણ દેવલોકે ગયા. તીર્થયાત્રા વડે શરીરને, ધર્મની ઈચ્છાથી ચિત્તને, સુપાત્રદાનથી ધનને અને સચ્ચારિત્રથી કુલને પવિત્ર કર.






ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૦ - ૧૯૭૧ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

ૐ નમો અરિહંતાણં




ૐ અ સિ આ ઉ સા નમઃ।

આ પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર હો.
તેઓ મુજ પરિવાર સહિત રહીને રક્ષા કરો.
એક આત્મા તરીકે હું સ્વયં અરિહંત સમાન છું.
મારામાં રહેલ અરિહંતપણાને નમસ્કાર હો !

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in